ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :
Vol. 073 Issue No. 21 Date : 16-07-2026

# ગ્રામીણ અર્થતંત્ર વિશેષાંક

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૧૬) |
| રેવારજ | ૦૪ | ડૉ. પંકજ જોષીની નજરે વિજ્ઞાન અને અધ્યાત્મ - (૨) |
| રણછોડ શાહ | ૦૬ | ઇન્દિરા-સુરેશનો સેવાયજ્ઞ |
| વસંત ગઢવી | ૦૭ | ગુજરાતના અનોખા લોકનેતા : ઇન્દુલાલ યાજ્ઞિક |
| વિપ્ર ગોયલ | ૦૮ | ગ્રામીણ અર્થતંત્ર પર મદાર : એક અવલોકન |
| દિલીપ શાહ | ૦૯ | ગામડાઓમાં ખેતી સિવાયના રોજગાર પણ એટલા જ જરૂરી |
| ગુજરાત ટુડે | ૧૧ | ખેડૂતો - ખેત મજૂરોની અત્યંત કફોડી હાલત |
| રજની દવે | ૧૨ | સમયની માંગ : 'ગામડાંની વહારે' દોડવાનો દૃઢ સંકલ્પ કરવાનો |
| રાજુ રૂપપુરીઆ | ૧૪ | કલ્પસર સામે સાવધાનીના સૂર |
| રજની દવે | ૧૬ | દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ - ૪ |
| લિખિતંગ | ૧૭ | વાચકોના પત્રોમાંથી |
| પ્રકાશ ન. શાહ | ૧૮ | ગાંધી, લેનિન અને સામ્યવાદનાં ૧૦૦ વર્ષ |
| બબાભાઈ પટેલ | ૧૯ | જે. કૃષ્ણમૂર્તિનું શિક્ષણ |
| રશાંસ | ૨૦ | વાંચનથાળ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સ્ટેપલર |


(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)
યજ્ઞ પ્રકાશન
YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
**Vol.73 Issue No.21 1961 Date : 16-07-2026**
Place of Publication : Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૧૬)

○ વિનોબા ○

### આત્મતત્ત્વ - આત્મબોધ

**ઈશોપનિષદ**

ઈશાવાસ્યોપનિષદના ચોથા અને પાંચમા મંત્રમાં આત્માના સ્વરૂપનું વર્ણન છે. ઈશ્વર અને આત્મતત્ત્વ એક જ છે. એમાં તત્ત્વતઃ કોઈ ભેદ નથી. જ્યોતિ તો એક જ છે, તે અંદર છે અને બહાર પણ છે.

ચોથા મંત્રમાં ઋષિ કહે છે - તે આત્મતત્ત્વ એક જ એક, એકદમ હલનચલન ન કરનારું, પરંતુ મનથી પણ વધુ વેગવાન છે. દેવ પણ એને પકડી શકતા નથી. એણે અલબત્ત દેવોને ક્યારના ય પકડી રાખ્યા છે. એ બીજા જે દોડનારાઓ છે તેને માત્ર ઊભા રહીને જ પાછળ કરી મૂકે છે. પ્રકૃતિમાતાની ગોદમાં જે પ્રાણ ખેલી રહ્યો છે, તે પ્રાણ પણ આત્મતત્ત્વની સત્તા પર જ હલચલ કરતો રહે છે.

અહીં આ શ્લોકમાં આત્મતત્ત્વને अनेजत् एकम् કહ્યું છે. अनेजत् એટલે હલનચલન નથી કરતું, નિષ્કંપ છે. एकम् અર્થાત્ તે એક જ એક છે. ઈશ્વર અનેક હોઈ ન શકે, એક જ છે. ઈશ્વર એકથી વધારે હોય તો આ દુનિયા ચાલી જ ન શકે. તે તો મન કરતાં પણ ઘણું વધુ ગતિશીલ છે - मनसो जवीयः । મનની ગતિ તો ઘણી પ્રસિદ્ધ જ છે. મનનું ઉડ્ડયન ત્રણેય કાળ, દસે દિશાઓ, અંતર્બાહ્ય સૃષ્ટિ, અસૃષ્ટિ અને પ્રતિસૃષ્ટિ - આટલું વિશાળ એનું ઊંડાણ હોય છે. મનની ગતિની કોઈ સીમા જ નથી. પરંતુ આવું અનંત મન પણ જેના એક ખૂણામાં વિલીન થઈ જાય છે, એ તત્ત્વના મહાન વેગનું વર્ણન શબ્દોમાં કઈ રીતે કરી શકાય ?

તેમ છતાં પણ આ જ આત્મતત્ત્વ એકદમ નિષ્કંપ, નિશ્ચલ છે. દેવ તેને પકડી શકતા નથી. देवाः एनत् न आप्नुवन् । અહીં ઇંદ્રિયોને દેવ કહેવામાં આવી છે. આત્માના આધારે જ બધી ઇંદ્રિયો કામ કરે છે. આ ઇંદ્રિયો અંદર રહેલ આત્માને જોઈ શકતી નથી, એ બહાર જ જોયા કરે છે. આંખ-કાન વગેરે જે દેવતાઓ છે તે બધા દેવતાઓની શક્તિ મર્યાદિત છે. આમ તો દેવ ઘણું બધું દોડનારા હોય છે, પણ એ આત્મા સુધી પહોંચી શકતા નથી. દેવ જ્યાં જવા ઇચ્છે તેના પહેલાં તો એ આત્મતત્ત્વ પહોંચી ચૂક્યું હોય છે - पूर्वम् अर्षत् એ આત્મતત્ત્વ તો કેવળ ઊભું રહીને દોડનારા બીજા બધાંને પાછળ કરી દે છે - तत् धावतः अन्यान् अत्येति तिष्ठत् ।

પછી મંત્રમાં આગળ કહે છે तस्मिन् अपः मातरिश्वा दधाति । तस्मिन् सति અર્થાત્ એના એટલે આત્માના આધારથી જ, એની સત્તામાં मातरिश्वा અર્થાત્ પ્રાણ, अपः दधाति હલનચલન કરે છે. એટલે કે કર્મ કરે છે. ઇંદ્રિયો પ્રાણના આધારે કામ કરે છે અને પ્રાણની બધી જ હલચલ આત્માના આધારે ચાલે છે.

આવી રીતે, આ મંત્રના ચાર ચરણોમાં ક્રમશઃ મન, જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો અને પ્રાણની સાથે તુલના કરીને આત્માની શક્તિને બતાવવામાં આવી છે. હકીકતમાં તો ઇંદ્રિયો વગેરેની આત્મા સાથે તુલના થઈ જ ન શકે. અહીં આ તુલનાનું તાત્પર્ય છે. આ જગતમાં બધાં જ પ્રાણીઓની બધી જ હલચલો આત્માના આધારે ચાલે છે. આત્મસત્તાથી અલગ એવી બીજી કોઈ સત્તા નથી. આટલું સમજી લીધા પછી માણસે અહંતા અને મમતાનું નિરસન કરવાનું છે.

ત્યારબાદ પાંચમા મંત્રમાં આત્માની વ્યાપ્તિ બતાવવામાં આવી છે, કહેવાયું છે કે તે હલચલ કરે છે અને તે હલચલ નથી કરતું - तत् एजति तत् न एजति । તે દૂર છે અને તે નજીક છે - तत् अंतर अस्ये सर्वस्य तत् सर्वस्य अस्य बाह्यतः ।

આ મંત્રનું પહેલું ચરણ, ''તે હલચલ કરે છે અને તે હલચલ નથી કરતું.'' શક્તિદર્શક દેખાવા ઉપરાંત તેનો અર્થ સ્થિર અને ચર બંને ત્યાં જ છે. આવી રીતે તે વ્યાપ્તિસૂચક મંત્ર છે. આ વસ્તુ ગીતાના નિમ્નલિખિત શ્લોક જોવાથી વધુ ધ્યાનમાં - સમજમાં આવે છે.

बहिरन्तस्च भूतानां अचरं चरमेष च
सूक्ष्मत्वात् तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत्
(गीता 13:15)

**ગ્રામીણ અર્થતંત્ર વિશેષ સામગ્રી અંક**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

– તે તત્ત્વ ભૂતોની અંદર પણ છે અને બહાર પણ છે. તે અચર પણ છે અને ચર પણ છે. તે દૂર છે અને નજીક પણ છે. આ આટલું બધું વ્યાપક હોવા છતાં કેમ સમજમાં નથી આવતું ? તો કહે છે કે તે સૂક્ષ્મ હોવાને લીધે અવિજ્ઞેય (દુર્જ્ઞેય એટલે કે જેને જાણી શકવું ઘણું મુશ્કેલ) છે.

દૂર અને નજીક – આ બંને શબ્દો દ્વારા આપણો કાળ અને અવકાશ આ બંને તત્ત્વોને સમજી લેવાં જોઈએ. આ બંને તત્ત્વો અપરિમેય (અગણિત, અસંખ્ય) છે. પણ બંને આત્મતત્ત્વની વ્યાપ્તિમાં વિલીન થઈ જાય છે. અંદર જોનાર અને બહારનાં દૃશ્ય – આ બંને રૂપોમાં સર્વત્ર પરમાત્મા જ વિરાજમાન છે. જ્યારે આપણે એવું કહેતા હોઈએ કે ''અંદર-બહાર, નજીક-દૂર, ચર-અચરરૂપે સર્વત્ર પરમાત્મા જ વ્યાપ્ત છે'' 'ત્યારે આ મારું છે, આ પરાયું છે' 'આ અંતરંગ અને આ બહિરંગ' વગેરે ભેદ માટે કોઈ અવકાશ જ રહેતો નથી.

આ આત્મા એટલો વ્યાપક છે કે તેની વ્યાપ્તિનું વર્ણન કરવામાં આવાં એકાંગી વચન કામમાં નથી આવતાં. પણ ઉભય-વચન કહેવાં પડશે. ગીતામાં ભગવાન કહે છે કે – सद् असद् चाहं अर्जुन – ''હે અર્જુન, હું છું પણ ખરો અને નથી પણ.'' બંને પ્રકારથી વર્ણન કરવામાં આવે છે, ત્યારે તે પૂર્ણ વર્ણન થાય છે. તે સર્વગુણ વિશિષ્ટ છે, એટલે એકાંગી વર્ણનથી કામ નહીં ચાલે. એમાં પરસ્પર વિરોધી બંને વસ્તુઓ એકસાથે છે. એક જ ક્ષણમાં તે દૂર પણ છે અને નજીક પણ છે. 'તે' એવું તત્ત્વ છે જે એકીસાથે પ્રકાશ પણ છે અને અંધકાર પણ છે. તે ચાલનારું પણ છે અને ન ચાલનારું પણ છે. દૂર પણ છે અને નજીક પણ છે. પરસ્પર વિરોધી વિશેષણો એમાં સમાયેલાં છે. હકીકતમાં તો આ વસ્તુનું વર્ણન શબ્દોમાં કરી શકાય એમ નથી. બીજી બાજુ એકાંગી વર્ણન પણ ઠીક નથી હોતું એટલે તેને સમજાવવા માટે પરસ્પર વિરોધી વિશેષણોથી વર્ણન કરવામાં આવે છે.

આપણે તો આ બંને મંત્રોને મેળવીને ઈશ્વરની (૧) એકતા, (૨) નિષ્કંપતા, (૩) વેગવત્તા (ગતિશીલતા), (૪) સર્વાધારતા, (૫) સચરાચરમયતા, (૬) દેશકાળ-વ્યાપકતા, (૭) આપણે દૃષ્ટુ – દૃશ્ય – સ્વરૂપતાનું ધ્યાન કરીએ, ગાન ગાઈએ, અનુભવ લઈએ.

**શંકરાચાર્ય**

શંકરાચાર્ય આત્મતત્ત્વ અંગે કહે છે, प्रातः स्मरामि – હું પ્રાતઃકાળે સ્મરણ કરું છું, आत्म-तत्त्वम् – આત્મતત્ત્વનું સ્મરણ કરું છું જે સચ્ચિદાનંદ સ્વરૂપ, પરમહંસનું અંતિમ સાધ્યરૂપ, તુરીય છે – सत्-चित् सुखं परमहंस गतिं तुरीयम् । તે આત્મતત્ત્વ એવું છે જે મન અને વાણીના ચારે પ્રકારોથી પણ સમજવું અઘરું છે – मनसो वचसां અગમ્ય છે, પણ એના અનુગ્રહથી આ ચારેય પ્રકારની વાણી પ્રકાશિત થાય છે – यदनुग्रहेण निखिलाः वाचः विभान्ति । જેનું 'नेति नेति' શબ્દો દ્વારા વેદોએ વર્ણન કર્યું છે – यत् 'नेति नेति' वचनैः निगमा अवोचुः અને જ્ઞાનીજનો જે તત્ત્વને દેવોના દેવ, અજન્મા, અચ્યુત, શ્રેષ્ઠ તત્ત્વ કહે છે – तं देवदेवमजमच्युत माहुरग्रद्रम । તે આત્મતત્ત્વ અંધકારને પેલે પાર, સૂર્યના વર્ણ જેવું અર્થાત્ સૂર્ય જેવું તેજસ્વી છે – तमसः परमर्क-वर्णम्, પૂર્ણ છે, સનાતન છે – पूर्ण सनातनम् છે અને એને પુરુષોત્તમ કહે છે – पुरुषोत्तमाख्यम्. એની નિઃશેષ મૂર્તિમાં આ આખું જગત દોરડામાં સર્પની જેમ ભાસિત થાય છે – यस्मिन् इदं जगदशेषमशेषमूर्ति रज्जवां भुजंगम रव प्रतिभासितम् ।

શંકરાચાર્ય આ ત્રણેય શ્લોકોમાં આત્મતત્ત્વનું વર્ણન કરતા કહે છે કે હું આ આત્મતત્ત્વનું દરરોજ प्रातः स्मरामि, प्रातः भजामि, प्रातः नमामि ।

શંકરાચાર્ય એમના એક અન્ય શ્લોકમાં हरिमीडे એટલે કે હું હરિનું સ્તવન કરું છું એવું કહીને તેઓ આત્માનું હરિના રૂપમાં વર્ણન કરે છે – सत्यं ज्ञानं, शुद्धं अनंतं व्यतिरिक्तं (અનોખું) शांतं गूढं निष्कलं आनंदं अनन्यम् (અદ્વિતીય). આ પ્રકારનું આત્મતત્ત્વ સંસારરૂપી અંધકારનો નાશ કરનાર છે.

## આત્મબોધ

**શંકરાચાર્ય**

વસ્તુતઃ આત્મા એ શુદ્ધ છે. પરંતુ એને પંચકોશાદિ લપેટાયેલા છે. (વેદાન્ત અને ઉપનિષદના મતાનુસાર શરીરને સંઘટિત (Organize) કરનારા પાંચ કોશ (સ્તર) – જેમ કે અન્નમયકોશ, પ્રાણમયકોશ, મનોમયકોશ, વિજ્ઞાનમયકોશ, આનંદમયકોશ.) આ આવરણોને કારણે તે તત્ત્વ એ એ આકારનું, વિકારનું, પ્રકારનું દેખાય છે. જેવી રીતે ડુંગળીના અને કોબીજના દડા પર પાંદડાઓના થર જામેલા હોય છે, એવી રીતે આત્મા ઉપર પણ એની ઘણી પરતો રહેલી હોય છે. એને

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૧૬) |
| રેવારજ | ૪ | ડૉ.પંકજ જોષીની નજરે વિજ્ઞાન અને અધ્યાત્મ (૨) |
| રણછોડ શાહ | ૬ | ઇન્દિરા-સુરેશનો સેવાયજ્ઞ |
| વસંત ગઢવી | ૭ | ગુજરાતના અનોખા લોકનેતા : ઇન્દુલાલ યાજ્ઞિક |
| વિપ્ર ગોયલ | ૮ | ગ્રામીણ અર્થતંત્ર પર મદાર : એક અવલોકન |
| દિલીપ શાહ | ૯ | ગામડાઓમાં ખેતી સિવાયના રોજગાર પણ એટલા જ જરૂરી |
| ગુજરાત ટુડે | ૧૧ | ખેડૂતો – ખેત મજૂરોની અત્યંત કફોડી હાલત |
| રજની દવે | ૧૨ | સમયની માંગ : 'ગામડાંની વહારે' દોડવાનો દૃઢ સંકલ્પ કરવાનો |
| રાજુ રૂપપુરીઆ | ૧૪ | કલ્પસર સામે સાવધાનીના સૂર |
| રજની દવે | ૧૬ | દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ-૪ |
| પ્રકાશ ન. શાહ | ૧૮ | ગાંધી, લેનિન અને સામ્યવાદનાં ૧૦૦ વર્ષ |
| બબાભાઈ પટેલ | ૧૯ | જે. કૃષ્ણમૂર્તિનું શિક્ષણ |
| રશાંસ | ૨૦ | વાંચન થાળ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સ્ટેપલર |





YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બહાર કાઢી લીધા પછી અંદરનો આત્મા સ્પષ્ટ જોવા મળે છે. આપણે જાણીએ છીએ કે પાંચ કોશો છે - અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન (બુદ્ધિ) અને આનંદ. આ બધામાં સૌથી અંદર આનંદ છે. અને એમાં આત્મા રહે છે. પંચકોશને લીધે આત્મા જે-તે કોશના રંગનો થઈ જાય છે, જેવી રીતે, નીલરંગના વસ્ત્રને લીધે સ્ફટિક નીલ રંગનો દેખાય છે, જો વસ્ત્ર લાલ રંગનું હશે તો તે લાલ જણાશે. અસલમાં સ્ફટિક ન તો નીલ રંગનું છે કે ન તો લાલ રંગનું છે. સ્ફટિક તો એકદમ સ્વચ્છ જ છે. પણ એમાં જે-તે રંગનો આભાસ થાય છે. ચોખાના દાણા પર ફોતરું હોય છે, એક ઉપર એક પુટ (આવરણ) હોય છે. એને કાઢી દેવાથી ચોખાનો દાણો સ્વચ્છ દેખાય છે.

ચોખાના દાણાની જેમ આત્માને પણ તેની પર ચઢેલાં અનેક આવરણોને અલગ કરીએ. ચોખાના દાણાને જરૂર પડે ખાંડીને, કૂટીને, છડીને જુદો કરીએ. તેવી રીતે આત્માને એના યથાર્થરૂપે પામવા માટે માણસે ચિંતન, મનન, તર્ક દ્વારા આગળ વધવું જોઈએ. જેમ કે શ્રવણ થઈ ગયું છે. એ ગુરુમુખેથી થયું કે સદ્ગ્રંથ દ્વારા પ્રાપ્ત આત્મસ્વરૂપનું જ્ઞાન તમને સાંભળવા મળ્યું છે. તો જેવી રીતે ચોખાને છડવાથી ચોખાનો દાણો મળે છે, એવી રીતે આપણે આત્માને શરીરરૂપી બહારના આવરણથી અલગ કરી દઈએ.

આત્મસ્વરૂપ ક્યાં અને કેવી રીતે જોવા મળે ? શંકરાચાર્ય કહે છે કે આત્મા સર્વત્ર છે. અહીં છે, ત્યાં છે પણ તે સર્વત્ર ભાસમાન જણાતું નથી, તે તત્ત્વ નાક, આંખ, મનની સમજમાં આવતું નથી. બુદ્ધિને સમજાય છે. આત્માનો પ્રકાશ બુદ્ધિમાં પડે છે, કેમ કે બુદ્ધિ અત્યંત સ્વચ્છ છે. પરંતુ એ એના મૂળરૂપમાં સ્વચ્છ હોવા છતાં પણ, તેની પર આવરણ આવી શકે છે. જો બુદ્ધિ સ્વચ્છ હોય તો એમાં આત્મા પ્રતિબિંબિત થઈ શકે છે. ઘડિયાળનું પ્રતિબિંબ દીવાલ પર નહીં, પણ સ્વચ્છ પાણીમાં અચૂક દેખાય છે. એનું પ્રતિબિંબ બધી જગ્યાએ દેખાતું નથી. એ જ્યાં છે, ત્યાં જ દેખાય છે. પરંતુ આત્માનું એવું નથી. આત્મતત્ત્વ સર્વત્ર છે, પરંતુ એ કેવળ સ્વચ્છ બુદ્ધિથી જ દેખાય છે. બુદ્ધિ મૂળતઃ સત્ત્વગુણી છે, પણ એમાં મિશ્રણ થઈ જાય છે. માટે જ દરેકે પોતાની બુદ્ધિ સ્વચ્છ રાખવી જોઈએ.

આત્માને સારી રીતે ઓળખવા માટે બુદ્ધિમાં સૂક્ષ્મતા રાખવી જોઈએ. આ સૂક્ષ્મતા શ્રવણ-મનન-ધ્યાન ઇત્યાદિ કરવાથી મળે છે અને આ બધું સાતત્યપૂર્વક અને તન્મયતાપૂર્વક થતું રહેવું જોઈએ. અહીં સૂક્ષ્મત્વ શબ્દનો અભિપ્રેત આશય સ્વચ્છતા, અને નિર્મળતાના અર્થમાં લઈએ. બુદ્ધિ સ્વચ્છ હોવી જોઈએ. બુદ્ધિમાં બોધશક્તિ છે, તે ઢંકાયેલી છે. જ્યારે કાચ પર ધૂળ જામેલી હોય તો અંદરનો પ્રકાશ દેખાતો નથી. એવી જ રીતે આ બોધશક્તિ પણ ઢંકાયેલી છે. બુદ્ધિને સ્વચ્છ કરવાથી તે શક્તિ પ્રગટ થશે. અને વસ્તુ ઉપલબ્ધ થશે. આજે તે વસ્તુ ખોવાયેલી છે, એ વસ્તુ તો છે આપણી પોતાની - પરંતુ ગુમ થઈ ગઈ છે. બુદ્ધિને સૂક્ષ્મ કરવાથી તે પ્રાપ્ત થશે. ભાગવત કહે છે - જેમ જેમ તે આત્મા મારી પુણ્યકથા દ્વારા અને તેના શ્રવણ-કીર્તન દ્વારા પરિમાર્જિત થાય છે, તેમ-તેમ તે સૂક્ષ્મ વસ્તુ-બ્રહ્મતત્ત્વને જોવા લાગે છે.

આત્મા સાક્ષી છે, આત્મા એ શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને પ્રકૃતિનો પણ સાક્ષી છે. એ આ બધાથી એકદમ ભિન્ન છે. અને એમની વૃત્તિઓનો સાક્ષી છે. એને કેવી રીતે જાણી શકાય ? જેવી રીતે રાજા પ્રજાથી અલગ હોય છે અને પ્રજાની વૃત્તિનો સાક્ષી હોય છે એને અનુસાર આત્મા રાજા જેવો છે, એ રીતે એને ઓળખવો. આના માટે થોડોક પ્રકાશ જોઈએ. શંકરાચાર્ય કહે છે કે ગણિત શીખવા માટે પુસ્તક જોઈએ, પરંતુ સ્વ-બોધ, આત્મબોધ માટે બીજા કોઈ બોધની જરૂર રહેતી નથી. કેમ કે તે સ્વયં પોતે જ બોધરૂપ છે. તો અન્ય બોધની શી જરૂર પડે ? જેવી રીતે દીપકને જોવા માટે બીજા દીપકની કોઈ જરૂર હોતી નથી. સૂર્યને દેખાડવા માટે ફાનસની જરૂર નથી. એવી રીતે આત્મા પ્રાપ્ત જ છે, પરંતુ આપણને તે અપ્રાપ્ત હોય તેવું લાગે છે. અવિદ્યાને લીધે તેની ઓળખ થતી નથી. અવિદ્યા નાશ થવાથી આપણને તે પ્રાપ્ત છે - તેવું લાગે છે. પહેલાં માયાનો નાશ, પછી આત્મજ્ઞાન. આ પણ એક આભાસ જ છે. જેવી રીતે અજ્ઞાનનો આભાસ થયો, તેવી રીતે આ જ્ઞાનનો આભાસ ! પેન્સિલ માણસે પોતાના એક કાન પર રાખી છે, અને પછી તે એને શોધતો ફરે છે. એવી જ રીતે મનુષ્યને અનવધાનને લીધે આત્મા પ્રાપ્ત હોવા છતાં પણ દેખાતો નથી.

બીજી મહત્ત્વની વાત મનુષ્યની ચિત્તશુદ્ધિ પર અવલંબિત છે. આત્માનું જ્ઞાન મેળવવા માટે એકલી માણસની બુદ્ધિ કામ લાગતી નથી. કેમ કે આપણી બુદ્ધિ અને આત્માની વચમાં મલિનતાનો પડદો પડેલો છે. જ્યાં સુધી આ પડદો દૂર થતો નથી, ત્યાં સુધી આત્માનો સાક્ષાત્કાર થતો નથી. આત્મા અને બુદ્ધિની વચમાં રહેલ પડદાને ચિત્તશુદ્ધિ દ્વારા હટાવી શકાય. આમ, ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરવી તેને જ્ઞાન કહે છે. સ્વરૂપની ઓળખાણ કરવા માટે ચિત્તશુદ્ધિ સિવાય બીજું કોઈ સાધન નથી - ભલે ને આપણે ગમે તેટલો ઉદ્યોગ કેમ ન કરતા હોઈએ ! ફક્ત બૌદ્ધિક પ્રક્રિયાથી, ક્યારેક શ્રવણ-મનનથી જ્ઞાન થઈ પણ જાય છે, પણ તે જ્ઞાન પણ ચિત્તશુદ્ધિ વગર ટકતું નથી.

આ વાત પણ સર્વમાન્ય છે કે આત્મા સ્વયંપ્રકાશ છે. અને તે પ્રકાશ શુદ્ધ બુદ્ધિમાં પ્રતિબિંબિત થાય છે. એટલા માટે બુદ્ધિને શુદ્ધ કરવી, એ જ સાધના છે. એના માટે દરેક પોતપોતાની બુદ્ધિના દોષ, મર્યાદા, ખામીને ઓળખી લઈને તદનુસાર તેના ઉપાયોની યોજના કરવી જોઈએ. બુદ્ધિ એ આત્મદર્શન કરવાનું મહાદ્વાર છે. બુદ્ધિને ખોલતાંની સાથે જ ભીતર રહેલ આત્માને અનુભવી શકાય છે.

શરીર - તમસ, ઇંદ્રિયો - રજસ, બુદ્ધિ - સત્ત્વ, આત્મા - ગુણાતીત. બુદ્ધિમાં સત્ત્વગુણનો ઉત્કર્ષ થાય છે, અને તે પરમેશ્વરની ભક્તિથી અને નિરહંકાર નિવૃત્તિ દ્વારા, જ્યારે તે સત્ત્વગુણ, શુદ્ધ સત્ત્વનું રૂપ લઈ લે છે, ત્યારે આત્મા પોતાનું સંપૂર્ણ સૌંદર્ય એ બુદ્ધિમાં રેડી દે છે.

આત્માનું અસ્તિત્વ સતત સિદ્ધ જ છે, પરંતુ માણસને શરીરાદિ

(જુઓ પાન નં. ૫)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ડૉ. પંકજ જોષીની નજરે વિજ્ઞાન અને અધ્યાત્મ - (૨)



**પુ**સ્તક 'જ્ઞાની અને વિજ્ઞાની' માંની કેટલીક વિગતો આપણે ૧૬-૬-૨૦૨૬ના ભૂમિપુત્રના અંકમાં જોઈ. પુસ્તકના પ્રકરણ ૩૪ અને ૩૫માં સાધના અને શરીર અંગે કેટલોક સંવાદ શાસ્ત્રીજી સાથે પંકજભાઈ કરે છે. સાધના દરમ્યાન શરીરનું સમતુલન જાળવી રાખવાનું છે. શ્રમનો અતિરેક ન થવો જોઈએ.

○ જે કંઈ કરીએ તે અતિ બળપૂર્વક કે હઠથી ન કરવું જેથી શરીરને નુકસાન ન થાય.

○ આપણી સઘળી ક્રિયા અને પ્રવૃત્તિ એવી હોવી જોઈએ કે જેથી શરીર હળવું રહે અને મન હંમેશાં સુખદ અવસ્થામાં રહે.

○ શ્રમ કરતાં કરતાં ચિત્ત પ્રસન્ન રહેવું જોઈએ. પ્રસન્નતા સાથેની સાધના સાધ્ય સુધી પહોંચાડી શકે છે.

○ શરીરને ત્રાસ આપીને કોઈ વાસ્તવિક સાધના થઈ ન શકે.

○ હઠપૂર્વક આપણે કાર્ય કરીએ ત્યારે તેમાં મૂળભૂત રીતે અહંકારનું પ્રાધાન્ય આવી જાય છે.

○ સ્વાભાવિક પ્રવાહમાં અનાયાસે કાર્ય થવા લાગે છે. આ સમયે હઠપૂર્વક કામ કરવામાં જે તણાવ પેદા થાય છે તે રહેતો નથી આ કારણે કાર્ય તો એનું એ જ હોય છે, પણ કાર્ય કરવામાં આપણી શક્તિ ઘણી ઓછી વપરાય છે.

○ ઉપરોક્ત સમજણ સાથે એ પણ સમજવું જોઈએ કે દેહનીઅથવા અંતઃકરણની શક્તિઓની કોઈ મર્યાદા નથી. આપણી સામે રમતવીરોની સિદ્ધિઓ છે. શતાવધાનના પ્રયોગો કરવાવાળા પણ છે.

સતત અભ્યાસમાં લાગ્યા રહેવાથી આવી શક્તિઓ પ્રાપ્ત થાય છે. પણ તેમાં સાવધાનીપૂર્વક, મર્યાદા જાળવવાની છે.

## ■ શાસ્ત્રીબાપાનું કહેવું છે -

'સાધના અને સિદ્ધિઓ' તો અવશ્ય કરવાનાં છે. પુરુષાર્થ પણ અવશ્ય કરવાનો છે. પરંતુ તે હંમેશાં પોતાના શરીર તથા મનની શક્તિઓને ધ્યાનમાં રાખીને સહજ અને સતત કરવાનાં છે. આમ કરતાં ક્રમે ક્રમે શક્તિઓનો વિકાસ થઈને છેવટે સાધના સિદ્ધિમાં પરિણમે છે. આપણા સાંઈ મકરંદ કહેતા 'હરિ સે લાગી રહો મેરે ભાઈ, તેરી બનત બનત બન જાઈ !'

## ■ દેહ અને દેહનું આરોગ્ય

આ વિષયની ચર્ચામાં મહત્ત્વની વાતો નીચે પ્રમાણે હતી -

○ સાધકનો ખોરાક કેટલો હોય - મિતાહાર એટલે શું ?

- અંદર અગ્નિરૂપે ચૈતન્યતત્ત્વ અથવા પરમાત્મા રહેલા છે. તેને આવશ્યકતા પ્રમાણે આહુતિ આપવી, એ ભાવના સાથે આહાર લેવો એ જ મિતાહાર.

○ અધ્યયન, અભ્યાસ, સાધના માટે કેટલું બેસવું ?

- ત્રણેક કલાક એક આસને બેસી શકાય તે આસનસિદ્ધિ. પદ્માસન કે સિદ્ધાસન જેને જે અનુકૂળ લાગે - ફાવે તેમાં બેસવું. શાસ્ત્રીજીની ૮૮ વર્ષની વયે પણ સુંદર સ્વાસ્થ્ય હતું. કોઈ તકલીફ ન હતી.

## ■ એકાંગી ન બનો

માત્ર વેદાંત જ, માત્ર ભક્તિ, માત્ર યોગ વિજ્ઞાનમાં પણ એક જ ક્ષેત્રની વાત કર્યા કરવી યોગ્ય નથી. જગતને સમગ્ર રીતે અને ઊંડાણ-પૂર્વક સમજવું તે જ તો વિજ્ઞાન છે.

અધ્યાત્મને આપણે કોઈક ને કોઈક ચોકઠા અને વિધિવિધાનમાં ગોઠવવા લાગીએ છીએ ત્યારે વિજ્ઞાન અથવા જીવન અધ્યાત્મથી અલગ થઈ જાય છે. જીવનની સમગ્રતા સાચા અધ્યાત્મ કે સાચા વિજ્ઞાન સુધી પહોંચાડી શકે છે.

## ■ શરીરનું આરોગ્ય અને અંતઃકરણનો સંબંધ

આ અંગે શાસ્ત્રીજીએ ભાર દઈને કહ્યું - અંતઃકરણ અશુદ્ધ હોય તો અનેક ઉપાયો છતાં પણ શરીર સ્વસ્થ ન રહે. અંતઃકરણ શુદ્ધ અને સ્થિર હોય તેમ શારીરિક આરોગ્ય પણ અનાયાસે આવે જ. વેદાંત પણ તેમ કહે છે અને આયુર્વેદ પણ એમ જ કહે છે.

પંકજભાઈ લખે છે - આધુનિક વિજ્ઞાનમાં છેલ્લા બે-ત્રણ દાયકાઓમાં આ અંગે સંશોધન થતાં રહ્યાં છે. જીવવિજ્ઞાનીઓ, ડૉક્ટરો, મનોચિકિત્સકો અને અન્ય પણ આજે આ વિશે વિચારી રહ્યા છે. આ કારણે આરોગ્ય તથા અંતઃકરણનો સંબંધ વિશેષ અને વિશેષ આજે સ્પષ્ટ થતો જાય છે.

## ■ ચલ-અચલનું વિજ્ઞાન

બ્રહ્માંડને સમગ્રતામાં અનુભવવું હોય તો તે માટે આપણાં મન બુદ્ધિ તથા અંતઃકરણને શુદ્ધ, સૂક્ષ્મ તથા સ્થિર કરવાં પડે. પછી જગતમાં ચલ અથવા તો જે કાયમી નથી તેવા પદાર્થોની ઓળખ થાય. તેમજ દેખાતા વિશ્વ ઉપરાંત તેનાથી વિશેષ કોઈ કાયમી અચલ તત્ત્વ છે કે કેમ એના વિશે આપણી સમજ વિકસતી જાય છે. તે પછી સુખ-દુઃખ બંનેથી પર થવાનો પ્રારંભ થાય છે.

મૂળ વાત એ છે કે ઇંદ્રિયોથી અનુભવાતું જગત તો છે જ, તેનાથી વિશેષ ઇન્દ્રિયોથી પર છે એવું જગત અથવા તો વિશ્વ પણ અસ્તિત્વ ધરાવે છે. જેવું અને જેટલું જગત આપણને દેખાય છે કે અનુભવાય છે, કેવળ તેવું અને તેટલું જ જગત છે તેવું નથી એ તો વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલું સત્ય છે.

એક વાર જો વિશ્વને જગતને આપણી આજુબાજુના બ્રહ્માંડને થોડું પણ સમજવાની, તેના વિશે વિચારવાની ટેવ પાડીએ તો સહજ રીતે જ તેમાંથી એક નવા આનંદનો જન્મ થાય છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

■ **ગોંડલના નાથાભાઈ સાથે સત્સંગ**

સાદો સફેદ લેંઘો, સફેદ ખમીસ સાથે પથારીમાં બેસીને સહજ અને સરળ રીતે નાથાભાઈ વાતચીત કરતા હતા. અચાનક વિશ્વની, બ્રહ્માંડની તથા સૃષ્ટિની અને જગતના મૂળ તત્ત્વની વાત આવી જાય. બે ચાર વાક્યોમાં જીવનનું તત્ત્વજ્ઞાન પ્રગટ થઈ જાય. પોતાની જાતને રજકણથી પણ નાની માને, પબ્લિસિટીથી દૂર જ રહે.

તેમની આંખોમાં તેજસ્વિતા અને તીવ્રતા દેખાય. તેમની વાતોમાં-સંવાદમાં વિજ્ઞાન સાથે મનુષ આવે, સમાજની વાત પણ આવે. તેમની વાણીની અસ્ખલિત ધારા વહેતી હોય. આંખો ખુલ્લી હોય અને બહારના કોઈ પણ પદાર્થ કે વસ્તુ કે વ્યક્તિને તેઓ જોતા ન હોય. તેઓ જાણે અનંતમાં જોઈ રહ્યા હોય.

નાથાભાઈ અવારનવાર કહેતા કે જીવન ઘણું ટૂંકું છે. અને સમય ઓછો છે. કરવાનું કામ કરી લેવું. નિરર્થકને છોડીને સાર્થકમાં સ્થિરતા કરવી તેમાં જ જીવનની સિદ્ધિ સમાયેલી છે.

■ **મકરંદભાઈ સાથેનો સત્સંગ**

તેમની સાથેનાં શરૂઆતનાં વર્ષોમાં પંકજભાઈ પૂછતા - વિજ્ઞાનનું મહત્ત્વ વિશેષ કે અધ્યાત્મનું ? મકરંદભાઈ સમજાવતા - વિજ્ઞાન કહો કે અધ્યાત્મ, સાહિત્ય ગણો કે કલા, છેવટે તો જીવન જ મહત્ત્વનું છે. આ સઘળાં તો કેવળ સમગ્ર જીવનનાં જ વિવિધ પાસાંઓ છે.

પંકજભાઈ મકરંદભાઈને પૂછે છે -

મારો મોટા ભાગનો સમય તો વિજ્ઞાનના અને બ્રહ્માંડના મહા-પ્રશ્નોના ગહન અધ્યયન અને સંશોધનમાં જાય છે તો તેને અધ્યાત્મ સાથે શું સંબંધ ? વિજ્ઞાનની દિશામાં ઉત્તમ કામ કરીએ પણ જીવનમાં કંઈ મહત્ત્વનું કામ રહી જાય તેમ ન બને ?

મકરંદભાઈ કહે છે - ઈશ્વર પણ મોટો વિજ્ઞાની જ છે !

પંકજભાઈ જ્યારે જ્યારે મકરંદભાઈને મળે ત્યારે બ્રહ્માંડ વિશેના નવા સંશોધન વિષેની જાણકારી મેળવે તેમજ ભારતીય પરંપરાના મહાવિદ્વાનો વાસુદેવ શરણ અગ્રવાલ, મહામહોપાધ્યાય શ્રી ગોપીનાથ કવિરાજ જેવાની વાતો કરે.

મકરંદભાઈ માટે વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચે કોઈ ભેદ ન હતો. બંને વિશ્વના પરમ સત્યની અને પરમ તત્ત્વની પોતપોતાની રીતે કરેલું ખોજ કાર્ય છે. હકીકતમાં બ્રહ્માંડના એક નવા પરિમાણને નવી રીતે અને પોતાની રીતે ઉદ્‌ઘાટિત કરવા તેઓ હંમેશાં આનંદિત, ઉત્સાહિત અને તત્પર રહેતા હોય છે.

સામાન્ય રીતે ઈશ્વર એટલે ભગવાન કે કોઈ દેવી દેવતા એવું કંઈ વિચારતા હોઈએ છીએ. પણ આ શબ્દને જરા વિશેષ સમજીએ તો, ઈશ મૂળ ધાતુ પરથી ઈશ્વર શબ્દ બન્યો છે. 'ઈશ'નો અર્થ પરમ સત્તા, જે સર્વ ઘટનાઓને સંચાલિત કરે છે, જે સૌથી પાયાની અને સર્વોપરી શક્તિ છે, જેના દ્વારા અન્ય સર્વ શક્તિ કે બળો અભિવ્યકત અને કાર્યાન્વિત થાય છે.

- રેવારજ

**આત્માને જાણીએ...** (પાન ૩નું ચાલુ)

પર આસક્તિ થઈ જવાને લીધે તે સ્વયં તેની વિસ્મૃતિમાં રહે છે. આપણે પોતે સ્વયં છીએ, આ વિષયમાં જો કોઈને શંકા હોય તો શંકરાચાર્ય એમને કહે છે કે, આત્માનો ઇન્કાર કરનારા તમે જે કોઈ છો, તે તમે જ આત્મા છો. તમે એનો સ્વીકાર કરશો, તો તમારા અપનાવવાથી તે સિદ્ધ થશે. અને તેનો ઇન્કાર કરશો તો તમારા ઇન્કાર કરવામાં પણ તે સિદ્ધ થશે. 'હું જાગ્યો છું' કહેનારાની જાગૃતિ જેટલી સહજસિદ્ધ છે, એટલું જ 'મને ઊંઘ આવી ગઈ છે' કહેનારાની પણ એટલી જ સિદ્ધ છે. માણસ ક્યારેય એવું નથી કહેતો કે હું ખોવાઈ ગયો છું. રસ્તો ભૂલી ગયો છું, રસ્તો ખોવાઈ ગયો છે, કહે છે, 'હું' તો પોતાના સ્થાન પર જ છે.

હવે આ વસ્તુને બધાં પ્રમાણથી સિદ્ધ કરવાની છે. શંકરાચાર્ય કહે છે, જે સ્વયંભૂ છે, એ આંતરબોધને બાહ્ય પ્રમાણોથી જાણવા માંગે છે. આ દુનિયામાં જે પદાર્થ છે, તેની પરીક્ષા પ્રત્યક્ષ, અનુમાન વગેરે પ્રમાણોથી કરવામાં આવે છે. બાહ્યસૃષ્ટિને સમજવા માટે તેનો ઉપયોગ થાય છે. જેવી રીતે પ્રયોગ કરનાર પ્રયોગશાળામાં અસંખ્ય પ્રયોગો કરે છે. પરંતુ પોતાની જાત પર તે પોતે ક્યારેય પ્રયોગ કરતો નથી. કેમ કે તે સ્વયંસિદ્ધ છે જ. તે પોતાના અસ્તિત્વને જાણે છે. જે લોકો તર્કશૈલીથી, વિજ્ઞાનશૈલીથી, પૃથક્કરણાત્મક પદ્ધતિથી આત્મતત્ત્વને જાણવા ઇચ્છે છે, એ બધાં લોકોને શંકરાચાર્ય મહાત્મા અર્થાત્ બુદ્ધિમાન એટલે કે બેવકૂફ - મૂર્ખ કહે છે. તેઓ લાકડાથી અગ્નિ પ્રગટાવવા ઇચ્છે છે. વાસ્તવમાં તો અગ્નિ જ લાકડાને બાળે છે.

(ક્રમશઃ) (સંકલિત)

## 'ભૂમિપુત્ર' વાચક મિલન ભરૂચમાં

સર્વોદય વિચાર સાથે સંકળાયેલા તેમજ 'ભૂમિપુત્ર'ના વાચકોનું એક મિલન 'ભૂમિપુત્ર અમૃત મહોત્સવ' નિમિત્તે ભરૂચ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા નીચે જણાવેલ તારીખ અને સ્થળે રાખવામાં આવ્યું છે. રસ ધરાવતા સૌ કોઈ તેમાં હાજરી આપી શકે છે.

તારીખ : રવિવાર, ૧૯-૦૭-૨૦૨૬

સમય : બપોરે ૩-૦૦ થી ૫-૦૦

સ્થળ : મોહન મીઠાઈ હોલ,
રૂંગટા આંખની હોસ્પિટલની બાજુમાં,
સિંધવાઈ માતાના મંદિર પાસે, ભરૂચ

**વધુ માહિતી માટે સંપર્ક કરો**

૦ યોગેશ જોષી : ૯૪૨૬૧ ૪૨૧૫૧

૦ જગદીશ દેસાઈ : ૯૪૨૬૪ ૧૯૦૭૭



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઈન્દિરા-સુરેશનો સેવાયજ્ઞ

(સેવાનાં અનેક ક્ષેત્રો છે. કેટલાંક ક્ષેત્ર પ્રમાણમાં સ્વસ્થ-સલામત ગણાય છે. પણ કુષ્ઠરોગ યાને રક્તપિત્ત રોગ ધરાવનારાની સેવાનું ક્ષેત્ર વીરલા જ અપનાવી શકે છે. એવાં વીરલ દંપતીની કથા એમના આત્મીય મિત્રની કલમે....)

**સા**માન્ય રીતે શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીને ચારિત્ર્ય-ઘડતર કે કારકીર્દિના ઘડતર માટે તૈયાર કરતી હોય છે. સમાજની પણ લગભગ એવી જ અપેક્ષા હોય છે. બહુ જ થોડીક વ્યક્તિઓના ગળે એ વાત ઊતરે છે કે શૈક્ષણિક સંસ્થામાં થતું પ્રત્યાયન જીવંત વ્યક્તિઓ વચ્ચે હોય છે. જેમાં ચારિત્ર્યઘડતર પણ શિક્ષણનો ભાગ છે. વિદ્યાર્થી અને શિક્ષકનો નાતો અલગ પ્રકારનો હોય છે, તેવી સમજ મોટાભાગે મોટી ઉંમરે આવે છે. પરંતુ કેટલીક વ્યક્તિઓના જીવનમાં અનન્ય શિક્ષકો અનોખાં બીજારોપણ કરતા હોય છે. સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટના સ્થાપક મેનેજિંગ ટ્રસ્ટી સુરેશ સોનીના વિદ્યાર્થીકાળમાં એક અનેરી ઘટના બની હતી.

વડોદરાની એચ.વી.શ્રોફ મેમોરિયલ સ્કૂલમાં અભ્યાસ કરતા સુરેશ સોનીના વિદ્યાર્થીકાળ દરમ્યાન શિક્ષક શ્રી બી.એસ. જોષી સાહેબ પ્રવેશ્યા. સાહેબે શાળાના વિષયો શીખવતાં શીખવતાં સેવાના પાઠ જાણે-અજાણે સુરેશના મન અને હૃદયમાં ઊંડાણ સુધી રોપી દીધા. આ રોપેલ બીજ આજે અંકુરિત થયાં અને સુરેશને ભારત સરકારે પદ્મશ્રીથી નવાજ્યા. આજે પણ પ્રત્યેક પળે સુરેશ, શ્રી બી.એસ. જોષી સાહેબને યાદ કરે છે. એવોર્ડ મળ્યા બાદ એક વાર તો મને તેમણે ફોન કરીને સાહેબનો ફોટો મળે તો તેમનું સ્ટેચ્યુ મૂકવાની પણ વાત કરી હતી. જોષીસાહેબ અમર થઈ ગયા અને તે રીતે શિક્ષકત્વએ પણ અમરત્વ પ્રાપ્ત કર્યું. આ તકે એ વાત નોંધતાં આનંદ થાય છે કે ઍમિટી સ્કૂલ, ભરૂચના પ્રથમ મકાનનું ખાતમુહૂર્ત આ સેવાભાવી દંપતીના વરદહસ્તે ૧૧મી જૂને ૧૯૮૬ના રોજ થયેલું.

ભાઈ સુરેશ ૧૯૬૧ની સાલમાં વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઓફ સાયન્સમાં મારી સાથે અભ્યાસ કરતા હતા. કૉલેજમાં યુવાનો અને યુવતીઓ આકર્ષક વસ્ત્રો પરિધાન કરીને આવે, પરંતુ સુરેશ તો ત્યારે પણ લેંઘો અને ખમીસ પહેરતો. સ્વભાવે અત્યંત શાંત પણ રમૂજી. વાતવાતમાં વાતાવરણને હળવું બનાવવાની તેનામાં ગજબની શક્તિ. કૉલેજનાં



વર્ષો દરમ્યાન તેના આ અભિગમનો અનેક વાર અનુભવ થયેલો. પરંતુ તે તેને આટલી ઊંચાઈ સુધી પહોંચવામાં પણ મદદ કરશે તેવી કલ્પના નહોતી ! અત્યંત તેજસ્વી કારકિર્દી પૂર્ણ કરી (એમ.એસસી., ગણિતશાસ્ત્ર, ફર્સ્ટ કલાસ વીથ ડિસ્ટિંક્શન) વ્યવસાયની શરૂઆત પણ અધ્યાપક બનીને અને તે પણ માતૃસંસ્થાથી જ કરી.

મૈત્રીના નાતે અવારનવાર અમે મળતા. બંનેનું મળવાનું સહજ બનતું. લગ્ન બાદ પણ તે સિલસિલો ચાલુ રહ્યો. તેની પત્ની ઇન્દિરાબહેન અને મારાં પત્ની સંગીતા વચ્ચે પણ મૈત્રીનો તંતુ પાંગર્યો અને વિકસ્યો. તેથી વ્યાવસાયિક અને સામાજિક રીતે પણ નજીક આવવાની તક મળી. તે સમયના વડોદરાના યુવાનો ઉપર વડોદરાના જ સ્વ. ર. વ. દેસાઈની સમાજસેવાની અને દેશને સમર્પિત થવાની નવલકથાઓનો ઊંડો પ્રભાવ હતો. જે સુરેશ અને મારા ઉપર પણ ખરો. તેથી મળીએ ત્યારે વાતચીતના વિષયો શોધવા નહોતા પડતા. વૈચારિક પ્રક્રિયા પણ સરખી હોવાથી લાંબા સમય સુધી વાતનો દોર ચાલે. એકબીજાને મળવાનું આકર્ષણ પણ આ કારણે વધારે રહેતું.

વ્યાવસાયિક કાર્ય કરતાં-કરતાં પણ તેની સેવાકીય પ્રવૃત્તિ ચાલુ હતી. વડોદરાની આસપાસની ઝૂંપડપટ્ટીમાં જઈ તે ગરીબોને મદદ કરતો હતો. તેના અને સમાજના સદ્ભાગ્યે તેનાં અર્ધાંગિની ઇન્દિરાબહેન પણ તેના રંગે રંગાઈ ગયાં. બંને જણ રક્તપિત્તનાં દર્દીઓ અને અન્ય વંચિતોને મદદ કરવામાં અત્યંત આનંદની તૃપ્તિ અનુભવતાં હતાં. વધારે સાચી વાત તો એ છે કે તેઓ સેવાની તક શોધતાં અને ઊભી પણ કરતાં હતાં. જીવનના એક તબક્કે પ્રાધ્યાપકની નોકરી છોડી દઈ સંપૂર્ણપણે જીવન દીનદુખિયાની સેવા અને ખાસ કરીને રક્તપિત્તના દર્દીઓને સમર્પિત કરવાનું સજોડે નક્કી કરી દીધું.

વડોદરામાં સીંધરોટ પાસે રક્તપિત્તની કોલોની વસી હતી. તેના પ્રારંભિક તબક્કે આ સોની દંપતી ત્યાં જોડાયું. તેઓ કોલોનીના રહેવાસીઓ સાથે સંપૂર્ણપણે ઓતપ્રોત થઈ ગયાં. સૌનાં દિલ જીતી લીધાં અને આજીવન ત્યાં જ રહેવાનું નક્કી કર્યું. આ દરમ્યાન એક અંતેવાસીએ તેનું રોજિંદું મહેનતાણું ન વધારતાં સુરેશ ઉપર ધારિયાથી હુમલો કર્યો. સુરેશ લોહીલુહાણ થઈ ગયો. બેભાન થતાં તેને વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કર્યો. હું અને મારાં પત્ની તેની ખબર જોવા માટે ગયાં. ત્યારનો તેનો હસતો ચહેરો મારા મન અને હૃદયમાં સદાય અંકિત થઈ ગયેલો છે અને રહેશે. તેનું નિર્દોષ હાસ્ય, નિખાલસતા, હુમલાખોરને માફ કરવાની તૈયારી અને મોં ઉપરની અનેરી શાંતિ કોઈ દેવદૂતથી સહેજ પણ ઓછી નહોતી તેમ ચોક્કસ જ કહી શકું. ભાઈ સુરેશ, તને સાદર વંદન.

શ્રમમંદિર, વડોદરા સાથે વૈચારિક મતભેદ થતાં ત્યાંથી અલગ થયા. તેઓ ભરૂચ જિલ્લામાં સ્થાયી થાય તેવી અમારી લાગણી હતી. તેથી અમે જમીન સંપાદન માટે પ્રયત્ન કરતા હતા. તે સમયના ભરૂચ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મણિભાઈ વસાવાએ ઝણોર પાસે જમીન આપવા તૈયારી પણ બતાવી હતી. નર્મદાનો કિનારો હોવાથી સુરેશને પણ જગ્યા

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગુજરાતના અનોખા લોકનેતા : ઈન્દુલાલ યાજ્ઞિક



''હું તો ઝૂંપડાનો માનવી છું. પગથી પર જીવતો આદમી છું. ત્રીજા વર્ગની જનતાનો માણસ છું. ગરીબો તથા કિસાનોની વચ્ચે બેસવું તેમજ તેમની વિચારધારાને ઝીલવી એ મારું કાર્ય છે.'' આ વચનોની પારદર્શિતાને ગુજરાતે ખોબે અને ધોબે વધાવી છે. આવી નિખાલસ વાત કરનાર ફકીરને પણ અમદાવાદ શહેરે પોતાના પ્રતિનિધિ તરીકે લોકસભામાં મોકલ્યા છે. ઇન્દુચાચાની આ વાતમાં સર્વાંગ સત્યનો રણકો સંભળાય છે. રત્નગર્ભા વસુંધરાના ખોળે તેઓને પણ ગાંધીજી તથા સરદાર પટેલની જેમ અસાધારણ લોકાદર મળેલો છે. મહાગુજરાત આંદોલનના તેઓ મોભી હતા.

મહાગુજરાત ચળવળના સેનાપતિ શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક પોતાના વંટોળિયા જેવા ગતિશીલ સ્વભાવનું વર્ણન કરતા લખે છે : ''મારા વિશે કેટલાંકને થાય છે કે જો હું સરખી રીતે ચાલ્યો હોત તો ઊંચો હોત. હનુમાનની માફક હુપાહુપ કરું છું તેથી કંઈ મેળવી શકતો નથી પરંતુ હું કાર્ય રાજકીય દૃષ્ટિથી નહિ પરંતુ માનવતાની દૃષ્ટિથી કરું છું... મારો ધર્મ બજાવવામાં અંતરાયરૂપ લાગતાં મેં સંસ્થાઓ અને હોદ્દાનો ત્યાગ કર્યો છે. હું મૂર્તિપૂજક નથી... પરંતુ છાતી ઠોકીને કહી શકું છું કે કદી રાજારજવાડા, જમીનદાર કે શેઠ શાહુકારની ગોદ કે ઓથ લીધી નથી.'' ખુમારીએ જાણે દેહ ધારણ કર્યો હોય તેવું ઇન્દુચાચાનું વ્યક્તિત્વ હતું. સદાકાળ પથિક જેવા ઇન્દુલાલ પાસે થાક અથવા નિરાશા ફરકી પણ શકતાં ન હતાં. કોઈ પણ સંસ્થાની વ્યવસ્થાઓમાં તેઓ બંધાઈ રહે તેવા ન હતા. આથી જ વણથાક્યા પથિકે કૉંગ્રેસ છોડી ત્યારે સરદાર વલ્લભભાઈએ પૂછ્યું કે હવે શું કરશો ? તેનો જવાબ વાળતાં આ એકલવીર કહે છે : ''હવે એકલા હાથે સેવા કરીશ.'' ગમે તેવા તોફાની સમુદ્રમાં પણ પોતાની નાવ શ્રદ્ધા તથા નિષ્ઠાના બળે ઝુકાવનાર ઇન્દુચાચાની જીવનગાથા યુવાનોના ખમીરને પ્રગટાવે તેવી શક્તિશાળી તથા જ્વલંત છે. ઇન્દુચાચાની તથા તેમના જીવનકાર્યની વાતો રોમાંચક છે. આવા ઝૂઝારુ વ્યક્તિત્વને ગુજરાતના યુવાનોએ વિશેષ ઓળખવા જેવું છે.

ઇન્દુચાચાનું વ્યક્તિત્વ બહુઆયામી હતું. નાટકો-ફિલ્મોના ક્ષેત્રમાં તેમની કામગીરીની પણ એક અલગ કથા લખી શકાય તેવી ભાતીગળ છે. તેમનું ભાષા પરનું પ્રભુત્વ સાક્ષરોને પણ પ્રભાવિત કરે તેવું હતું. સાક્ષરોના કેન્દ્ર સમાન નડિયાદના તેઓ ખરા પ્રતિનિધિ હતા. પોતાની આત્મકથા લખીને તેમણે આપણા પર ઋણ ચડાવેલું છે. અરુણાબહેન મહેતા મેમોરિયલ ટ્રસ્ટ તેમજ શ્રી સનત મહેતાને કારણે તેનું સુંદર તથા આકર્ષક રીતે પુન:પ્રકાશન થઈ શક્યું છે. સનતભાઈ લખે છે તેમ સત્તાએ કદી ઇન્દુચાચાને લોભાવ્યા નથી. તેમના જીવનમાં ગાંધીજીના ગુણોની અસર સ્પષ્ટ જોઈ શકાતી હતી. મહાગુજરાત આંદોલનના મજબૂત માધ્યમથી કરોડો ગુજરાતીઓનાં દિલ પર આ ફકીરે શાસન કરેલું છે. મહાગુજરાતની માગણીમાં ગુજરાતીઓનો જે મિજાજ હતો તે દિલ્હીમાં બેઠેલા આપણા જ નેતાઓ સમજી શક્યા ન હતા. દેશ સ્વાધીન થયા બાદ બીજા એક મહાઆંદોલનને દિશા તથા નેતૃત્વ પૂરું પાડીને તેઓએ ઇતિહાસમાં પોતાનું અનોખું સ્થાન તથા આદર મેળવ્યાં છે. મહાગુજરાત ચળવળની વિજયની ક્ષણે જ આ મહામાનવે જાહેર કર્યું કે મહાગુજરાત જનતા પરિષદનું કાર્ય પૂરું થયું છે. આપણું ધ્યેય સત્તાપ્રાપ્તિનું નહીં પરંતુ મહાગુજરાતના નિર્માણનું હતું ! સત્તાની દેવીને કુમકુમ તિલક કરતાં રોકીને ઇન્દુચાચાએ એક અદ્વિતીય ઇતિહાસનું સર્જન કર્યું. આવો નિર્ણય આ 'ફકીર બાદશાહ' જ કરી શકે. પોતાની જીવનકથાના નાયક પોતે નથી પરંતુ ગુજરાતની પ્રજા છે તેમ કહીને આ મહામાનવે જનતા જનાર્દન સાથેના પોતાના જોડાણને ઝળહળતું કરેલું છે. જ્યાં જ્યાં આમ જનતાનું શોષણ તેમણે જોયું ત્યાં ત્યાં સંઘર્ષના સૂર તેમણે અચૂક છેડ્યા છે. ખરા અર્થમાં જનનાયક કેવા હોય તેની પ્રતીતિ કરવી હોય તો ઇન્દુચાચાના જીવનમાં ડોકિયું કરવું જોઈએ.

કવિ ઉમાશંકરે જેમને અમીર શહેરના ફકીર બાદશાહ તરીકે ઓળખાવેલા તેવા ઇન્દુચાચા ખરા અર્થમાં યાજ્ઞિક હતા. ઇન્દુચાચાના વંટોળિયા જેવા વ્યક્તિત્વથી ગુજરાત અંજાયેલું હતું તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. આપણો દેશ પરાધીન હતો તે કાળથી આકાશગંગામાં ઇન્દુચાચાનું વ્યક્તિત્વ તેમજ તેમનું યોગદાન તેજસ્વી સિતારાની જેમ ઝળહળે છે. ભવિષ્યમાં પણ ઝળહળતું રહેશે. સાક્ષરોની પુણ્યભૂમિ નડિયાદમાં ઈ.સ. ૧૮૯૨ના ફેબ્રુઆરી માસની ૨૨ તારીખે તેમનો જન્મ થયો હતો. ઇન્દુલાલ યાજ્ઞિકના ઘડતરમાં તેમનાં માતા તથા કાકાનું મહત્ત્વનું યોગદાન હતું. નાનપણમાં જ પિતાની છત્રછાયા તેમણે ગુમાવી હતી. આ વિરાટ ગુજરાતીની વીરગાથા એક થ્રિલર સમાન છે. કાળ સામે સહેજ પણ હિચકિચાટ સિવાય બાથ ભીડનાર આ ફકીરે ફનાગીરીના પાઠ ગાંધીજી પાસેથી ભણ્યા હતા. તેમાં પછી શી મણા રહે ?

ગાંધી યુગના અથવા જેમણે ગાંધીજીના વિચારોને પચાવ્યા છે તેઓનું રાજકીય-સામાજિક ક્ષેત્રમાં અનોખું પ્રદાન છે. તેમની સૌથી મોટી શક્તિ એ તેમની લોકોની વચ્ચે જઈને ડેરા તંબુ તાણવાની શક્તિ હતી. તેઓ જ્યાં ગયા ત્યાં જ રહ્યા અને દટાયા છે. ઇન્દુચાચા જેવા પ્રતિનિધિ લોકોને અજાણ્યા કે પારકા લાગતા નથી, એ જ રીતે જુગતરામ દવે વેડછી વિસ્તારના આદિવાસી ભાઈઓને પોતાના જ લાગે. લોક સાથેનું આવું મજબૂત અનુસંધાન એ આવા કાર્યકરોની શક્તિ હતી. લોકો પણ તેમનું ઊંચું મૂલ્ય આંકતા હતા. એક ઐતિહાસિક ઘટના ઇન્દુચાચાના સંદર્ભમાં સૌના સ્મરણમાં રહી છે. ભારતના તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની સભા અમદાવાદમાં મહાગુજરાત ચળવળ ચાલતી હતી તે દરમિયાન યોજવામાં આવી. ઇન્દુચાચાની સમાંતર સભાનું પણ અમદાવાદમાં આયોજન થયું. પૂરા દેશના અખબારોએ આશ્ચર્ય સાથે અહેવાલ રજૂ કર્યો કે ઇન્દુચાચાની સભામાં વડાપ્રધાનની સભા કરતાં પણ વિશેષ માનવ મહેરામણ ઊમટી પડ્યો હતો. લોકો સાથેના મજબૂત જોડાણ સાથે ઇન્દુચાચા પોતાનું સામાજિક તથા રાજકીય જીવન ઊજળું તથા અનુકરણીય કરીને ગયા. ગુજરાત રાજ્યની સ્થાપના સાથે જેમનાં નામ હંમેશાં જોડાયેલાં રહેશે તેવા રવિશંકર મહારાજ તથા ઇન્દુચાચા મહેરામણના મોંઘેરા મોતી સમાન હતા.

(સાભાર : જન્મભૂમિ)

**- વસંત ગઢવી**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગ્રામીણ અર્થતંત્ર પર મદાર : એક અવલોકન

**ભાર**તીય અર્થવ્યવસ્થાની દિશા અને દશાને સાચા અર્થમાં સમજવા માટે, માત્ર આકર્ષક મેક્રો-ઇકોનોમિક આંકડાઓ અને વિકાસદરના દાવાઓથી આગળ વધીને આપણી ૧૫૦ કરોડની વસ્તીના માળખાગત તાણાવાણાને સમજવો પડશે. આપણા દેશની વાસ્તવિકતા મહાનગરોની ઊંચી ઈમારતોના બોર્ડ રૂમમાં નહીં, પરંતુ અર્થતંત્રના એ માળખામાં છુપાયેલી છે જે મુખ્યત્વે ચાર સ્પષ્ટ સ્તરોમાં વહેંચાયેલું છે. જ્યાં સુધી આપણે આ વસ્તીવિષયક પિરામિડના સૌથી નીચેના સ્તરની ખરીદશક્તિ (Purchasing Power)ને ઓળખીને તેને મજબૂત નહીં કરીએ, ત્યાં સુધી ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'નું સપનું એક અધૂરી, અને કદાચ અશક્ય મહત્ત્વાકાંક્ષા જ બની રહેશે.

### ભારતીય અર્થતંત્રનું ચાર-સ્તરીય માળખું

ભારતના આર્થિક સ્તરીકરણનું ઝીણવટભર્યું વિશ્લેષણ એકબીજા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલી, છતાં અત્યંત અસમાન વ્યવસ્થાને છતી કરે છે.

**પ્રથમ સ્તર (કૃષિ આધાર)** : પિરામિડના એકદમ પાયામાં - જે આપણા દેશની કરોડરજ્જુ છે - તેમાં દેશનાં ૬ લાખ ગામડાઓમાં વસતા ૧૦ કરોડ ગ્રામીણ પરિવારો આવે છે. આ વર્ગ પોતાના અસ્તિત્વ અને આજીવિકા માટે સંપૂર્ણપણે ખેતી અને પશુપાલન પર નિર્ભર છે.

**દ્વિતીય સ્તર (સૂક્ષ્મ ઉદ્યોગો)** : આ સ્તરની બરાબર ઉપર ૭ કરોડ સૂક્ષ્મ ઉદ્યોગો (માઈક્રો એન્ટરપ્રાઈઝ) આવે છે, જે ગામડાઓ, તાલુકા મથકો અને નાનાં શહેરોમાં ફેલાયેલા છે. આ રોજિંદા ભારતનું અસગંઠિત અને ધમધમતું અર્થતંત્ર છે. તેમાં મહોલ્લાની કરિયાણાની દુકાનો, ઘરમાં ચાલતા અથાણાં-પાપડ અને ડેરી ઉત્પાદનના ગૃહ ઉદ્યોગો, ઓટો-રિક્ષા અને ઈ-રિક્ષા ચાલકો, હાઈવે પરના ઢાબા અને ચાની લારીઓ, તેમજ સ્થાનિક સુથાર, રિપેરિંગ કામ કરનારા અને વાસણના નાના વિક્રેતાઓનો સમાવેશ થાય છે.

**તૃતીય સ્તર (MSME એન્જિન)** : ત્રીજું સ્તર આપણા ઔદ્યોગિક માળખાને જોડતી કડી સમાન છે, જે ૭ લાખ નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME) દ્વારા સંચાલિત છે. આ વિભાગમાં દેશના મહત્ત્વના પ્રાદેશિક હબ સામેલ છે - રાજકોટના નમકીન ઉત્પાદકો અને ભાવનગરના ડુંગળી-લસણના વેપારીઓથી લઈને સુરત, ભીલવાડા અને વારાણસીના કાપડના વ્યાપારીઓ સુધી. આ ઉપરાંત, પુણે, ગુરુગ્રામ અને ચેન્નાઈમાં ઓટો-પાર્ટ્સ હબ, જથ્થાબંધ વેપારીઓ (હોલ સેલર્સ), કેમિકલ ઉત્પાદકો અને લોજિસ્ટિક્સ કંપનીઓ પણ આ જ શ્રેણીમાં આવે છે.

**ચતુર્થ સ્તર (કોર્પોરેટ જગત)** : સૌથી ટોચ પર ૭,૦૦૦ મોટા કોર્પોરેટ ઉદ્યોગો બિરાજમાન છે. મુંબઈ, ચેન્નઈ, કોલકાતા અને દિલ્હી જેવાં મહાનગરોમાં કેન્દ્રિત આ ઔદ્યોગિક સમૂહો મોટા પાયે કામ કરે છે. તેઓ દેશ માટે લોખંડ-સ્ટીલ, મોટરગાડીઓ અને બાઇક્સ, દવાઓ (ફાર્માસ્યુટિકલ્સ), મોટા પાયે FMCG ઉત્પાદનો અને બ્રાન્ડેડ કાપડનું નિર્માણ કરે છે.

### વપરાશ અને ખર્ચની ખાઈ : ચીન સાથેની વાસ્તવિક તુલના

આ ચાર-સ્તરીય પિરામિડની સૌથી મોટી કરુણતા એક સ્પષ્ટ આર્થિક વિરોધાભાસ છે : જે વર્ગ વસ્તીની દૃષ્ટિએ સૌથી મોટો છે, તેની જ ખરીદશક્તિ સૌથી નબળી છે. જ્યારે આપણે આપણાં ગ્રામીણ બજારોની તુલના ચીન જેવા પાડોશી દેશ સાથે કરીએ છીએ, ત્યારે આવક અને વપરાશની અસમાનતા માત્ર ચિંતાજનક જ નહીં, પણ ભયજનક લાગે છે.

આજે, ભારતમાં પિરામિડના સૌથી નીચેના સ્તરે રહેલા પરિવારની વાર્ષિક આવક માત્ર રૂ. ૬૦,૦૦૦થી રૂ. ૭૦,૦૦૦ છે - જે માંડ મહિને રૂ. ૫,૦૦૦થી રૂ. ૬,૦૦૦ જેટલી થાય છે. તેનાથી તદ્દન વિપરીત, ચીનના સરેરાશ ગ્રામીણ પરિવારની વાર્ષિક આવક રૂ. ૨,૦૦,૦૦૦ થી રૂ. ૩,૦૦,૦૦૦ની વચ્ચે છે. આવકની આ પ્રચંડ અછત સીધી રીતે ખર્ચની ખાઈમાં પરિણમે છે. એક ભારતીય ગ્રામીણ પરિવારનો સરેરાશ માસિક ખર્ચ રૂા. ૪,૦૦૦થી રૂ. ૫,૦૦૦ની આસપાસ રહે છે. જ્યારે ચીનનો ગ્રામીણ પરિવાર દર મહિને તેના ઘરેલુ અર્થતંત્રમાં રૂ. ૨૦,૦૦૦થી વધુનું યોગદાન આપે છે

આ સંપત્તિની અસમાનતાના સીધા પુરાવા સાધનોની માલિકીમાં જોવા મળે છે. ચીનમાં લગભગ ૪૦% ગ્રામીણ ઘરોમાં ફોર-વ્હીલર (કાર) છે, જ્યારે ભારતમાં આ આંકડો ચિંતાજનક રીતે માત્ર ૫% છે. તેવી જ રીતે, ચીનના ૭૫% પરિવારો પાસે ટુ-વ્હીલર છે. જ્યારે ભારતમાં માત્ર ત્રીજા ભાગનાં ઘરોમાં ટુ-વ્હીલર જોવા મળે છે. પરિણામે, ઊંચી આવકને કારણે ચીનનું લાકડા અને ફર્નિચરનું બજાર ભારત કરતાં ત્રણ ગણું (૩x) મોટું છે; કાપડનું બજાર પાંચ ગણું (૫x) મોટું છે; અને રસોડાનાં ઉપકરણો તથા વાસણોનું બજાર આપણા કરતાં બેથી ત્રણ ગણું મોટું છે.

આંકડાકીય દૃષ્ટિએ કહીએ તો, ભારતની વર્તમાન માથાદીઠ આવક અને વપરાશનું સ્તર એ દર્શાવે છે કે ચીન આજથી ૧૦ થી ૧૫ વર્ષ પહેલાં એટલે કે ૨૦૦૫ની આસપાસ જ્યાં હતું, આપણે આજે ત્યાં ઊભા છીએ.

### ઘેરલુ માંગનો અભાવ : સુરતની લાલબત્તી

ગ્રામીણ આવકમાં આવેલી સ્થિરતા એ માત્ર ગામડાં પૂરતી સીમિત સમસ્યા નથી; તે ઘરેલુ માંગમાં એક ભયંકર ઘટાડામાં પરિવર્તિત થાય છે જે તેની ઉપરનાં તમામ સ્તરોને પકડી રાખે છે અને લકવાગ્રસ્ત કરે છે. આજે ૭ લાખ MSME અને ૭,૦૦૦ મોટા કોર્પોરેટ ઘરાનાઓ એક જ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

**સ્થાનિક બજારમાં માંગનો અભાવ** : કારણ કે બહુમતી વસ્તી સામે ખરીદવાની ક્ષમતા જ નથી, તેથી મોટી ફેક્ટરીઓ તેમની કુલ ક્ષમતાના માત્ર ૭૦% પર જ કામ કરી રહી છે. ઘરેલુ માંગ સુસ્ત હોવાથી, મોટા કોર્પોરેટ ઘરાનાઓ પોતાની મૂડી રોકતા ખચકાય છે. તેઓ ઉત્પાદનક્ષમતા વધારવા કે નવા વ્યવસાયોમાં રોકાણ કરવા તૈયાર નથી કારણ કે ગ્રાહક વર્ગ પાસે નવાં ઉત્પાદનો ખરીદવા માટે નાણાં જ નથી.

સુરતના કાપડ ઉદ્યોગમાં તાજેતરમાં આવેલી મંદી આ સિસ્ટમેટિક નબળાઈની એક લાલબત્તી સમાન છે. ઉત્પાદનખર્ચમાં વધારો અને બજારમાં માંગના સદંતર અભાવ વચ્ચે ફસાયેલા મિલમાલિકોને બજારના ભાવો જાળવી રાખવા અને માર્કેટને તૂટતું બચાવવા માટે અઠવાડિયામાં બે દિવસ ફેક્ટરીઓ બંધ રાખવાની ફરજ પડી હતી. તેની શૃંખલાબદ્ધ અસરો વિનાશક હતી. હજારો શ્રમિકોએ તેમની રોજગારી ગુમાવી, જેણે પ્રદેશની મેક્રો-ઈકોનોમિક સ્થિરતા પર સીધો ફટકો માર્યો.

કલ્પના કરો કે : જો આપણા ગ્રામીણ પરિવારો પાસે મજબૂત ખરીદશક્તિ હોત, તો ઘરેલુ માંગમાં થયેલો વધારો આ ઉત્પાદનને સરળતાથી પચાવી શક્યો હોત. ફેક્ટરીઓ ધમધમતી રહી હોત, ભાવો જળવાઈ રહ્યા હોત, હજારો નોકરીઓ બચી ગઈ હોત અને રાષ્ટ્રીય જીડીપીમાં એક નક્કર ઉછાળો જોવા મળ્યો હોત.

**નિષ્કર્ષ : 'ટ્રિકલ-અપ' અર્થશાસ્ત્ર જ ૨૦૪૭નો એકમાત્ર માર્ગ**

આગળ વધવા માટેનું આર્થિક ગણિત એકદમ સીધું અને સ્પષ્ટ છે. ૭ કરોડ સૂક્ષ્મ ઉદ્યોગો, ૭ લાખ MSME અને ૭,૦૦૦ કોર્પોરેટ દિગ્ગજોની સમૃદ્ધિ એ ગ્રામીણ ભારતમાં વસતી ૭૦-૮૦% વસ્તીની હાથ પરની આવક (Disposable Income) સાથે અતૂટ રીતે જોડાયેલી છે અને તેના સીધા પ્રમાણમાં છે.

જો આપણે ખરેખર 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્યાંક પ્રત્યે ગંભીર હોઈએ - જેમાં ૧.૬ અબજની વસ્તી માટે ૧૪,૦૦૦ ડોલરની માથાદીઠ આવકનું વિઝન છે - તો આપણા રાષ્ટ્રીય જીડીપીમાં વાર્ષિક ૧૨% ના દરે સતત વૃદ્ધિ થવી જોઈએ. હાલમાં, પાયાના સ્તરે સમાન આવક-વૃદ્ધિના માપદંડ પર નજર કરીએ તો, આપણે માત્ર ૨%ની ગોકળ-ગાય ગતિએ સરકી રહ્યા છીએ.

'સૌનો સાથ, સૌનો વિકાસ'ની રાજકીય ટેકનિક હવે માત્ર સૂત્રોચ્ચારથી ઉપર ઊઠીને તાકીદની અને સક્રિય આર્થિક નીતિમાં રૂપાંતરિત થવી જોઈએ. ભારતના ભવિષ્યના વિકાસનું એન્જિન માત્ર શહેરી વપરાશ અથવા કોર્પોરેટ ટેક્સમાં કાપ દ્વારા ચલાવી શકાશે નહીં; તેને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રજ્વલિત કરવું જ પડશે. સાચી આર્થિક સમૃદ્ધિ ક્યારેય મહાનગરોની ટોચ પરથી નીચે તરફ (Trickle-down) નહીં ઝરે; તેણે સશક્ત બનેલા ગ્રામીણ ભારતમાંથી મજબૂતાઈથી અને સતત ઉપર તરફ (Trickle-up) વહેવું પડશે. રાષ્ટ્રીય વિકાસના આ પૈંડાએ તેની ગતિની શરૂઆત ગામડાંઓમાંથી જ કરવી પડશે.

**- વિપ્ર ગોયલ**

# ગામડાઓમાં ખેતી સિવાયના રોજગાર પણ એટલા જ જરૂરી

બિન કૃષિ રોજગાર (Non-farm employment)નું મહત્ત્વ સમજવા આપણે કૃષિ ક્ષેત્રની પાયાની સમસ્યાને સમજવી પડશે. ભારતીય કૃષિ ક્ષેત્રમાં રાષ્ટ્રીય આવક GNP માં ઘટાડો થઈને લગભગ ૧૬.૭૭% થયો છે. પણ ભારતના કુલ શ્રમિક બળના ૫૯% ગ્રામીણ ક્ષેત્રના લોકો હજીયે કૃષિ ક્ષેત્રમાં છે એ એમની લાચારી છે. કારણ કે અભ્યાસે જોવા મળ્યું છે કે ૪૦% ખેડૂતો અને એમનાં જ બાળકો પણ હવે આ ક્ષેત્રમાં રહેવા માંગતાં નથી. જો યોગ્ય તક મળે તો ખેતીવાડી છોડવી છે. ૫૯% લોકો કૃષિ રોજગારમાં પણ છૂપી બેરોજગારીનો સામનો કરી રહ્યા છે, એટલે કે બે શ્રમિક ખેડૂતોની જરૂરિયાત સામે પાંચ કામ કરતા હોય, એમાંથી ત્રણને બીજે કામ આપવામાં આવે તો ખેતીકામમાં ફેર પડતો નથી આને વધારાના શ્રમિકો surplus labor ગણવામાં આવે છે.

તેથી તો John Lewis 'about surplus transfer' નું વિકાસ મોડેલ હજી પણ પ્રાસંગિક છે, કૃષિ ક્ષેત્રમાં શ્રમિકોનું પ્રમાણ ઘણું વધારે છે અને છેલ્લાં પાંચ વર્ષથી આ વર્ગના લોકોની આવક - વેતન સ્થગિત થઈ ગયાં છે અથવા એમાં ક્યાંક સીમાંત વૃદ્ધિ જ જોવા મળે છે. અન્ન પ્રેરિત ફુગાવો જે ૨૯%ની આસપાસ રહે છે તેની સીધી અસર આ વર્ગો પર પડે છે કારણ કે ૮૫% ખેડૂતો અત્યંત નાના અને સીમાંત છે. જેમનું ઉત્પાદન વેચાઈ જતાં પોતાના વપરાશ માટે કાંઈ બચતું ન હોવાથી એમનું જ ઉત્પાદન લેવા બજારમાં મોંઘા ભાવે તે લેવું પડે છે અને distress salesને કારણે એનો ઉપાય પણ નથી.

બિનકૃષિ રોજગારી ક્ષેત્રોના માળખામાં સામાન્ય રીતે નીચે પ્રમાણેનાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે :

(૧) ખાણ ઉદ્યોગ (૨) મેન્યુફેક્ચરીંગ (૩) યુટીલિટી મેન્યુફેક્ચરીંગ.

બિનકૃષિ ક્ષેત્રની રોજગારી ભલે પૂરતી આવક અને કાયમી ન હોય તો પણ કૃષિ ક્ષેત્રના શ્રમિકો માટે અને ઋતુગત બેકારીને ધ્યાને લેતાં મહત્ત્વની છે. જોકે ગ્રામીણ રોજગારી ગેરંટીના કારણે સારો એવો ફેર તો પડ્યો છે જ.

ગ્રામીણ શ્રમિક શક્તિ - Rural Labor Forceની માહિતી આપવામાં આવી છે જેના નિરીક્ષણ દ્વારા નીચેની હકીકતો સ્પષ્ટ થાય છે :

૧. ૧૯૯૯-૨૦૦૦, ૨૦૧૧-૧૨ અને ૨૦૨૧-૨૨માં થયેલાં પરિવર્તનો દ્વારા કેટલા ટકા ગ્રામીણ લોકોને ક્યાં રોજગારી મળે છે તે જોવા મળે છે.

૨. ૧૯૯૯-૨૦૦૦માં ૭૧.૩% રોજગારી કૃષિ ક્ષેત્રમાંથી મળતી હતી તે ઘટીને ૫૯.૪% ૨૦૧૧-૧૨માં થઈ અને ૨૦૨૧માં આ પ્રમાણ ૫૧% થયું. એમ કૃષિ ક્ષેત્રમાં રોજગારી ઘટતી જાય છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૩. કૃષિ ક્ષેત્રને બાદ કરતાં તમામ ક્ષેત્રોમાં નાના ઉદ્યોગોથી માંડીને બાંધકામ સહિત ૧૭ ક્ષેત્રોને બિન-કૃષિક્ષેત્ર રોજગારીમાં ગણાવી શકાય.

૪. ગ્રામીણ પુરુષોનું રોજગારીનું પ્રમાણ બિન-કૃષિ ક્ષેત્રમાં ૧૯૯૯-૨૦૦૦માં ૨૮.૭%થી વધીને ૨૦૧૧-૧૨માં ૪૦.૬% અને ૨૦૨૧-૨૨ની માહિતી પ્રમાણે તે વધીને ૪૯% થઈ ગયું અને આમ બિન-કૃષિક્ષેત્રમાં પુરુષોને મળતી રોજગારી વધતી રહી છે.

૫. ગ્રામીણ મહિલાઓના સંદર્ભમાં આ ક્ષેત્રમાં મહિલાઓને રોજગારીનું પ્રમાણ પુરુષો કરતાં લગભગ અડધું જોવા મળે છે. આમ છતાં તે ૧૪.૦% થી વધીને ૨૫% થયું હતું.

૬. બાંધકામમાં (૪.૫થી વધીને ૧૩.૦ થઈને લગભગ ૧૬.૬૪% રોજગારી વધી તે જ રીતે સેવાઓમાં ૧૬% વધીને ૧૮.૨% થઈ તે પ્રમાણ ૨૩.૬% થયેલું જોવા મળે છે.

૭. વેપારમાં ૬%થી ૭% થઈને આ પ્રમાણ ૯.૨% ૧૯૯૯ થી ૨૦૦૦ અને ૨૦૨૧માં જોવા મળે છે.

૮. આમ, લગભગ ૪૯% રોજગારી લોકોને કેવળ ચાર ક્ષેત્રોમાંથી મળે છે. બાકીના પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે.

૯. સામાજિક સેવા ક્ષેત્રમાં શિક્ષણ અને આરોગ્યમાં પણ પ્રમાણ ૧.૮% પુરુષો અને ૫.૧% શિક્ષણ અને કેવળ ૪.૪% અને ૧.૩% રહ્યું છે. આ ક્ષેત્રોમાં મહિલાઓને રોજગારી વધુ મળતી જોવા મળે છે.

આમ, બિન કૃષિ ક્ષેત્રની રોજગારીનું પ્રમાણ વધતું જાય છે જ્યારે કૃષિ ક્ષેત્રનું ઘટતું જાય છે.

૧૯૮૩માં ૧૧૯.૩ મિલિયન લોકો કૃષિ ક્ષેત્રમાં રોજગારી મેળવતા હતા પણ ૨૦૨૧માં તે ઘટીને ૯૫.૬ મિલિયન લોકોનું પ્રમાણ થયું. આમ, કૃષિ ક્ષેત્રમાં રોજગારી ૩૪.૪% મિલિયન બિન કૃષિ ક્ષેત્રમાં રોજગારી મળતી હતી પરંતુ ૨૦૨૧માં તે ૨૯.૪ મિલિયન થઈ ગઈ હતી. આથી ગ્રામીણ રોજગારી જે ૧૫૪.૧ મિલિયન હતી તે ઘટીને ૧૨૨.૧ મિલિયન થઈ ગઈ હતી. આમ, કૃષિ ક્ષેત્રમાં રોજગારીનું પ્રમાણ ઘટેલું જોવા મળે છે.

**સમસ્યા**

આ ક્ષેત્રની સૌથી મોટી સમસ્યા તે રોજગારીની ગુણવત્તાનો સવાલ છે. બિન કૃષિ ક્ષેત્રની રોજગારી હંગામી હોય છે અને એમાં સંગઠિત ક્ષેત્રો જેવા સલામતીના લાભ જેમ કે રજાઓ, પી.એફ. વગેરે હોતા નથી અને રોજગારીમાં સલામતી પણ હોતી નથી. વળી, બિન કૃષિ ક્ષેત્ર રોજગારી એ આવકની પ્રોક્સી નથી કારણ કે આ ક્ષેત્રમાં પૂરતી આવક મળવાનો સંભવ હોતો નથી જે મોટાભાગનાં ક્ષેત્રોમાં સાચું છે. આ ક્ષેત્રો શ્રમલક્ષી હોય છે અને પગારનું ધોરણ અત્યંત નીચું હોય છે. આ રોજગારી વિશેષ તો બાંધકામ જેવા ક્ષેત્રે તો કેવળ અત્યંત નીચા દરે મળતી ઋતુગત રોજગારી છે. આ ક્ષેત્રમાં શ્રમિકોના વેતનનું પ્રમાણ ખૂબ જ નીચું છે. સૌથી ચિંતાજનક હકીકત એ છે કે આ ક્ષેત્રોમાં ભાવના ફુગાવાના કારણે આ વર્ગોની ખરી આવકમાં અત્યંત ઘટાડો અને ૨૦૧૮-૨૧ દરમ્યાન આ આવક લગભ સ્થગિત જોવા મળે છે. આમ, બિન કૃષિ ક્ષેત્રોની રોજગારીથી મોટાભાગના ગ્રામીણ લોકોના જીવનમાં નોંધનીય સુધારો જોવા મળતો નથી.

દેશના આર્થિક વિકાસ માટે બાંધકામ, માળખાગત સેવાઓ તેમ જ ખેતી પર આધારિત વિકાસનાં કામો અગત્યનાં છે.

બિન કૃષિ ક્ષેત્રની રોજગારી માટેનાં મહત્ત્વનાં સૂચનો :

૧. આર્થિક વિકાસનો દર વધે તે આવશ્યક છે પરંતુ એની તરાહમાં જો પરિવર્તન કરવામાં આવે તો આ ક્ષેત્રમાં રોજગારીનું સર્જન થાય; જેમ કે, નાના ઉદ્યોગો, સૂક્ષ્મ ઉદ્યોગ તથા મધ્યમ ઉદ્યોગોમાં શ્રમપ્રચુર ઉત્પાદનની ઘણી જ તકો છે તેનો મહત્તમ ઉપયોગ થઈ શકે છે.

૨. સ્વરોજગારોનો વર્ગ છે તેમ હવે ગીગ વર્ક્સનો પણ મોટો ભાગ છે અને તેમાં ભાગ લેનારા પણ બધાં ગ્રામીણ યુવકો-યુવતીઓ છે જે મર્યાદિત શિક્ષણ પામ્યાં છે.

૩. બિનકૃષિ ક્ષેત્રમાં પૂરક રોજગારી આપી શકે એવા ઉદ્યોગો ગ્રામીણ ઉદ્યોગ - ખાદી- વણાટ પણ વિકસાવી શકાય કારણ કે એ અપૂરતી રોજગારી પ્રાપ્ત કરતા ઘણા સીમાંતો ને શ્રમિકોને સહાયરૂપ થાય.

૪. સંસાધનોના વિકાસમાં શ્રમલક્ષી રોજગારીની ઘણી તકો છે પરંતુ બાંધકામ વગેરે ક્ષેત્રમાં રોજગારીની ગુણવત્તા, રોજગારીનું પ્રમાણ અને શોષણ કરતી પદ્ધતિઓ પર સરકારે નિયંત્રણ લાવવું જોઈએ.

૫. ગ્રામીણ કક્ષાએ પણ હવે સેવાઓનું મહત્ત્વ વધતું જાય છે જેમ કે ટેલિકોમ્યુનિકેશન, ઓટોમેટિક વાહનો, ખેતીવાડીમાં ઓટોમેશન, ટેક્નોલોજી વગેરે. આવા કાર્યમાં રિપેર, સાચવણી તથા ખરીદ-વેચાણ વગેરે ખૂબ જ વિકસી રહ્યાં છે. પણ એના માટે પૂરતા કારીગરો નથી એટલે વર્કશોપ નથી. અરે નળ બગડી જાય તો પ્લમ્બર પણ નથી. આથી સ્કુલનો અભ્યાસ (૧૨ ધોરણ) પણ હોય તેવા યુવકોને આવી કામગીરી માટે અર્ધ અને પૂર્ણ કૌશલ્યવાળા શ્રમિકો તૈયાર થાય તો ગ્રામ કક્ષાએ ઘરના આંગણે યુવકોને રોજી મળે.

૬. સરકાર જ્યારે Digital Development ગામડે ગામડે પહોંચાડવાનો પ્રયાસ કરે છે ત્યારે એની સર્વિસ - ઓપરેશન - ટેકનિકલ માટે કુશળ-ડિજિટલ નિષ્ણાતો જોઈશે. ૨.૫ લાખ પંચાયતો ને લગભગ એટલી જ પ્રાથમિક સહકારી મંડળીઓનું Digital Develompment થવાનું ત્યારે આ કાર્ય માટે જરૂરી તાલીમ કેન્દ્રો વિકસાવી શકાય તો બિન કૃષિ ક્ષેત્રમાં રોજગારીનો વ્યાપ થાય જ.

અંતમાં, એગ્રો-બેઝ્ડ ઉદ્યોગો તથા ફુડ પ્રોસેસિંગ ઉદ્યોગોમાં ઘણા તાલીમ પામેલા લોકોની જરૂરિયાત ઊભી થઈ જ હોય છે. કૌશલ્યશાળી શ્રમિક વર્ગ તૈયાર કરવો પડશે.

ગુ.ગાર્ડિયન ૨૪ મે, ૨૦૨૬ **– દિલીપ શાહ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ખેડૂતો - ખેત મજૂરોની અત્યંત કફોડી હાલત

**મ**ધ્ય પૂર્વના યુદ્ધની સળગતી જ્વાળાઓ હવે ધીમે ધીમે સામાન્ય લોકોનાં રસોડાં સુધી પહોંચી રહી છે. આ યુદ્ધની સાચી કિંમત રોજ ભરાતાં બજારો, શાકભાજીની દુકાનો અને ખેડૂતોનાં ઉદાસ મન દ્વારા ચૂકવવામાં આવી રહી છે. મોંઘાં ક્રૂડ તેલ, આકાશને આંબી રહેલા ખાતરના ભાવ અને વધતી કૃષિ કિંમતો એકસાથે વૈશ્વિક ખાદ્ય ફુગાવા માટેની ભારે ચિંતાજનક પરિસ્થિતિઓ સર્જી રહી છે - અને આ કટોકટી સીધી રીતે લોકો દરરોજ શું ખાય છે અને પીવે છે તેની સાથે જોડાયેલી છે.

યુનાઈટેડ નેશન્સ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશને (FAO) તેના તાજેતરના અહેવાલમાં એક મહત્ત્વપૂર્ણ ચેતવણી જારી કરી છે. વૈશ્વિક ખાદ્ય ભાવ સૂચકાંક સતત બીજા મહિને વધ્યો, માર્ચ ૨૦૨૬માં ૧૨૮.૫ પોઈન્ટ પર પહોંચ્યો જે ફેબ્રુઆરી કરતાં પૂરેપૂરા ૨.૫ ટકા વધુ હતો.

જો આપણે આ ભાવ વધારાનાં મૂળને શોધી કાઢીએ, તો જવાબ એક જ જગ્યાએ રહેલો છે : ક્રૂડ ઓઈલ. મધ્ય પૂર્વમાં ચાલતું યુદ્ધ ઊર્જાબજારોમાં અસ્થિરતા લાવ્યું છે. જેમ જેમ યુદ્ધનાં વાદળો ઘેરાતાં જાય છે, તેલ મોંઘું બને છે, અને જ્યારે તેલ મોંઘું થાય છે, ત્યારે સમગ્ર અર્થતંત્રમાં એક મોંઘવારીની લહેર દોડે છે. ખાસ કરીને ખેતી અને ખેડૂતોની હાલત કફોડી બની છે. ટ્રેક્ટર ચલાવવાનું મોંઘું બને છે, ખાતરોનું ઉત્પાદન મોંઘું બને છે, માલનું પરિવહન મોંઘું બને છે. કૃષિ એક એવું ક્ષેત્ર છે જેનો ખર્ચ એકસાથે અનેક દિશાઓમાંથી વધે છે - અને છતાં ખેડૂતોને તેમની પેદાશોની મળતી કિંમત બજારની દયા પર નિર્ભર રહે છે. જ્યારે ખેતી ખર્ચ વધે છે, ત્યારે બોજ આખરે સામાન્ય માનવીની થાળી પર પડે છે. બીજી તરફ ઘઉંથી માંડીને કઠોળ, ખાદ્ય તેલો, ખાંડ વગેરે સહિતની લગભગ તમામ ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ વધી ગયા છે.

આ કટોકટીનો સૌથી ઊંડો ઘા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના જીવનમાં અનુભવાય છે. જે ઘરોમાં આવકનો મોટો ભાગ પહેલાંથી જ ભોજન પર ખર્ચાય છે, ત્યાં લોટ, ચોખા, તેલ અને કઠોળના ભાવમાં વધારો થવાનો અર્થ થાળીમાં ઘટતો જતો ખોરાક છે. શ્રીમંતો ફુગાવો જુએ છે ત્યારે ગરીબોએ તે સહન કરવો પડે છે. જો ઊર્જા સંકટ, યુદ્ધ અને આબોહવા પરિવર્તન વર્તમાન ઝડપે ચાલુ રહેશે, તો વિશ્વના સૌથી સંવેદનશીલ દેશોમાં ખાદ્ય અસુરક્ષા અને કુપોષણ વધુ ઘેરું બની શકે છે. ખોરાક, દૂધ અને તેલ - સૌથી મૂળભૂત માનવ જરૂરિયાતો પણ - લાખો લોકોની પહોંચની બહાર જવા લાગ્યાં છે. આ ફક્ત આર્થિક કટોકટી નથી પણ માનવીય કટોકટી છે.

વૈશ્વિક ખાદ્ય કટોકટીની વિપરીત અસર એક બાજુ બજારોમાં દેખાય છે, પરંતુ બીજી બાજુ કૃષિમાં સૌથી વધુ અસર વર્તાય છે અને તે બાજુ સૌથી વધુ પીડાદાયક છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો(NCRB)એ તાજેતરમાં 'ભારતમાં અકસ્માત મૃત્યુ અને આત્મહત્યા ૨૦૨૪' નામનો અહેવાલ બહાર પાડ્યો છે. આ તારણો વિનાશક છે : ૨૦૨૪ના એક જ વર્ષમાં, કૃષિ સાથે જોડાયેલા ખેડૂતો કે ખેતમજૂરો વગેરે મળીને કુલ ૧૦,૫૪૬ લોકોએ આત્મહત્યા કરી છે. સરેરાશ, દરરોજ લગભગ ૨૮ ખેડૂતો અને ખેતમજૂરો આત્મહત્યા કરીને મૃત્યુ પામી રહ્યા છે. છેલ્લાં પાંચ વર્ષના આંકડાઓના વલણ પર નજર નાખતાં, એક સત્ય સ્પષ્ટપણે બહાર આવે છે કે ભારતમાં દર કલાકે આશરે એક ખેડૂત આપઘાત કરીને જીવ આપી દે છે. આ વર્ષના આંકડાઓમાં બીજી એક ગંભીર ચિંતાજનક વાસ્તવિકતા છુપાયેલી છે. આત્મહત્યા કરનારા કૃષિક્ષેત્રના ૧૦,૫૪૬ લોકોમાંથી, ૫,૯૧૩ - એટલે કે ૫૬% તો ખેતમજૂરો હતા. આ પ્રમાણ છેલ્લાં પાંચ વર્ષમાં સૌથી વધુ છે. ૨૦૨૦માં, તે ૪૭.૭૫% હતું, એટલે કે ચાર વર્ષમાં તેમાં આઠ ટકાનો વધારો થયો છે.

કૃષિ મજૂરોની આત્મહત્યાની ભાગ્યે જ જાહેર ચર્ચા થાય છે. જ્યારે આપણે ખેડૂત આત્મહત્યાની વાત કરીએ છીએ ત્યારે આપણે મોટાભાગે જમીનમાલિક ખેડૂતો વિશે વિચારીએ છીએ. પરંતુ જે વ્યક્તિ પાસે જમીન નથી, જે બીજાના ખેતરમાં મહેનત મજૂરી કરે છે, જેનો પગાર કે મજૂરી વધતી મોંઘવારી સામે અપૂરતાં છે તે ખેતમજૂરની વેદના સમાજથી સાવ છુપાયેલી રહે છે. આ પરિવર્તન પાછળ એક મહત્ત્વપૂર્ણ આર્થિક કારણ છે. ઘણાં વર્ષોથી, કૃષિ ઉત્પાદનમાંથી સરેરાશ ખેડૂત પરિવારની આવક ઘટી રહી છે, જ્યારે વેતન મજૂરી પર નિર્ભરતા વધી રહી છે. જ્યારે ખેતીનો નફો ઘરનું ગુજરાન ચલાવી શકતો નથી, ત્યારે પરિવારના સભ્યો કામની શોધમાં બહાર જાય છે. પરંતુ ખાતરના ભાવ અને ઈંધણ-બળતણના ખર્ચમાં વધારો થતાં, જમીનમાલિકો પણ મજૂરોને ઓછા દિવસો કામ આપવાનું શરૂ કરે છે. આનાથી મજૂરોની આવક અપૂરતી સાબિત થાય છે, દેવું વધતું રહે છે અને એક પ્રકારનું દુષ્ચક્ર ઊભરી આવે છે જેમાંથી બહાર નીકળવાનો રસ્તો અદશ્ય થઈ જાય છે.

રાજ્યવાર આંકડાઓ પર નજર કરીએ તો મહારાષ્ટ્રમાં ખેડૂતો આત્મહત્યામાં ટોચ પર છે. ૨૦૨૪માં ખેડૂતો અને ખેતમજૂરો દ્વારા ૩,૮૨૪ આત્મહત્યાઓ કરાઈ છે, જે દેશના કુલ આત્મહત્યાના ૩૬.૨૬ ટકા છે. દેશમાં સૌથી પ્રગતિશીલ અને આર્થિક રીતે શક્તિશાળી રાજ્ય માનવામાં આવતું મહારાષ્ટ્ર, આ ભયંકર ચાર્ટમાં સતત ટોચ પર છે તે સમાજની મૂળભૂત પ્રાથમિકતાઓ વિશે પાયાના પ્રશ્નો ઊભા કરે છે. ૨૦૨૪માં, પૂર અને ભારે વરસાદે મહારાષ્ટ્રમાં ઓછામાં ઓછા ૨૦ લાખ ૩૭ હજાર હેક્ટર પાકને નુકસાન પહોંચાડ્યું હતું - જે સમગ્ર દેશમાં ખરાબ હવામાન સંબંધિત ઘટનાઓથી પ્રભાવિત કુલ ૪૦ લાખ ૭૨ હજાર હેક્ટરમાંથી લગભગ અડધું છે. પાક ધોવાઈ ગયા, આવક ગુમાવી દીધી, દેવું વધતું રહ્યું - અને ખેડૂતની સહનશક્તિનો બંધ તૂટી ગયો. મહારાષ્ટ્ર પછી કર્ણાટકમાં ૨,૯૭૧, મધ્યપ્રદેશમાં ૮૩૫, આંધ્રપ્રદેશમાં ૭૮૦, તમિલનાડુમાં ૫૦૩ અને છત્તીસગઢમાં ૪૮૬ ખેડૂતોની આત્મહત્યા નોંધાઈ છે. વૃદ્ધિ

(જુઓ પાન નં. ૧૫)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સમયની માંગ : 'ગામડાંની વહારે' દોડવાનો દઢ સંકલ્પ કરવાનો

■ **ગામડાંની વહારે**

નવજીવન પ્રકાશન મંદિર – અમદાવાદનું વર્ષ ૧૯૩૧/૩૨નું એક નાનું સરખું પ્રકાશન છે – 'ગામડાની વહારે'. ૭૨ પાનાંની નાની ચોપડી છે. કોઈને એમ લાગે કે આવા ૯ દાયકા પહેલાંના પુસ્તકની વાત કરવી એટલે જાણે વખારમાંથી નહીં વેચાયેલો માલ ફરી પાછો બજારમાં મૂકવાની વાત. આ અંકમાં શ્રી વિપ્ર ગોયલના લેખમાં અંતમાં લખ્યું છે –

"સાચી આર્થિક સમૃદ્ધિ ક્યારેય મહાનગરોની ટોચ પરથી નીચે તરફ (Trickle-down) નહીં ઝરે; તેણે સશક્ત બનેલા ગ્રામીણ ભારતમાંથી મજબૂતાઈથી અને ઉપર તરફ (Trickle-Up) વહેવું પડશે. રાષ્ટ્રીય વિકાસના આ પૈડાએ તેની ગતિની શરૂઆત ગામડાંઓથી જ કરવી પડશે."

ગામડાંની વહારે પુસ્તિકામાં ગાંધીજી 'આદર્શ ગામડાં' વિષે લખે છે –

"....ઢોરને ચરવા માટે ગોચર હશે. સહકારી પદ્ધતિએ ચાલતું દુગ્ધાલય, ઔદ્યોગિક શિક્ષણને કેન્દ્રમાં રાખીને ચાલતી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ હશે. ગામડું પોતાના ખપ પૂરતાં અનાજ, શાકભાજી અને ફળ પકવી લેશે ને પોતાના વાપરવા પૂરતી ખાદી પેદા કરી લેશે.... મારી પાકી ખાતરી છે કે જો એમને બુદ્ધિપૂર્વક દોરનાર કોઈ હોય તો તેઓ આખા ગામડાની આવક બમણી તો કરી જ શકે. આપણાં ગામડાંમાં સાધન સામગ્રીનો અખૂટ ભંડાર પડેલો છે."

"હિંદુસ્તાન તેનાં શહેરોમાં નથી. હિંદુસ્તાન ગામડાંઓમાં વસે છે."

વર્ષ ૨૦૧૧ની ગણતરી પ્રમાણે ભારતમાં ૬ લાખ ૪૯ હજાર ૪૮૧ ગામડાં છે. જેમાં આશરે ૮૩ લાખ લોકો રહે છે. દેશની ૬૯ ટકા વસતી ગામડામાં વસે છે.







■ **Why the Village Movement ?**

ગાંધીજીના એક યુવા અર્થશાસ્ત્રી સાથી હતા – જે.સી.કુમારપ્પા. તેમનો જીવનકાળ ૪ જાન્યુ. ૧૮૯૨થી ૩૦ જાન્યુ. ૧૯૬૦ સુધીનો રહ્યો. ૬૮ વર્ષની વયે મૃત્યુ પામ્યા. તેઓ ઇંગ્લેંડ, અમેરિકામાં જઈને અર્થશાસ્ત્રનો અભ્યાસ કરીને આવ્યા બાદ વર્ષ ૧૯૨૯માં ગાંધીજીને મળ્યા.

ગામડાંની વહારે ધાવાની ધગશ ધરાવવાવાળા મિત્રોએ કુમારપ્પાનાં કમસે કમ બે પુસ્તકોનો અભ્યાસ કરવો રહ્યો.

★ Why the Vilalge Movement - गांव आन्दोलन क्यों ?

★ Economy of Permanence.

ઇતિહાસકાર રામચંદ્ર ગુહા કુમારપ્પાને 'ધ ગ્રીન ગાંધીવાદી' કહે છે. અને તેમને ભારતમાં આધુનિક પર્યાવરણવાદના સ્થાપક તરીકે દર્શાવે છે.

ગાંધીજી સૂચવે છે, જે લોકો માને છે કે ગામડાંને નષ્ટ કરીને મોટાં મોટાં નગરો વસાવવાં જોઈએ, જ્યાં મોટા મોટા કેન્દ્રિત ઉદ્યોગો ચલાવીને સમૃદ્ધિ વધારી શકાશે – ધન ધાન્ય વિપુલ પ્રમાણમાં મળશે તેમણે Why the Village Movement પુસ્તક વાંચવું રહ્યું.

ગાંધીજીએ કહ્યું છે, ગામડાંનો નાશ થશે તો હિંદુસ્તાનનો પણ નાશ થશે. ગામડું સજીવન ત્યારે જ થાય, જ્યારે એનું શોષણ થતું અટકે. ગામડાંને સ્વાવલંબન, સ્વયંપૂર્ણ બનાવવામાં ઘણી શક્તિ વાપરવાની છે.

■ **રંકનું આયોજન**

અર્થશાસ્ત્રી વાડીલાલ ડગલીએ વર્ષ ૧૯૮૦માં પુસ્તક લખ્યું 'રંકનું આયોજન'. તેમનો જીવનકાળ ૨૦ નવેમ્બર ૧૯૨૯થી ૬ ડિસેમ્બર ૧૯૮૫નો ૫૯ વર્ષનો રહ્યો. 'રંકનું આયોજન' પુસ્તકમાંની કેટલીક મહત્ત્વની વાતો પર નજર નાંખીશું.

○ પશ્ચિમના દેશોએ જે આર્થિક વિકાસ દોઢસો વર્ષમાં કર્યો તેટલો વિકાસ થોડા દાયકામાં જ કરવાની નેમવાળા આયોજનનો વ્યૂહ આપણે સ્વીકાર્યો. આ આયોજને દેશના અર્થતંત્રનાં સ્થિર જળને વહેતાં કર્યાં, પણ આ નવો ઉછાળો સૌથી વધારે શહેરી વિસ્તારોમાં દેખાયો. ગામડાંમાં શ્રીમંત ખેડૂતોને પણ આનો લાભ મળ્યો. આપણું અર્થતંત્ર ગતિશીલ બન્યું, પણ આ ગતિનો ફાયદો ગરીબ લોકોને ન મળ્યો.

○ રાજ્યે ગંજાવર મૂડીરોકાણ કર્યું, પણ તેનો ફાયદો થોડા લોકોના જ ખોળામાં આવીને પડ્યો.

○ ઉપલા વર્ગના લોકોની સુખ-સગવડની ચીજો બનાવવા માટે આપણે મૂડી રોકાણ કર્યું.

○ ગામડાંમાં જેમને મહિનાઓ સુધી કોઈ કામ મળતું નથી, જેમનાં બાળકોને રોજ રાતે અર્ધા ભૂખ્યાં સૂઈ જવું પડે છે એમને એરકન્ડિશનરનાં કારખાનાં, મોટાં વિમાનો, મોટી હોટેલો, ગગનચૂંબી પાછળ થતો લખલૂંટ ખર્ચ સમજાતો નથી.

○ એવી દલીલ કરવામાં આવે છે કે રાષ્ટ્રની સંપત્તિ (જીડીપી)માં જ્યાં સુધી સારો એવો વધારો ન થાય ત્યાં સુધી એની સમાન વહેંચણી ન થઈ શકે. આ લોકો એ વાત ભૂલી જાય છે કે તેઓ જે સંપત્તિના પ્રમાણમાં મોટા હિસ્સાનો ભોગવટો કરી રહ્યા છે તે સંપત્તિ એ ભોગવટાથી વંચિત રાખવામાં આવેલા ગરીબોની છે.

○ આદિવાસીઓ, દલિતો ચોમાસું સારું હોય ત્યારે પણ રોજનો (સારી રીતે) બે ટંક રોટલો પામી શકતા નથી.... આપણી ખેતીવાડી વિષયક નીતિમાં પહેલું સ્થાન આપણે તેમને આપવું જોઈએ. (માત્ર) ખેતીવાડીની પેદાશમાં અમુક ટકાનો વધારો થયો એમ કહેવાથી આ કંગાળોનું કાંઈ રંધાતું નથી.




○ આપણે નિષ્ફળ કેમ ગયા ? આ નિષ્ફળતાનું મુખ્ય કારણ એ હતું કે ગામડાંના અર્થતંત્રને ફરી બેઠું કરવામાં આપણે જે પ્રયત્નો કર્યા તેની દિશા ખોટી હતી.

આ પુસ્તકમાં એક પ્રકરણનું મથાળું છે – "ગાંધીજીનું આર્થિક ચિંતન." રસ ધરાવતા મિત્રોએ વાંચવા જેવું છે.

■ **ગ્રામવિકાસની ટેકનોલોજી**

આપણે સ્વસ્થ – માનવીય સમાજ રચવા અને ગ્રામવિકાસ સાધવા માટે કેવી ટેકનોલોજી વાપરવી જોઈએ તેનો પણ વિચાર કરવો જોઈએ. અર્વાચીન જગતની એક ભૂલ ભરેલી માન્યતા એ છે કે અઢળક સંપત્તિ એ સુખ શાંતિનો પાયો છે; ખૂબ પૈસાદાર થવાથી શાંતિ મળે છે. આપણે શાંતિ અને સ્થિરતાનો માર્ગ શોધવો પડશે. વિજ્ઞાનીઓ અને ટેકનોલોજીના નિષ્ણાતોએ જ સૌને માટે સુલભ તથા સસ્તાં હોય, નાના પાયાના ઉદ્યોગો માટે યોગ્ય હોય અને મનુષ્યની સર્જનશીલતા સાથે સુસંગત હોય તેવી ટેકનોલોજી શોધવી પડશે.

■ **માનવીય ટેકનોલોજીના માપદંડ**

નૈરોબીમાં વર્ષ ૧૯૭૩માં નરવી ટેકનોલોજી પસંદ કરવાનાં ધોરણો નક્કી કરવામાં આવ્યાં હતાં, જેમાં મહત્ત્વના મુદ્દા નીચે પ્રમાણે છે –

○ સમાજની મૂળભૂત જરૂરિયાતો – અન્ન, વસ્ત્ર, આવાસ, આરોગ્ય અને શિક્ષણની આવશ્યકતાઓ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય તેવી ટેકનોલોજી હોય.

○ સ્થાનિક ઉપલબ્ધ સ્રોતો (માનવ, પશુ, તથા કુદરતી સંપત્તિ)નો ઇષ્ટતમ ઉપયોગ કરે.

○ માનવીય વિકાસ કરે, વ્યક્તિની સર્જનશક્તિને મુખરિત કરી શકે પણ માણસને પશુસમાન – યંત્રસમાન ન બનાવી મૂકે.

○ સ્થાનિક, પ્રાદેશિક તથા રાષ્ટ્રીય સ્તરે આત્મનિર્ભરતા વધારે.

○ પર્યાવરણનું રક્ષણ, જતન કરે.

○ પરંપરાગત સંસ્કૃતિને તથા કસબને પોષક હોય.

■ **ગ્રામઉદ્યોગ માટે લઘુયંત્રોની શક્યતાઓ**

સૌ પ્રથમ ખેતપેદાશની તેમજ દરેક ચીજોના કાચા માલને પાકો કરવાની પ્રક્રિયા શહેરોને બદલે ગામોમાં વિકેન્દ્રિત ધોરણે, શક્ય હોય તો ઘરમાં થાય, ફળિયામાં થાય, કુટિર ઉદ્યોગોની કક્ષાએ થાય.

આ માટે સરકારના કોઈ અટપટા કાનૂનો ગ્રામજનોને હેરાન કરવા-વાળા ન હોય.

જો સરકાર મેટ્રોરેલ માટે શહેરોમાં થાંભલા નાંખે, બૂલેટ ટ્રેઈન માટે વિશેષ સગવડ કરે, ઈલેક્ટ્રીક વાહનો માટે ચાર્જિંગ સ્ટેશનો સ્થાપે, શહેરોમાં ફ્લાયઓવર બાંધે, તો પછી ગ્રામજનો ગ્રામોદ્યોગનું શિક્ષણ મેળવે, ગ્રામોદ્યોગ ચાલુ કરે તેને માર્કેટીંગ માટેની સગવડ કરી આપે, જરૂરી મૂડી પૂરી પાડે, જરૂર પડે ટેકનોલોજી પહોંચાડે – આવું કેમ ન કરી શકે ?

જો આમ થાય તો સરકાર પર શહેરીકરણનું ભારણ ઘટશે, ગીચવસ્તીના પ્રશ્નો, કંઈક અંશે પર્યાવરણના પ્રશ્નો ઘટશે.

નમૂનારૂપ કંઈ કામ થાય તેથી ચલાવી ન શકાય. જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રામોદ્યોગને પૂરું પાડે. આ માટે વીજળી, પાણી, રોડ કોમ્યુનિકેશનની સગવડ પૂરી પાડે. કેટલીક પેદાશો માટે સામાન્ય ગોડાઉનથી માંડી શીત ગોડાઉનોની પણ સગવડ કરે.

એગ્રોક્લાઈમેટીંગ ઝોન પ્રમાણે ખેતીની પેદાશો અલગ અલગ હશે. કમસે કમ કપાસ, શેરડી, ચોખા, મગફળી, અન્ય તેલીબિયાં, નાળિયેર, કુદરતી રેષા ઉદ્યોગ.... આ યાદી સ્થાનિક પેદાશો પ્રમાણે લંબાવી શકાય.

હવે જે રીતે યંત્રોનો, મેન્યુફેક્ચરીંગ ટેકનોલોજીનો વિકાસ થયો છે તે જોતાં લઘુ મશીનરી ઉપલબ્ધ છે.

પરંતુ માત્ર મશીનરી કે ટેકનોલોજીથી સમાજ નહીં ઘડાય. એક દષ્ટિ, એક લક્ષ હોવું જોઈએ. બધી જ શેરડી ખાંડનાં કારખાનાંમાં જ પહોંચાડવાનો નિયમ ન હોવો જોઈએ. તેલીબિયાંના ખોળમાંથી પશુ આહાર બનાવવાની, કેસ્ટર ઓઈલમાંથી માર્કેટેબલ ચીજો બનાવવાની ટેકનોલોજી આપવી પડશે.

વર્તમાન સ્થિતિ જોતાં સરકારે સૌથી મોટું લક્ષ ટ્રાન્સપોર્ટેશન ઘટાડીને પેટ્રોલ-ડિઝલની બચત કઈ રીતે કરી શકાય તે અંગે વિચારવું જોઈએ.

■ **અનુબંધ – સો માઈલનો સંબંધ**

જીવનભર શ્રમિકોના પ્રશ્ને કામ કરનાર ઈલાબહેને પુસ્તક લખ્યું 'અનુબંધ –સો માઈલનો સંબંધ'. તેઓ લખે છે : જીવનની પાયાની ત્રણ જરૂરિયાતો છે. ૦ ખોરાક ૦ કપડાં અને ૦ મકાન, તેમજ પાયાની ત્રણ સેવાઓ ૦ પ્રાથમિક સ્વાસ્થ્ય ૦ પ્રાથમિક શિક્ષણ અને ૦ પ્રાથમિક નાણાંકીય સેવાઓ છે. આ તમામ સ્થાનિક કક્ષાએ સંતોષાય તો લોકોના સમુદાયોનો, તેમના પર્યાવરણનો સર્વથા વિકાસ સાધી શકાય. આપણી છ જરૂરિયાતો આપણા ૧૦૦ માઈલ (આશરે ૧૬૧ કિલોમીટર)ના વિસ્તારમાં સંતોષાવી જોઈએ. આમાં ગૃહઉદ્યોગો દ્વારા ગ્રામવિકાસ સાધી શકાય. ખેતી સાથે પશુપાલન તેમજ ગ્રામોદ્યોગ દ્વારા રોજગારી પૂરી પાડી શકાય.

ગામડાંની ખરીદશક્તિ વધે તો આર્થિક વિકાસની દિશામાં આગળ વધી શકાય. આ માટે જરૂરી સગવડો પૂરી પાડવી જોઈએ.

ગામડાંમાં પશુધનની જાળવણી સાથે સજીવ ખેતીની દિશામાં આગળ વધવું જોઈએ. પરદેશથી આવતા ફર્ટિલાઈઝરના સ્થાને સજીવ ખાતરનું ઉત્પાદન એનું લક્ષ બનવું જોઈએ. જેમાં ખેતરની પાણીની તરસ ઘટી જાય છે. મૃત પશુઓનાં ચામડાં ઉતારનારને ગોરક્ષાના નામે હેરાન ન કરવા જોઈએ. ગામડે ગામડે ચંપલો બની શકે, બૂટ બની શકે, પેન્ટના પટ્ટા બની શકે છે. હાડકાંનું ખાતર બની શકે છે.

જ્યાં સરકારના વીજળીના તાર ન પહોંચ્યા હોય ત્યાં સોલર પાવરનો ઉપયોગ કરવો જોઈએ. 'ટ્રીકલ ડાઉન'માંથી 'ટ્રીકલ અપ' કરવા સરકારે દષ્ટિ બદલવી પડશે. જરૂર પડે શિર્ષાસન પણ કરવું પડશે.

– રજની દવે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# કલ્પસર સામે સાવધાનીના સૂર

**૧૭** મે, ૨૦૨૬ના રોજ વર્તમાન વડાપ્રધાન નેધરલેન્ડની યાત્રા પર હતા. ૧૮ મે ૨૦૨૬ના રોજથી છાપાઓમાં સમાચારો ચમકવા લાગ્યા.

❍ India Netherlands sign LOI (Letter of Intent) for tech. tie-up in Kalpsar Project - Ind. Express 18 May, 2026.

❍ All about Guj. Kalpsar Project and the New India - Netherlands Water Management pact - Hindustan Times 18 May 2026.

❍ Kalpsar Project DPR in final stage, to take 8 years to complete : Govt. (DPR - Detailed Project Report) - Times of India.

❍ Modi's Netherland visit revives focus on Gujarat's ambitious Kalpsar Project. - Mint. 18 May 2026.

કલ્પસર યોજનાનો વિચાર કેટલો જૂનો છે તેના અલગ અલગ દાવા હોઈ શકે છે. ૧૯૫૫માં ડચ કંપની NEDCO એ ખંભાતના અખાતમાં ડેમ બનાવવાની વાત કરી હતી. પણ લોકો સુધી સરળ ભાષામાં વાત પહોંચાડવાનો જશ તો વિનુભાઈ ગાંધી - ભાવનગરને જ આપવો પડે. ૧૯૯૧માં ડૉ. અનિલભાઈ કાણે - માજી ઉપકુલપતિ એમ.એસ.યુનિ.- એ જળસંપત્તિ સચિવને કલ્પસર અંગેની નોંધ લખીને મોકલી હતી. વર્ષ ૨૦૧૦માં નવલાવાલા અને ડૉ. કાણેએ યોજના વિષે ચર્ચા કરી.

## ■ સૌરાષ્ટ્રનો ઝડપી વિકાસ : કલ્પસર

ગુજરાત સરકારના કલ્પસર વિભાગે સ્વર્ણિમ્ ગુજરાત ૧૯૬૦-૨૦૧૦ (૫૦ વર્ષ)ના લોગો સાથે પત્રિકા છપાવી. મથાળું રાખ્યું - સૌરાષ્ટ્રના ઝડપી અને વધુ વિકાસ માટે ખંભાતના અખાતના વિકાસની પરિયોજના (કલ્પસર). તેમાં ખંભાતનો અખાત + તેમાં આવતી નદીઓ દર્શાવી અખાતમાં બાંધવાના બંધને દર્શાવવામાં આવ્યો હતો. પત્રિકામાં સારી એવી વિગતો આપી છે, જેમાં ૦ યોજનાની વિશેષતાઓ ૦ યોજનાની જરૂરિયાત ૦ યોજનાની અગત્યતા અને લાભો અંગેની સારી નોંધ છે.




આ યોજનામાં ફેરફારો થતા રહ્યા છે. છેલ્લે શું માન્ય રહ્યું છે તે તો યોજના અંગે વર્તમાન સરકાર પ્રજાજોગ વિગતો જાહેર કરે ત્યારે ખબર પડે. કલ્પસરમાં નર્મદા નદીના પાણીને લઈ લેવાનો ખ્યાલ રાખી બંધ બાંધવો કે તેને છોડીને બાંધવો ? ભરતી ઓટથી વીજળી ઉત્પન્ન કરવાની યોજના ચાલુ રાખવી કે નહીં, તેનો વિચાર કરવો રહ્યો.

## ■ જળાશયને મળતી નદીઓ

સાબરમતી, મહી, ઢાઢર, નર્મદા (ડાયવર્ઝન નહેર મારફત), લીંબડી ભોગાવો, વઢવાણ ભોગાવો, સુખભાદર, ઉતાવળી, કેરી, વાગડ, કાળુભાર, રંઘોળી, ઘેલો અને માલેશ્રી.

## ■ કલ્પસર યોજનાના લાભો

❍ મીઠા પાણીનું વિશ્વમાં સૌથી વિશાળ સરોવર.

❍ સૌરાષ્ટ્રના ૬ જિલ્લાના ૩૯ તાલુકાઓની ૧૦.૫૪ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા.

❍ ભાવનગર દક્ષિણ ગુજરાત વચ્ચેના અંતરમાં ૧૩૬ કિલોમીટર જેટલો ઘટાડો.

આ મુખ્ય લાભો દર્શાવવામાં આવ્યા છે. આ જળાશયનું આયુષ ૪૦૦થી ૫૦૦ વર્ષનું જણાવવામાં આવે છે. આજની તારીખો ધ્યામાં લેતાં ડેમ ૮ વર્ષમાં બંધાઈ જશે તેમ કહેવામાં આવે છે.

## ■ બે સાવચેતીના સૂર

❍ કલ્પસર યોજના ગુજરાતની પ્રજા સાથે સૌથી મોટી છેતરપીંડી.

– ડૉ. જયનારાયણ વ્યાસ

ડૉ. હરિ દેસાઈની યુ-ટ્યુબ ચેનલ 'સીધું અને સટ્ટ'માં જયનારાયણભાઈ સાથે કલ્પસર અંગે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. તેમાં જયનારાયણભાઈએ કેટલીક સ્પષ્ટ વાતો કરી હતી.

❍ કોઈ પણ ચીજને નકારીએ નહીં પણ ખર્ચ કેટલો કરવો પડે તેનો વિચાર કરવો પડે. શું વધુ પડતો ખર્ચ યોગ્ય છે ?

❍ કલ્પસરમાં આવનારા પાણીની ગુણવત્તાનો વિચાર કરવો જોઈએ. સાબરમતી નદી ખૂબ જ પ્રદૂષિત છે.

❍ આવનારા પાણીના જથ્થા અંગે પણ વિચારવું પડે. નદીઓ પર ડેમ બંધાઈ જતાં પાણી રોકાય છે તેમજ (ગંગા-બ્રહ્મપુત્રાની જેમ) કોઈ બારમાસી નદી નથી.

❍ નર્મદા યોજનામાંથી 9 MAF પાણી ગુજરાતને મળવાનું છે તેની વહેંચણી થઈ ગઈ છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

8 MAF સિંચાઈ માટે 1 MAF માંથી ૦.૮ MAF પીવાના પાણી અને ૦.૨ ઉદ્યોગો માટે વાપરવાનું નક્કી કરેલું છે.

❍ સૌથી મોટો ટેકનિકલ પ્રશ્ન ખંભાતના અખાતમાં ફાઉન્ડેશનના કામ અંગેનો છે. આ અખાતની અંદર નદીઓનો કાંપ ઠલવાયેલો છે. સેડીમેન્ટ સોઇલ છે. કલ્પસરમાં નીચે ભરતી-ઓટનાં પાણીમાંથી વીજળી પ્રાપ્ત કરવા ટરબાઇન ફીટ કરવાની વાત છે. ઉપરના ભાગે વાહન યાતાયાતનો બ્રિજ હશે. આમ ફાઉન્ડેશન પર ડાયનામિક લોડ આવવાનો છે. આ માટે મરીન સોઇલ સક્ષમ છે ? તેના ટેસ્ટીંગ હજુ થયા નથી. ફિઝીબીલીટી રિપોર્ટ તૈયાર નથી. જયનારાયણભાઈ માને છે કે આ યોજનાની વાત પ્રજાને ગેરમાર્ગે દોરનારી છે.

આ માટે વિશ્વના ૧૦ અભ્યાસુ નિષ્ણાતોને ભેગા કરીને આ યોજના અંગે એક રિપોર્ટ તૈયાર કરીને સરકારને માર્ગદર્શન આપે.

પ્રજાએ મીડિયાના પ્રચાર-પ્રસાર કે સરકારની જાહેરાતોથી ગેરમાર્ગે દોરવાઈ ન જવું જોઈએ. પ્રજાએ ખોટાં વચનો, ખોટાં પ્લાનિંગોનો વિરોધ કરવો જોઈએ. પ્રજાએ ખુમારી દાખવવી જોઈએ. આ યોજના પાછળ અભ્યાસ કરવામાં અત્યાર સુધી ૩૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા છે - ૩/૪ વખત ખાતમુહૂર્ત પણ થઈ ચૂક્યું છે.

### ■ કલ્પસર યોજના માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી વિકલ્પો વિચારીએ

તા. ૨૯-૫-૨૦૨૬ના સંદેશ છાપાની 'સમુદ્રમંથન' કોલમમાં વિદ્યુતભાઈ જોષીનો લેખ છપાયો છે. લેખની શરૂઆતના ભાગમાં કલ્પસર યોજનાનો ઇતિહાસ ટૂંકમાં આપ્યો છે. પછીના ભાગમાં કેટલીક ટેકનિકલ માહિતી આપી છે.

❍ સિમેન્ટ કોંક્રીટના પાયા માટે પાંચથી દશ મીટર નીચે કડક પથ્થર જોઈએ તો જ તે બંધનું વજન ખમી શકે. હવે ખંભાતના અખાતમાં ૩૪૮ મીટર સુધી કાંપ જમા થયેલો છે અને નક્કર પાયો આવતો નથી. તેના પર બંધની ૪.૭૦ કરોડ ઘનમીટર માટી, ૦.૪ ઘન (કરોડ) ઘન મીટર જેટલી રેતી, ૨૦ કરોડ ઘન મીટર જેટલું કોંક્રીટ વજન ટકી ન શકે. આનો વિકલ્પ ફ્લોટીંગ - તરતો પાયો હોઈ શકે તેમ કેન્દ્રીય ઇજનેર ખોસલાએ સલાહ આપી હતી. પરંતુ તરતો પાયો કરે તો લોખંડનું ખર્ચ વધી જાય અને નીચેથી ખારું પાણી સરોવરમાં આવી જાય અને સરોવરનું મીઠું પાણી બહાર જતું રહે.

❍ માટીના બંધની ડિઝાઈનના નિષ્ણાત વિઠ્ઠભાઈએ માટીનો બંધ સૂચવ્યો હતો પરંતુ ખંભાતના અખાતમાં જગતનો સહુથી વધુ પાણીનો કરંટ અને બીજા ક્રમનાં ઊંચાં મોજાં ઊછળે છે આથી માટીના બંધ તૂટી જાય. આમ હજુ સુધી બંધ કઈ રીતે બાંધવો તેનો વિકલ્પ મળતો નથી.

### ■ બંધ બાંધવાનો ખર્ચ

વિઠ્ઠભાઈના સમયમાં યોજનાનો ખર્ચ ૬૦૦૦ કરોડ, ડૉ. કાણેના સમયે ૨૦૦૮માં ૫૦૦૦૦ કરોડ રૂ. અને આજની તારીખમાં ખર્ચ ૧ લાખ ૨૦ હજાર કરોડ રૂ. ગણવામાં આવે છે. જો સમય લાગે તો ૧ લાખ ૩૫ હજાર કરોડ રૂ. સુધી પહોંચે. આ રકમ ગુજરાત સરકારના અંદાજપત્રના ૩૦ ટકા જેટલી થાય. વિદ્યુતભાઈ લખે છે, આજના સમયમાં ખર્ચ-લાભનો ગુણોત્તર જોઈએ તો આ બંધ પોષાય નહીં.

### ■ વિવિધ પ્રશ્નો

❍ ૧૯૭૫માં કલ્પસરમાં નદીઓનાં પાણી કેટલાં આવશે તેની ગણતરી માંડી હતી. લગભગ તમામ નદીઓ પર બંધ બંધાઈ ગયા છે. તેથી કલ્પસરમાં પાણીની આવક ૬૦ ટકા જેટલી ઘટી ગઈ છે.

❍ ઉપરાંત નદીઓનાં પાણી પ્રદૂષિત થઈ ગયાં છે. સાબરમતી ભારતની સૌથી વધુ પ્રદૂષિત નદી છે.

❍ ભાલ વિસ્તારમાં વરસાદનાં પાણીનો સંગ્રહ કરતા પછીથી તે ખારાં બની જાય છે. આના ઉપરથી લાગે છે કલ્પસરનાં પાણી પણ ખારાં બની જાય તેવી શક્યતા છે.

જે કંઈ વિગતો આપણે જોઈ તે પરથી લાગે છે કે, સરકારે આ કલ્પસર યોજના પડતી મૂકી સૌરાષ્ટ્રની પ્રજાની પાણીની તરસ છીપાવવા અન્ય વિકલ્પો શોધવા રહ્યા.

નોંધ : વાચકો-મિત્રો કલ્પસર યોજનાની વધુ ટેકનિકલ વિગતો જાણતા હોય તેમજ વિકલ્પોની જાણકારી હોય તો જણાવશો.

**- રાજુ રૂપપુરીઆ**

---

ખેડૂત-ખેતમજૂરો.... (પાન ૧૧નું ચાલુ)

દરની દષ્ટિએ, કર્ણાટક પાછલા વર્ષની તુલનામાં આત્મહત્યામાં ૨૨.૬૧ ટકાના વધારા સાથે સૌથી આગળ છે. રાજસ્થાનમાં ૧૪ ટકાનો વધારો અને મધ્યપ્રદેશમાં ૭.૪૬ ટકાનો વધારો જોવા મળ્યો.

આ મુશ્કેલીઓથી બચીને આગળ વધવાનો એક જ રસ્તો છે : ''ખેતીને સક્ષમ બનાવવી'' કેમ કે ભારત કૃષિ પ્રધાન દેશ છે. ખાતર અને બિયારણ પર પૂરતી સબસિડી, પાણીની ખાતરીપૂર્વક ઉપલબ્ધતા, ખાતરીપૂર્વકના ભાવ અને એક એવી વ્યવસ્થા જેના દ્વારા ખેડૂતોને તેમના ઉત્પાદન માટે વાજબી મૂલ્ય મળે - આ બાબતો સરળ લાગે છે પરંતુ વ્યવહારમાં અત્યંત મુશ્કેલ છે. યુદ્ધો રોકવાં, ઊર્જાના ભાવને નિયંત્રણમાં લાવવા અને આબોહવા પરિવર્તનનો ઉકેલ લાવવો એ કોઈ પણ એક દેશની ક્ષમતા બહારનું છે. પરંતુ સ્થાનિક નીતિઓ કમસે કમ ખેડૂતને એક ખાતરી તો આપી શકે છે કે તેમણે લીધેલું દેવું તેમના પરિવારોને ભૂખે મારશે નહીં, અને જો તેમનો પાક નિષ્ફળ જાય તો પણ તેઓ તૂટશે નહીં. જો ઊર્જા કટોકટી, ભૂ-રાજકીય તણાવ અને આબોહવા પરિવર્તનની અસરો આવી જ રીતે ચાલુ રહેશે તો આગામી સમયમાં કુપોષણ સાથે ખાદ્ય સુરક્ષા સંકટો વધુ ગંભીર બની શકે છે. જે દેશોમાં લાખો લોકો પહેલાંથી જ ભૂખમરા સામે ઝઝૂમી રહ્યા છે, ત્યાં ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો જીવન ટકાવી રાખવાનો પ્રશ્ન બની જાય છે. અને આ યક્ષપ્રશ્ન ફક્ત દૂરનાં અંતરિયાળ ગામડાઓમાં જ નથી - તે શહેરોની ઝૂંપડપટ્ટીઓ અને નાનાં શહેરોની મજૂર વસાહતોમાં સમાન તીવ્રતા સાથે ઊભો છે. પરંતુ અફસોસ કે આ સૌથી મૂળભૂત પ્રશ્ન પર કોઈ ધ્યાન આપતું નથી.

(સાભાર : ગુજરાત ટુડે)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ - ૪

**આ** લેખમાં આપણે સમાજ, પર્યાવરણ અને આરોગ્ય અંગે કેટલીક મહત્ત્વની વાતોને સમજવા પ્રયત્ન કરીશું. સાથે આરોગ્ય જાળવણી માટે હેલ્થ પોલિસીનાં કેટલાંક પાસાં પણ જોઈશું.

## ■ બાળવિકાસ - આરોગ્ય - કુપોષણ

ઉંમર પ્રમાણે બાળક વિકસતું રહે છે. ઊંચાઈ પણ વધે છે પરંતુ જો તેના ખાવા-પીવાની સગવડ ન જળવાય તો ઉંમર પ્રમાણે ઊંચાઈ યોગ્ય પ્રમાણમાં વધતી નથી. અંગ્રેજીમાં Stunting નો પ્રશ્ન કહેવામાં આવે છે. આ સ્ટંટિંગ પ્રશ્નમાં સુધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૦૬માં તેનું પ્રમાણ ૪૮ ટકા હતું તે વર્ષ ૨૦૨૧માં ૩૫ ટકા થયું છે. પરંતુ આ પ્રશ્નની સાથે સામાજિક અસમાનતા પણ સંકળાયેલી છે.

શિડ્યુલ કાસ્ટમાં આ પ્રમાણ ૩૯.૨ ટકા છે. જ્યારે શિડ્યુલ ટ્રાઇબ્સમાં પ્રમાણ ૪૦.૯ ટકા હોય છે. આમાં લિંગ ભેદ - છોકરા છોકરીમાં પણ સ્ટંટિંગના પ્રમાણમાં ભેદ હોય છે. તેમજ એસ.સી.-એસ.ટી.માં છોકરામાં પ્રમાણ ૪૦.૫૨ ટકા હોય છે. જ્યારે એસી.સી.-એસ.ટી. ન હોય તેવા છોકરાઓના પ્રમાણ ૩૯.૯૨ ટકા હોય છે.

## ■ ઉંમર પ્રમાણે વિકાસ ન થવાનાં કારણો

❍ સગર્ભા માતાઓનું અજ્ઞાન.

❍ બાળક માના પેટમાં હોય ત્યારે પૂરતો આહાર ન મળતો હોય, ન્યુટ્રેટીવ ન હોય.

❍ બાળકને બાળ અવસ્થામાં પૂરતી દાક્તરી સારવાર ન મળતી હોય.

❍ સભર્ગા સ્ત્રીને આયર્ન અને ફોલિક એસિડની ટેબલેટ યોગ્ય માત્રામાં મળી ન હોય.

❍ ભારતમાં અન્ય દેશોના પ્રમાણમાં ફળો અને શાકભાજીનું આહારમાં સ્થાન ખૂબ જ ઓછું છે.

સરકાર આ પ્રશ્નના ઉકેલની દિશામાં કામ કરી રહી છે પરંતુ પોલિસી ઘડીને તેમાં વધુ ધ્યાન આપવાની જરૂર છે.

સમાજમાં આર્થિક રીતે નબળા વર્ગ પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. મા-બાળકને પોષણક્ષમ ખોરાક આપવો. સગર્ભા માતાની વિશેષ કાળજી રાખવી. બાળકના જન્મ પછી બંનેની યોગ્ય સારવાર થવી જોઈએ. માતાને જરૂરી શિક્ષણ આપવું જોઈએ.

## ■ કેન્સરના વધતા પ્રભાવને જાણીએ

વર્ષ ૨૦૧૦માં સિદ્ધાર્થ મુખર્જીનું પુસ્તક આવ્યું - The Emperor of all Maladies જેને વર્ષ ૨૦૧૧માં Pulitzer Prize પણ મળ્યું. પુસ્તકને ૧૫ વર્ષ થયાં.




પુસ્તકની નવી આવૃત્તિમાં ૪ પ્રકરણો ઉમેરવામાં આવ્યાં છે. જેમાં એક છે - 'The Connection between environment and cancer. યજ્ઞ પ્રકાશને વર્ષ ૨૦૧૫માં પુસ્તક પ્રગટ કરેલું 'પર્યાવરણ અને કેન્સર'. ધીરે ધીરે નિષ્ણાતોનું ધ્યાન જઈ રહ્યું છે કે પ્રદૂષણના કારણે કેન્સર પેદા થઈ શકે છે.

ઉર્વશિ પ્રસાદ અને શ્રેયા અંજલિએ State of India's Environment - 2026 માં પ્રકરણ લખ્યું છે - India's Invisible Epidemic. આ પ્રકરણમાં નીચેની વાતોને ઉજાગર કરવામાં આવી છે :

❍ પિત્તાશયના આ કેન્સર વિષે સરકારની આરોગ્ય ક્ષેત્રે કામ કરતી એજન્સીઓનું પૂરતું ધ્યાન ગયું નથી.

❍ વિશ્વના કેન્સરના કુલ દર્દીઓમાં ભારતના દર્દીઓની ટકાવારી ૧૦ ટકા છે.

❍ ભારતમાં ગંગા નદીના તટીય વિસ્તારમાં કેન્સરનું પ્રમાણ વધારે માત્રામાં છે.

❍ આમાં પુરુષો કરતાં બહેનોમાં કેન્સર વધારે માત્રામાં છે.

❍ કેન્સર થવાનાં કારણોનો વિચાર કરતાં નીચે પ્રમાણેની યાદી બની શકે છે :

૦ પ્રદૂષિત પાણી, અનાજ અને જમીન ૦ ઉદ્યોગોનું પ્રદૂષણ, આર્સેનિક તેમજ અન્ય હેવી મેટલનું પ્રદૂષણ. ૦ પીવાના પાણીમાં આર્સેનિક, કેડબીયમ સીસા જેવી ધાતુઓ જે ઉત્તર પ્રદેશ, બિહાર અને પ.બંગાળમાં જોવા મળે છે.

❍ પિત્તાશયના કેન્સરમાં ૭૦ ટકા દર્દીઓ ગરીબ પરિવારની બહેનો હોય છે.

❍ વારંવાર વપરાયેલા તેલમાં વસ્તુઓ તળવી, વાસી ખોરાક ખાવો, તે પણ ફ્રિજમાં પણ મૂકેલો ન હોય, પ્રદૂષિત પાણી પીવામાં આવતું હોય.

મુંબઈની તાતા કેન્સર હોસ્પિટલમાં ૮૦ ટકા કેન્સરના દર્દીઓ ત્રીજા અને ચોથા સ્ટેજના હોય છે. આ સ્ટેજે સર્જરી પણ જોખમકારક બને છે.

## ■ ઊગરવાના રસ્તા

We can not fight we can not see. We can not see we do not measure. જો આપણી પાસે સાચું ચિત્ર હોય તો જ આપણે કેન્સરનો મુકાબલો કરી શકીશું.

- સામાન્ય રીતે ગામડામાં કેન્સરના દર્દીઓ મૃત્યુ પામે તો કેન્સર વિષે નોંધ લેવાતી નથી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

- National Clean Ganga Mission પર સાચી દિશામાં કામ ચાલવું જોઈએ.

- પર્યાવરણ અને આરોગ્યના સંબંધ અંગેનાં સંશોધનો થવાં જોઈએ.

■ **કેન્સર – 'Global Burden of Disease' : કેટલાંક ચોંકાવનારાં તથ્યો**

સમગ્ર વિશ્વમાં કેન્સરના રોગનું પ્રમાણ વધી રહ્યું છે. પહેલાં એમ મનાતું કે કેન્સર ધનિક લોકોમાં વધુ માત્રામાં જોવામાં આવે છે. પરંતુ હવે એવું નથી, ઓછી આવક ધરાવતા લોકોમાં પણ તે જોવા મળે છે.

એક બાજુ જીવનશૈલીમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે. લોકો લાંબું જીવી રહ્યા છે. કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે. પણ તેની સામે કેન્સરની સારવાર માટેની સુવિધા તેટલા પ્રમાણમાં વધતી નથી.

વર્ષ ૨૦૨૩ના અભ્યાસ પ્રમાણે ૨૦૪ દેશોમાં વર્ષમાં ૧૮૫ લાખ કેન્સરના નવા દર્દી નોંધાયા છે. અને ૧૦૪ જેટલા કેન્સરના દર્દીઓનાં મોત થાય છે. મૃત્યુ પામતા ૬ જણામાં એક મોત કેન્સરને કારણે થાય છે – કેન્સર થવાનાં મુખ્ય કારણોમાં –

૦ તમાકુનું વ્યસન ૦ દારૂ પીવાની ટેવ ૦ ખાવા-પીવાની ખોટી જીવનશૈલી ૦ ભારે શરીર ૦ હવામાંનું પ્રદૂષણ ૦ જ્યાં કામ કરે છે તેનું પ્રદૂષિત વાતાવરણ. આમાંનાં ૪૧.૭ ટકા કારણોમાંથી મુક્તિ મેળવવાની શક્યતા છે, બદલાવ લાવી શકાય તેમ છે.

આ માટે યોગ્ય આરોગ્ય નીતિ લાગુ કરવાની જરૂર છે. જો આમ ને આમ બધું ચાલ્યા કરશે તો વર્ષ ૨૦૫૦ સુધીમાં વિશ્વમાં કેન્સરના ૩૦૫ લાખ દર્દીઓ પ્રતિ વર્ષ પેદા થશે અને ૧૮૬ લાખ લોકો પ્રતિ વર્ષ મૃત્યુ પામશે.

જો આપણે સામૂહિક ઇચ્છાશક્તિ ધરાવીએ તો કેન્સરના બિહામણા ચિત્રમાં બદલાવ લાવી શકીએ છીએ. તે અંગેનું જ્ઞાન પણ આપણે ધરાવીએ છીએ.

■ **અલ્ટ્રાપ્રોસેસ ફૂડ બંધાણી બનાવે છે**

આજના જમાનામાં બહારની રેડીમેડ ખાવાની વસ્તુઓનો વપરાશ વધી ગયો છે. વસ્તુને ચટપટી બનાવીને, જાહેરાતનો મારો ચલાવીને માર્કેટિંગ મેનેજમેન્ટની કળા અપનાવીને અલ્ટ્રાપ્રોસેસ ફૂડ્સ બજારમાં મોટા પાયે વેચાય છે.

સિગરેટ પીનારનું બ્રેઇન એ રીતનું બની જાય છે કે પીતી વખતે તેને આનંદ આવે છે. એક જાતની તેને શાંતિ મળે છે. તેમજ વારંવાર તે મેળવવાની ઇચ્છા થાય છે.

આવી ટેવ એ સામાન્ય બાબત નથી. વાપરનાર બંધાણી બની ચૂક્યો હોય છે. વારંવાર વપરાતી ચીજો તે હેતુ પાર પાડવા જ બનાવવામાં આવતી હોય છે – ''દિલ માંગે મોર.''

બાળકો ફળ-શાકભાજી ખાતાં નથી પણ પ્રોસેસફૂડ માંગે છે. સ્કૂલ કૉલેજની કેન્ટીમાં તે આસાનીથી મળી જાય છે. હવે તો ફોન કરી ઓર્ડર બુક કરાવતાં ઘર બેઠાં ૧૦-૧૫ મિનિટમાં જે ચીજ મંગાવો તે હાજર થઈ જાય છે. આ ચીજોમાં સુગર, સોલ્ટ અને ફેટ સારી એવી માત્રામાં હોય છે.

University of Michigan એ અલ્ટ્રાપ્રોસેસ ફૂડ પર અભ્યાસ કર્યો છે. Yale University એ પણ આ વિષય પર સંશોધન કર્યું છે.

વિવિધ અભ્યાસોનું એવું તારણ છે કે જે રીતે Nicotine કે અલ્કોહોલ મગજની neural circuits પર કામ કરે છે તે રીતે અલ્ટ્રા-પ્રોસેસ ફૂડ પણ કામ કરે છે. આ ચીજો પોચી હોય છે. રેષા ખૂબ જ ઓછા પ્રમાણમાં હોય છે. ચાવવામાં સરળ હોય છે. તેમાં રહેલી સુગર અને ફેટ(ચરબી) શરીરમાંના લોહીમાં જલદી ભળી જાય છે. અને ડોપામાઈન મુક્ત થાય છે.

"Dopamine is a vital neuro - trnasmitter that acts as the brains "Feel-good" chemical messenger". સાદો ખોરાક જેમાં સામાન્ય રીતે ફળો, અનાજ(ધાન)નું ચયાપચન ધીમું થાય છે, જ્યારે અલ્ટ્રા પ્રોસેસ ફૂડનું ચયાપચન જલદી થતું હોય છે.

સામાન્ય રીતે તમાકુના સાદા પાનને કોઈ ચાવતું નથી. પરંતુ તેને સૂકવવામાં આવે દળવામાં આવે પાવડરના સ્વરૂપે કે સળગાવીને ધુમાડો લેવામાં આવે તો તેમાં રહેલું નિકોટીન મગજને જલદી અસર કરે છે અને માણસ તેનો બંધાણી બને છે. આવું જ અલ્ટ્રાપ્રોસેસ ફૂડનું છે. ફેટ(ચરબી) અને સુગર જ્યારે ફૂડમાં સાથે હોય ત્યારે ડોપામાઈનનો રીસ્પોન્સ ત્વરિત હોય છે.

જે ખોરાકમાં ફેટ અને કાર્બોહાઈડ્રૅટનું પ્રમાણ વધારે હોય તેને ખાવાનું મન તો થાય છે પરંતુ જ્યારે કાર્બોહાઈડ્રૅટ તેમજ ચરબીમાંની ઊર્જા શરીરમાં ફિલ થવા માંડે તેમ વારંવાર ખાવાનું મન થાય છે.

"UPFS trigger Dopamine : When tasted and minutes later when the body detects energy. The second wave is stronger for food high in fat and carbohydrates".

– ૨.

## વાચકોના પત્રોમાંથી

- **હેમન્તકુમાર શાહ,** (અમદાવાદ, મો. ૯૮૯૮૦૭૫૯૯૦)

  ભૂમિપુત્રનો ૧૬-૦૫-૨૦૨૬નો અંક બહુ જ સરસ છે. અભિનંદન.

- **કપિલભાઈ ઓઝા,** (અમદાવાદ, મો. ૯૬૮૭૪૧૯૯૩૬૭)

  ભૂમિપુત્રનો ૧૬-૦૬-૨૦૨૬ના અંકમાં ગુરદીપસિંહનો શિક્ષણ વિષેનો લેખ વર્તમાન સ્થિતિનો નગ્ન ચિતાર છે. આપણી આંખો ખોલનારો છે. વિદ્યાર્થીઓ આપઘાત કરે છે. મારી દીકરી મનોચિકિત્સક છે તેની પાસે NEETના વિદ્યાર્થીઓના કેસ આવે છે.

  આમાંથી ઊગરવા યુવાનોએ આંદોલન ચલાવવું જોઈએ.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગાંધી, લેનિન અને સામ્યવાદનાં ૧૦૦ વર્ષ

**તા**જેતરમાં સામ્યવાદી પક્ષ સો વરસ વટાવી ગયો છે. એક અર્થમાં એ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ બેઉ સમવયી જ છે - ૧૯૨૫ના વિજયાદશમી પર્વે સંઘની સ્થાપના થઈ અને એ જ વરસના ડિસેમ્બરમાં કાનપુર કોન્ફરન્સ સાથે સામ્યવાદી પક્ષનોયે વિધિવત્ પ્રારંભ થયો.

જોકે, સામ્યવાદી પક્ષના ઉદય સંદર્ભે એક બીજી તારીખ પણ પ્રસંગોપાત્ત આગળ કરાતી હોય છે : ૧૯૨૦માં તાશ્કંદમાં ક્રાંતિકારી પૃષ્ઠભૂ ધરાવતા કેટલાક ભારતીઓએ હિંદી સામ્યવાદી પક્ષનું ગઠન કર્યું હતું, જેમાં અગ્રભૂમિકા એમ.એન. રોયની હતી.

રોય મૂળે તો કિશોરાવસ્થા અને તારુણ્યના સંધિકાળે દેશમાં ક્રાંતિકારી વલણો સાથે સક્રિય હતા અને તે માટે જરૂરી શસ્ત્રખોજ એમને દેશ બહાર લઈ ગઈ. અમેરિકા થઈ એ મેક્સિકો પહોંચ્યા હતા. અમેરિકામાં ત્યારે હિંદી મૂળના જ ક્રાંતિકારી તરુણો હશે તે પૈકી રોયની પ્રતિભા, ત્યાં ત્યારે દેશનિકાલ જિંદગી બસર કરતા લાલા લજપતરાયને સવિશેષ સ્પર્શી ગઈ હતી. મેક્સિકોમાં સમાજવાદી વલણોવાળી ક્રાંતિમાં રોય સંકળાયા અને અગ્રસ્થાને પહોંચ્યા તે દરમ્યાન એમણે રૂસી ક્રાંતિનીયે છાલક ઝીલી હતી.

આ સંપર્ક એમને રશિયામાં લેનિન સાથેના જીવંત સંપર્ક સુધી લઈ ગયો. અને કોમિન્ટર્ન (કોમ્યુનિસ્ટ ઇન્ટરનેશનલ) પર પણ એમનો પાટલો મંડાયો હતો. આગળ ચાલતાં એ ધરપકડનું જોખમ વહોરી દેશમાં પાછા ફર્યા ત્યારે રાષ્ટ્રીય મુક્તિ સાથે આર્થિક-સામાજિક પરિવર્તનના વ્યાપક માનવીય એટલા જ આંતરરાષ્ટ્રીય પરિવર્તનમાં એમની વિચારણા ઠરી હતી.

સામ્યવાદી પક્ષનો વિધિવત્ પ્રારંભ તાશકંદ (૧૯૨૦) ગણો કે કાનપુર (૧૯૨૫)થી, દેશમાં સામ્યવાદી વિચારોના પ્રવેશ ને પરિચયની અવિધિસરની શરૂઆત તો તેથી યે વહેલી થઈ ગઈ હતી. જે અનુશીલન સમિતિ સાથે કોકેન એ ગુપ્ત નામથી ક્યારેક સંઘસ્થાપક હેડગેવાર પણ સંકળાયા હતા તે પૈકી ઘણા રાષ્ટ્રીય આઝાદીના ખયાલની જોડાજોડ સામ્યવાદ ભણી પણ ખેંચાયા હતા. વિવેકાનંદના ભાઈ ભૂપેન્દ્રનાથ દત્ત આ સંદર્ભમાં તરત સાંભરે છે. બલકે, સમયમાં જરી આગળ જઈને સંભારું તો હેડગેવારને શરૂઆતના વર્ષમાં સાંપડી રહેલા સંઘકાર્યવાહક બાલાજી હુદ્દાસે પણ, પછીથી, સામ્યવાદી સંધાન સ્વીકાર્ય જણાવ્યું હતું.

જોગાનુજોગ જ 'ઇન્કિલાબ ઝિંદાબાદ'નો નારો સંભાર્યો તે સાથે હસરત મોહાનીનું સહજ સ્મરણ થઈ આવ્યું. મોહાની આઝાદી જંગના લડવૈયા હતા અને આ નારો એમનું ફરજંદ હતો. ૧૯૨૧ની અમદાવાદ કોંગ્રેસમાં હાજર રહી પૂર્ણ સ્વરાજની એમણે હિમાયત કરી હતી.

આ મોહાનીનુંયે આગળ ચાલતાં, સામ્યવાદી સંધાન હતું, પણ અગત્યની વાત એ છે કે કાનપુરની સ્થાપના કોન્ફરન્સથી ચાર વરસ પૂર્વે આ કોંગ્રેસના દિવસોમાં અહીં સામ્યવાદી સાહિત્ય વહેંચાયું હતું, જેમાં નોંધપાત્ર પુસ્તક રોય કૃત 'ઇન્ડિયા ઇન ટ્રાન્ઝિશન' હતું.

૧૯૨૦ની તાશકંદ ઘટના અને એ જ વરસની ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાની ઘટના. એ પણ એક ધ્યાન ખેંચતું ઇતિહાસજોડલું છે. ઇન્દુલાલ યાજ્ઞિકનું સ્મરણ છે કે ગુજરાતને લેનિનનો પ્રારંભિક પરિચય ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય ગિદવાણીની દેણ હતી. ખરું જોતાં ગાંધી અને લેનિનને સાથે રાખીને ઇતિહાસનાં વહેણ તપાસ લાયક છે. દ.આફ્રિકાથી આગળ ચાલતાં સામ્રાજ્યવાદ સામેના રાષ્ટ્રીય આઝાદી જંગની ભૂમિકા રચીને ગાંધી વતનમાં ૧૯૧૫માં પાછા ફરે છે. અને લાંબી જલાવતન જિંદગી પછી સંઘર્ષ અને શાસનસૂત્ર સંભાળવા લેનિન ૧૯૧૭માં રશિયા પાછા ફરે છે. વીસમી સદીના પહેલા ચરણમાં આમ, ઇતિહાસની કરવટબદલનું એક સ્પૃહણીય એટલું જ સ્વાધ્યાયલાયક જોડલું આપણી સામે આવે છે.

હજી તો રૂસી ક્રાંતિ થઈ પણ નહોતી અને લેનિને હિંદના આઝાદીના લડવૈયા લેખે તિલકને બિરદાવ્યા હતા - એમને લાંબી કેદ પડી અને બ્રિટનના લિબરલો કેમ ચૂપ છે, એવું લેનિને લખ્યું હતું. ૧૯૧૭ની ક્રાંતિ વખતે તિલકે 'કેસરી'માં ખાસ તંત્રીલેખ લખ્યો હતો અને લેનિનના નેતૃત્વમાં એક શાંતિચાહક એટલા જ ન્યાય લડવૈયાના ગુણની નોંધ લીધી હતી.

અત્યારે જે ખાસ પ્રકારનો રાષ્ટ્રવિમર્શ આપણી સામે આવી રહ્યો છે એની વચ્ચે તિલકનું એ અવલોકન રસપ્રદ થઈ પડે છે કે સત્તાસ્વાર્થ માટે જંગે ચડતા કે યુદ્ધ ઊભું કરતા ઉપલા વર્ગો સામે લેનિનનો ક્રાંતિકારી મિજાજ જાયજ છે અને લાલા લજપતરાય ? એમણે તો ઐટુક (ઓલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ)ના સ્થાપના અધિવેશનમાં બિલકુલ લેનિનના જ વિચારદોરનો પડઘો પાડ્યો હતો કે મૂડીવાદ એ મનુષ્યજાતિનું લોહી ચૂસે છે.

લશ્કરવાદ અને સામ્રાજ્યવાદ એ બે મૂડીવાદનાં જોડિયાં સંતાન છે. બલકે, ત્રણે અવિભાજ્યપણે સંપૃક્ત છે. (લેનિન કૃત 'ઇમ્પિરિયાલિઝમ ઈઝ ધ હાઈએસ્ટ સ્ટેજ ઓફ કેપિટાલિઝમ' સાંભરે છે ?)

૧૯૨૮ના નવેમ્બરમાં 'યંગ ઇન્ડિયા'ની એક ટિપ્પણીમાં તેમજ લગભગ એ જ અરસામાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે બોલતાં ગાંધીજીએ લેનિન અને એમના બોલ્શેવિક સાથીઓના સંઘર્ષ ને સમર્પણનો આદરપૂર્વક ઉલ્લેખ કર્યો હતો. અલબત્ત, હંમેશના કેવિયટનુમા અંદાજમાં કે હું એમના હિંસા-માર્ગને સ્વીકારતો નથી. ગમે તેમ પણ, સમજવાનું એ છે કે વિસમી સદીએ એના પહેલા ચરણ અધવચ બે શકવર્તી નેતૃત્વ જોયા હતા. જેમની વચ્ચે રોમાં રોલાં જેવા વિશ્વમાનવતાના યાત્રી કંઈક સમન્વય ઝંખતા હશે એવું કાઠું એ બંનેનું હતું.

શતક યાત્રાનું આ તો મુખડું માંડ બાંધ્યું છે. એના ચઢાવ-ઉતાર, ૧૯૪૨થી એનું ને સંઘ બંનેનું અંતર, સ્વરાજ પછી અપવાદ બાદ કરતાં પાર્લમેન્ટરી પદ્ધતિનો અંગીકાર, ૧૯૫૭માં લોકસભામાં મુખ્ય વિપક્ષ વગેરે ઘણુંબધું ચર્ચવું રહે છે. યથાનિમિત્ત.

(સાભાર : દિવ્ય ભાસ્કર) **- પ્રકાશ ન. શાહ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# જે. કૃષ્ણમૂર્તિનું શિક્ષણ

**જે.** કૃષ્ણમૂર્તિ વર્તમાન સદીના મહાન દાર્શનિક હતા. તેઓ તારીખ ૧૭-૦૨-૧૯૮૬ના રોજ ગૂજરી ગયા. તેમનો દેહાંત થયો હોવા છતાં તેમના શિક્ષણ (teaching) દ્વારા તેઓ હયાત છે અને વર્ષો સુધી માનવજાત તેમાંથી પ્રેરણા પામતી રહેશે.

પુસ્તકો, કેસેટો, પ્રવચનો, ચર્ચાઓ દ્વારા કૃષ્ણમૂર્તિને સમજવાનો આપણે પ્રયત્ન કરી શકીએ. તેમના વિચારો અને તેમની ભાષા આપણા માટે મહદંશે અજાણ્યાં હોવાથી યાંત્રિક ગતિએ ચાલતી કેસેટો દ્વારા તેમને સમજવામાં પૂરેપૂરી અનુકૂળતા ન રહે. તેમને બોલતા જોવાનો આનંદ જરૂર અનુભવાય, કંઈક પ્રેરણા પણ થાય, છતાં આપણી પ્રતિબદ્ધતાઓ (conditioning)ને કારણે તેમને સમજવામાં મુશ્કેલી રહે છે. આથી કેસેટોનો ઉપયોગ કરવાની સાથે વિશેષતઃ પુસ્તકોનો લાભ લેવો જોઈએ. આપણી ગતિ અનુસાર પુસ્તક વાંચવું અને સાથે સાથે વિચારવું, સમજવું વધુ શક્ય હોય છે. જેઓ અંગ્રેજી સમજી શકે છે તેમણે તો અંગ્રેજીમાં લખાયેલાં પુસ્તકોનું જ અધ્યયન કરવું જોઈએ. તે શક્ય ન હોય તો ગુજરાતી પુસ્તકોનો ઉપયોગ કરવો જોઈએ. અનુવાદોની કેટલીક મર્યાદાઓ છતાં મહદંશે કૃષ્ણમૂર્તિને ગુજરાતી પુસ્તકોમાં યોગ્ય રીતે રજૂ કરી શકાયા છે.

સામાન્ય રીતે કૃષ્ણમૂર્તિને સમજવા અનેક લોકોને ખૂબ જ અઘરા લાગે છે અને તેઓને સમજતાં કેટલાક પ્રશ્નો પેદા થતા હોય છે. આવું કેમ થાય છે તથા તેનો જવાબ શો છે, તે વિષે આપણે સંક્ષેપમાં સમજીશું.

કૃષ્ણમૂર્તિને વાંચતાં-સાંભળતાં-સમજતાં કેટલાયના મનમાં પ્રશ્ન થાય છે કે તેમણે નવું શું કહ્યું છે? આ પ્રકારનું મન કંઈ જાણવાને બદલે, તુલના કરવામાં, મૂલ્યાંકન કરવામાં રસ ધરાવે છે. જૂનું મન પ્રશ્ન કરે છે કે કૃષ્ણમૂર્તિએ નવું શું કહ્યું ? પોતે કંઈ નવું સત્ય દુનિયાને આપે છે તેવો તેમનો દાવો પણ નહોતો. શાસ્ત્રોની ભાષામાં કહીએ તો તેમણે અદ્વૈતની વાત કરી હતી, પણ નોંધનીય એ છે કે એમણે શાસ્ત્રો વાંચ્યાં નહોતાં. એમણે મુખ્યત્વે બાઇબલ અને બુદ્ધને વાંચ્યાં હતાં.

કૃષ્ણમૂર્તિ સામે બૌદ્ધિકોના મનમાં બીજો પ્રશ્ન એ થાય છે કે કૃષ્ણમૂર્તિ ખૂબ જ અઘરા છે. તેઓ એક જ પ્રવચનમાં પ્રેમ, હિંસા, સંઘર્ષ, મૃત્યુ, ધ્યાન એમ અનેક વિષયોને ચર્ચતા જોવા મળે છે. વાસ્તવમાં એમની અંગ્રેજી ભાષા અત્યંત સરળ છે, પણ તેઓની ભાષા - શબ્દોના અર્થ - તદ્દન ભિન્ન છે. વળી એમની વાત અત્યંત સરળ છે પણ આપણું મન ખૂબ જ જટિલ છે. તેથી સહેલી બાબત પણ ભારે કઠીન લાગે છે. તેમને સીધા સમજવામાં મુશ્કેલીનો અનુભવ કરનારા જિજ્ઞાસુઓ, તેમના વિચારોને આપણા પ્રતિબદ્ધ મનને માફક આવે તેવી રીતે અન્ય ચિંતકોએ રજૂ કરેલા છે તેથી પ્રથમ તેનાથી આરંભ કરી શકે.

કૃષ્ણમૂર્તિ વાંચનાર-સમજનારને એમ પણ થાય છે કે તેઓ કશું નક્કર આપતા નથી અને આપણું બધું લઈ લે છે. એટલે કે તેઓ આપણી કહેવાતી સિદ્ધિઓની વ્યર્થતા વ્યક્ત કરે છે અને આપણા અજ્ઞાન તથા ગેરમાર્ગને ખુલ્લાં કરે છે. આથી આરંભમાં તો વ્યક્તિ બેહદ નિરાશ થઈ જાય છે. તેને જીવનમાં અંધકારનો અનુભવ થાય છે. જીવ્યું વ્યર્થ લાગે છે. જાણે કે લૂંટાઈ ગયા તેવી લાગણી થાય છે. તેની સામે કૃષ્ણમૂર્તિ કશું નવું, હકારાત્મક આપતા નથી તેવું કેટલાયને લાગે છે. પણ કૃષ્ણમૂર્તિ આપણા અજ્ઞાનને ખુલ્લું પાડીને 'જાગ્યા ત્યાંથી સવાર' મુજબ નવો રાહ પકડવામાં અવશ્ય મદદ કરે છે. અને તેઓ કેવળ નકારાત્મક છે, કશું હકારાત્મક આપતા નથી તે દલીલ પણ સાચી નથી. તેઓ કહે છે : 'To see is to act.' તેમના શિક્ષણનો ઝોક 'જોવા' પર છે. જેનું દર્શન સ્પષ્ટ હશે તેની ક્રિયાઓ પણ સાચી જ હશે. કોઈએ ક્યારે શું કરવું તેનો જવાબ આપવો શક્ય જ નથી, કેમ કે પરિસ્થિતિઓ સતત બદલાય છે, તેથી વર્તન પણ સતત તેને અનુરૂપ હોવું જોઈએ. તો જ પરિસ્થિતિનો યોગ્ય રીતે મુકાબલો થઈ શકે. જીવન ગતિશીલ (dynamic) છે જ્યારે જ્ઞાન, વિચારો, માર્ગદર્શન સ્થગિત (static) છે. તેથી પ્રશ્નોના તૈયાર જવાબો ન હોઈ શકે. 'જીવન એ કોઈ એવું પુસ્તક નથી કે જેના છેલ્લા પાને પ્રશ્નોના જવાબો લખેલા હોય.' - જે. કૃષ્ણમૂર્તિ.

કૃષ્ણમૂર્તિની એક બીજી એવી ટીકા કરવામાં આવે છે કે તેમને સાંભળવાથી, વાંચવાથી દુનિયામાં શો ફેર પડ્યો ? તેમને વર્ષો સુધી વાંચનારા-સાંભળનારા-સમજનારના જીવનમાં ક્યાં ફેર પડ્યો ? કેટલાના જીવનમાં પરિવર્તન આવ્યું? આ પ્રકારના પ્રશ્નો પણ અજ્ઞાન જ વ્યક્ત કરે છે. પ્રથમ તો કોના જીવનમાં તેથી શો ફેર પડ્યો તેનો ચોક્કસ જવાબ આપવો એટલા માટે શક્ય નથી કે તેની કંઈ કોઈ મોજણી કરવામાં આવી નથી, તેમજ મોજણી શક્ય પણ નથી. પરિવર્તન થયું-ન થયું, કેટલું થયું તે તો વ્યક્તિ પોતે કહી શકે, અન્ય નહિ. વળી આ જથ્થાવાચક નહિ પણ ગુણાત્મક બાબત છે. પુસ્તકો, ગુરુઓ, કેસેટો, ધ્યાનના કલાકો વગેરે જથ્થાવાચક બાબતો છે. અધ્યાત્મમાં પ્રગતિ તેના આધારે માપી ન શકાય. પરિવર્તન થાય તો ક્ષણમાં થાય, અને ન થાય તો કદીય ન થાય. સૂર્યનાં કિરણ આયનો ઝીલી શકે અને ઠીકરું ન ઝીલે તો તેમાં દોષ સૂર્યનો કે ઠીકરાનો ?

કૃષ્ણમૂર્તિ કહી કહીને એક જ અને આટલી વાત જ કહે છે ને ! 'Passive awareness!' બુદ્ધિ દ્વારા થતી આવી ટીકા પણ કૃષ્ણમૂર્તિના શિક્ષણની ગેરસમજ દર્શાવે છે. કૃષ્ણમૂર્તિને તર્ક, શબ્દો, વર્ણન, ખ્યાલો, સિદ્ધાંતો, પદ્ધતિઓથી જ સમજવા માગનારા કૃષ્ણમૂર્તિના શિક્ષણને કદી પામી નહિ શકે. કૃષ્ણમૂર્તિ જ્ઞાન કરતાં અનુભવ પર વધારે ઝોક મૂકે છે. રસોઈના સ્વાદનું ગમે તેટલું વર્ણન સ્વાદનો સ્વાનુભવ ન કરાવી શકે. એટલે સાંભળવા-વાંચવાની સાથે, રસોઈને ચાખવાની જેમ, શિક્ષણ મુજબ જીવવું જોઈએ. પાંજરામાં પુરાયેલો પોપટ 'સ્વાતંત્ર્ય, સ્વાતંત્ર્ય' બોલ્યા કરે, કોઈ પાંજરાનું દ્વાર ખુલ્લું કરે છતાં પોપટ સ્વતંત્ર થવાને બદલે સ્વાતંત્ર્યના જાપ જપ્યા કરે, એના જેવું આપણે પણ દાર્શનિકોને વાંચીને કરતા હોઈએ છીએ. અધ્યાત્મ એ તો જીવવાનો વિષય છે, નહિ કે માત્ર વાંચવા-સાંભળવા-બોલવા-લખવાનો !

આપણી મુખ્ય મર્યાદા એ છે કે આપણા જીવનમાં સાચી રીતે જીવન જીવવાની કોઈ તાલાવેલી, ગૂંગળામણ, કટોકટી નથી. જીવનરૂપી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ઘર ભડકે બળે છે, જીવનમાં પાર વિનાના પ્રશ્નો છે. જેમ રોમ ભડકે બળતું હોવા છતાં નીરો ફીડલ બજાવતો હતો તેમ આપણે પણ બુદ્ધિરૂપી ફીડલ બજાવ્યા કરીએ છીએ.

આપણા જીવનમાં અસંતોષ (dissatisfaction) છે, પણ વિષાદ (discontent) નથી. તે માટે આપણું મન જવાબદાર છે. મન જ પ્રશ્નો પેદા કરે છે અને મન જ આપણને રસ્તાઓ બતાવ્યા કરે છે. ચોરને ચોકીદારનું કામ સોંપવા જેવું આપણે કરીએ છીએ ! મન આટલી પદ્ધતિઓ દ્વારા આપણા અસંતોષને પ્રજ્વલિત થતાં, વિષાદમાં પરિણમતાં રોકે છે : ૧. પ્રશ્નો છે જ નહિ તેનો ધરાર નકાર આરંભમાં કર્યા કરવો. ૨. પણ પ્રશ્નો સતત ચાલુ જ રહ્યા કરવાથી તેનો સતત નકાર કરવો શક્ય નથી હોતો તેથી લૂલા બચાવો (defence mechanism) કરવામાં આવે છે. બચાવો છતાં તથ્ય ચાલુ જ રહે છે અને પરેશાન કર્યા કરે છે તેથી. ૩. મન પલાયનવાદ સૂચવે છે. પ્રશ્નોથી તંગ આવી જઈએ છીએ તેથી કંઈક રાહત લાગે માટે વાચન, શ્રવણ, પર્યટન, મૈત્રી, મનોરંજન, ખાણીપીણી, વાતચીતો, મન રોકાઈ રહે તેવી પ્રવૃત્તિઓ વગેરેનો સહારો શોધીએ છીએ. પણ આ કેવળ શાહમૃગવૃત્તિ છે. સાચો રાહ તો પ્રશ્નોનો સીધેસીધો મુકાબલો કરવાનો રહે છે. તેમાં સંઘર્ષ નથી કરવાનો પણ પ્રશ્નોનું નખશિખ નિરીક્ષણ કરવાનું છે.

કૃષ્ણમૂર્તિના વિચારોને ત્રણ શબ્દોમાં રજૂ કરી શકાય. Stop, Look, Go. જીવનમાં આપણે જે કંઈ કરી રહ્યા છીએ તે કેટલાક સમય માટે, વખતો વખત, થંભાવવું જોઈએ. થોડોક સમય શાંતિથી બેસવું કે એકલા ફરવા જવું જોઈએ. જીવનમાં અટકીશું તો જ જે કંઈ છે, તે જોઈ શકાશે. અને તથ્યને સ્પષ્ટ રીતે જોઈશું તો ક્યાં, ક્યારે જવું એટલે કે શું કરવું તેનું સ્પષ્ટ માર્ગદર્શન મળશે. જેમ આયનામાં જોવાથી આપણને શું કરવું તેનું સ્વયં માર્ગદર્શન મળે છે, તેમ સંબંધોરૂપી આયનામાં આપણે આપણને જોઈશું તો આપણા જીવનમાં આમૂલ પરિવર્તન (mutation) આવશે. સંક્ષેપમાં, કોઈ જ હેતુ વિના, લેબલ લગાડ્યા વગર, તુરત જ, સતત આપણા વિચારો, આપણી વાણી તથા આપણાં વર્તનો જોતા રહીશું તો કૃષ્ણમૂર્તિના કહેવા મુજબ આપણા જીવનમાં સતત સુખ-શાંતિનો અનુભવ થશે. ત્યાં અનુભવકાર નહીં હોય, કેવળ અનુભવ હશે.

**– બબાભાઈ પટેલ**



**જે.કૃષ્ણમૂર્તિનું જીવનગીત**

(જે.કૃષ્ણમૂર્તિની વિચાર કણિઓ)

સંકલન : હરિભાઈ જે. પટેલ,

પૃષ્ઠ-૬૮, રૂ. ૪૦ રાહત દરે

પ્રાપ્તિ સ્થાન :

યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર,

હુજરાતપાગા, વડોદરા – ૩૯૦ ૦૦૧.

# વાંચન થાળ

■ **ગ્રંથવિહાર – ગુજરાતી સાહિત્ય પરિષદ,** આશ્રમ માર્ગ, અમદાવાદ-૯, ફોન : ૭૯-૨૬૫૮૭૯૪૯




○ પ્રાણપોષક આહાર માટે ગાંધીની ખોજ – વિપુલ કલ્યાણી. પૂરક લેખન અને સંપાદન : કેતન રૂપેરા, પૃષ્ઠ-૧૧૨ કિં.રૂ. ૧૦૦.

યુ.કે. સ્થિત વિપુલભાઈ કલ્યાણી પત્રકાર, લેખક, ઓપિનિયનના સંપાદક છે. ગુજરાતના સામાજિક કાર્યકરો, લેખકો સાથે સંપર્ક જાળવી રાખે છે.

અંગ્રેજી પુસ્તક 'Gandhi's Search for the Perfect Diet – લેખક નીકો સ્લેટ તેમના પુસ્તકમાં સાત પ્રકરણોમાં નિમક, ચોકલેટ, બકરાનું માંસ, મગફળીનું દૂધ, વણરાંધેલું અનાજ, કુદરતી ઓસડિયાં, ખેતીવાડી તેમજ ઉપવાસની વાત નોંધે છે. આ તેમજ ગાંધીનાં અન્ય અંગ્રેજી-ગુજરાતી પુસ્તકોના અભ્યાસના અંતે કેવી રીતે જીવન ગુજારવું અને શો આહાર લેવો તે અંગે ૧૦ જેટલા લેખો પોતાના પુસ્તક 'પ્રાણપોષક આહાર માટે ગાંધીની ખોજ'માં લખે છે. પુસ્તક રસપ્રદ છે. કેટલીક મહત્ત્વની નોંધો જોઈએ.

○ ગાંધીજીને બળવાન અને હિંમતવાન થવું છે પણ માતાપિતાને છેતરવાં નથી, જરૂર પડે માંસાહાર છોડવો પડે તો છોડ્યો છે.

○ યુવાન મોહન માતાને કહે છે, 'માંસ, મદિરા અને સ્ત્રીસંગથી બચીશ.' – બાના ખોળામાં સૂઈ જઈને મનાવે છે – તું જોજે તો ખરી હું વિલાયત જઈને કેવો હોશિયાર થઈ આવું છું !

○ આગબોટમાં શરમાળ મોહનદાસ લખે છે – 'કઈ વસ્તુ માંસ વિનાની હોય એ પૂછવાની હિંમત ન ચાલે એટલે હું ખાવાના ટેબલ પર તો કદી ગયો જ નહીં. કોટડીમાં જ ખાતો. મુખ્યત્વે મારી સાથે મીઠાઈ લાવ્યો તેના પર નિભાવ કર્યો.

○ માંસ-મદીરા વગર ઠંડી આબોહવામાં નહીં ચાલે. દારૂ પીધા વગર ગાંધીજીએ દરિયો નિરખતાં નિરખતાં જ્યારે મન થાય ત્યારે પિયાનો પણ વગાડ્યો હતો.

○ ૧૮ વર્ષની વયે વેજિટેરિયન મળતાં વિલાયત આવ્યા પછી પેટ ભરીને ગાંધીજી જમ્યા હતા.

○ ગાંધીજી કેટલાંક પુસ્તકો વાંચીને ખોરાકમાં રચનાત્મક ફેરફાર કરે છે.

○ ઈંડામાં માંસ નથી તેવી દલીલથી ભોળવાઈને ગાંધીજીએ થોડો સમય ઈંડાંનું સેવન કર્યું હતું પણ તેમણે લીધેલી પ્રતિજ્ઞાના રહસ્યનું ભાન આવતાં જ ઈંડાં છોડ્યાં હતાં.

○ ગાંધીજીએ નિમક પરના વેરા સામે ૨૧-૨૨ વર્ષની ઉંમરથી લઈને



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૬૦-૬૧ની ઉંમર સુધી ૪૦ વર્ષ સુધી વિરોધ નોંધાવ્યો હતો. આખરે ૧૯૩૦માં અભૂતપૂર્વ દાંડીકૂચ કરી.

○ ગાંધીજી આહારમાં બહુ જ ઓછું મીઠું લેતા હતા. ૬૧ વર્ષની વયે રોજ નવ-દશ માઈલ ચાલતા હતા. પણ મીઠું ઓછું લેવાના કારણે 'લૉ બી.પી.' જેવી કોઈ મુશ્કેલી આવી ન હતી.

○ ગાંધીજી મિત્ર સાથે વાર્તાલાપમાં કહે છે - ચોકલેટમાં મરણ ભાળે છે. ગળપણ માટેની રુચિ તો દવાદારૂ માટેનો પ્રવેશદ્વાર છે. તે આત્મ-સંયમને ઢીલોપોચો રાખે છે. ચોકલેટ મોજશોખ માટેનો આહાર છે. 'ચા-કોફી, કોકો... આ વસ્તુઓ દૂષિત છે. જેની હોજરી નિયમસર ચાલે છે તેને ચા-કોફી, કોકોની મદદની જરૂર રહેતી નથી.'

○ ખાંડ / મીઠાઈ અંગે લખે છે - ખાંડના ઉત્પાદન માટે ગિરમીટિયાની પ્રથા શરૂ થઈ ત્યારથી અમેરિકામાં ગુલામીની પ્રથા ઘૂસી ગઈ. વેપારીઓના નર્યા લાભાર્થે કૃત્રિમ રીતે ખાંડની જરૂરિયાત ઊભી કરવામાં આવી છે.

○ તેલ ઘી અંગે લખે છે - મનુષ્યના ખોરાકમાં થોડેઘણે અંશે ચીકણા પદાર્થની જરૂર છે તે ઘી, તેલથી મળી રહે છે. ઘી મળી રહે તો તેલની કશી આવશ્યકતા નથી. તેલ પચવામાં ભારે હોય છે.

○ ગળપણ - તળેલી ચીજો અંગે લખે છે - દિવસમાં વીસ-ત્રીસ ગ્રામ જેટલાં ગોળ-ખાંડ લેવામાં હાનિ નથી. મીઠાં ફળો ન મળે તો ગોળ-ખાંડની જરૂર પડે. અંગ્રેજોને આપણી મીઠાઈઓ અને ઘીમાં રાંધેલી વસ્તુઓ ખાતાં માંદા પડતા મેં (ગાંધીજીએ) જોયા છે.

○ દૂધ અને તેની બનાવટો - દૂધ અંગે ગાંધીજીના વિચારો બદલાયા છે. આપણે ત્યાં દૂધને માંસાહારમાં ગણવામાં નથી આવતું. પરદેશમાં ગણવામાં આવે છે. પણ જે ગુણ માંસમાં છે તે દૂધમાં છે. પ્રાણીના દૂધના સ્થાને બદામનું દૂધ, મગફળીના દૂધની તરફેણમાં ગાંધીજીએ લખેલું છે.

શ્રીમદ્ રાજચંદ્રે ગાંધીજીને કહેલું, દૂધ ઇંદ્રિય વિકાર પેદા કરનારી વસ્તુ છે. ગાય ભેંસમાંથી દૂધ કાઢવાની પ્રક્રિયા પીડાકારક છે. ગાંધીજી લંડનમાં ૧૯૧૪માં માંદા પડ્યા ત્યારે ડૉ. જીવરાજ મહેતાનો આગ્રહ છતાં ગાંધીજી દૂધ લેતા નથી. વર્ષ ૧૯૧૭ સખત મરડાનો ભોગ બન્યા. શરીર હાડપિંજર થઈ ગયું તે વખતે બકરીનું દૂધ લીધું. કારણ કે ગાય-ભેંસનું દૂધ ન લેવાની પ્રતિજ્ઞા તેમણે લીધી હતી.

ગાંધીજીએ લખ્યું છે - દૂધ અને દૂધમાંથી નીપજતા પદાર્થો - માખણ, દહીં વગેરે વિના મનુષ્ય શરીરનો નિભાવ સંપૂર્ણ રીતે નથી થઈ શકતો - મારા વિચારોમાં આ મહત્ત્વનો ફેરફાર થયો છે.

ગાંધીજીએ વણરાંધેલાં / કાચાં ધાનના પ્રયોગો પણ અડધા-પડધા કર્યા છે. કુદરતી ઉપચાર કે નિસર્ગોપચાર મૂળે પશ્ચિમની ઉપચાર પદ્ધતિ છે. મુખ્યત્વે જર્મની અને યુરોપના અન્ય દેશોમાં સોળમી-સત્તરમી સદીમાં તેનો પ્રાદુર્ભાવ થયો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં આ પદ્ધતિનો અભ્યાસ કર્યો. તેનાથી પોતાને તથા સાથીઓને લાભ થયો.

માનવજાત ઈર્ષા, દ્વેષ, અદેખાઈ, દુરાચારના રસ્તે વળી. કુદરતના અવાજને ગણકારવાનું છોડી દીધું. જો માણસ ફરીથી કુદરતમય જીવન જીવે તો રોગોમાંથી સાજો થઈ સુખી થઈ શકે.

ગાંધીજીએ Return to Nature પુસ્તક વાંચીને માટીના પ્રયોગો આદર્યા હતા. ગાંધીજી ઉપચાર સાથે મન પરના કાબૂની વાત કરતા. તેઓ ભારતની પ્રાચીન આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ અને યુનાનની પદ્ધતિનો સ્વીકાર કરતા હતા. બધી ચિકિત્સા પદ્ધતિના નિષ્ણાતો સાથે મળીને કામ કરે તેમ ગાંધીજી માનતા હતા.

○ ઉપવાસની આવશ્યકતા -

ગાંધીજી કઠણ રોગો માટે ઉપવાસને રામબાણ ઇલાજ માનતા હતા. ઉપવાસ દરમ્યાન પી શકાય તેટલું પાણી પીવું. કુદરતના સંસર્ગમાં રહેવું. કબજિયાત, તાવ, અજીર્ણ, માથું દુખે, વા થયો હોય, મન વ્યગ્ર હોય વગેરેમાં ઉપવાસ કરો.

ગાંધીજી રોજ દસ-પંદર માઈલ ચાલતા હતા. શરીરને પોણો કલાક માલિસ કરાવતા હતા. ખુલ્લા આકાશ તળે સૂતા હતા.

પુસ્તકના અંતમાં સૂચિ પર નજર નાંખતાં ખ્યાલ આવે છે કે વિપુલભાઈએ થોકબંધ પુસ્તકોનો અભ્યાસ કરીને આ પુસ્તક તૈયાર કર્યું છે. પૂરક લેખ અને સંપાદન કેતનભાઈ રૂપેરાએ કર્યું છે. Mind of Mahatma Gandhi ને સમજવા પુસ્તક ઉપયોગી છે. ધન્યવાદ.

■ **પર્યાવરણ સંત્રી ટ્રસ્ટ,** ૩૩-નિહારિકા બંગ્લોઝ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. મો.: ૯૪૯૯૫૫૪૦૨૮




○ કેડી કંડારનારા - યાત્રી બક્ષી, પૃષ્ઠ-૧૬૮, કિં.રૂ. ૨૫૦.+પોસ્ટલ ચાર્જ.

'કાવ્યમાં કુદરત' કાવ્યસંગ્રહ પછી યાત્રીબહેન આ વર્ષે ૨૦૨૬માં 'કેડી કંડારનારા' બીજું પુસ્તક પ્રગટ કરે છે. આ અનોખા પુસ્તકમાં એવી એવી વ્યક્તિઓના કાર્ય અને યોગદાનની વાત મૂકવામાં આવી છે જેમણે પ્રકૃતિને બચાવવામાં મદદ કરી છે. તેમણે નિષ્ઠાપૂર્વક સમર્પિત જીવન જીવીને સંશોધન કામ કર્યું છે. પર્યાવરણીય વિનાશ બચાવવામાં મદદ કરી છે. વિશ્વના પ્રથમ દરિયાઈ જીવવિજ્ઞાની તરીકે એરિસ્ટોટલથી લઈને આધુનિક યુગના ચિપકો ચળવળ સુધીનો તેમાં સમાવેશ છે. ૧૭મીથી ૧૯મી સદીમાં વૈજ્ઞાનિક શોધ, ઔદ્યોગિક પ્રદૂષણની પ્રતિક્રિયા અને ઉદારવાદી દાર્શનિક આદર્શો દ્વારા સંચાલિત આધુનિક સંરક્ષણ આંદોલને આકાર લેવાનું શરૂ કર્યું.

શું મૂળભૂત વિચાર વિના ક્યારેય 'વિજ્ઞાન' સંભવ છે અને શું વિજ્ઞાન વિના વિકાસ શક્ય છે ? આવા મનોમંથનમાંથી દુનિયામાં કુદરતની કેડી કંડારનારી વ્યક્તિઓ વિશે માહિતી એકઠી કરવાની પ્રેરણા યાત્રીબહેનને થઈ.

પુસ્તકની શરૂઆત ભારતીય પરંપરામાં પ્રકૃતિ વિજ્ઞાનની રજૂઆતથી




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કરી છે. ત્યારબાદ એરિસ્ટોટલ (૩૮૪-૩૨૨ બી.સી.), સમ્રાટ અશોક, રાણી હેતશેપ્સુલ (ઇજિપ્ત), ગુરુ જમ્ભેશ્વર, અમર અમૃતા (રાજસ્થાન) વૅન રીડ (એમ્ટર ડેમ), મારિયા સિબિલા મેરિયન – જર્મની (૧૬૪૭-૧૭૧૭), કાર્લ લિનિયસ – સ્વીડન (૧૭૦૭-૧૭૭૮), જેન કોલ્ડન (૧૭૨૪-૧૭૬૬) અમેરિકા, કેપ્ટન જેમ્સ કૂક (૧૭૨૮-૧૭૭૯) ઇંગ્લેન્ડ, જેમ બારે (૧૭૪૦-૧૮૦૭) ફ્રાન્સ, ફ્રાન્સિસ બુકાનન (૧૭૬૨-૧૮૨૯) સ્કોટિશ સર્જન, એલેક્ઝાન્ડર હમ્બોલ્ટ (૧૭૬૯-૧૮૫૯) જર્મની, જોહાન બેપ્ટિસ્ટ વોન સ્પિક્સ (૧૭૮૧-૧૮૨૬) જર્મની, એલેન હચીન્સ (૧૭૮૫-૧૮૧૫) આયલેન્ડ, મેરી એનિંગ (૧૭૯૯-૧૮૪૭) ઇંગ્લેન્ડ, જ્યોર્જ પાર્કિન્સ માર્શ (૧૮૦૧-૧૮૮૨), મેન એન્ડ નેચર પુસ્તકના લેખક – જ્યોર્જીઆ Wood Stock જન્મ, રાલ્ફ વાલ્ડો એમર્સન (૧૮૦૩-૧૮૮૨) અમેરિકા, નેચર નિબંધના લેખક, અને પુસ્તકના અંતિમ ભાગમાં ચાર્લ્સ ડાર્વિન (૧૮૦૯-૧૮૮૨) ઇંગ્લેન્ડના કામનો સુંદર પરિચય આપ્યો છે. ડાર્વિન ઓરિજિન ઓફ સ્પીસીસના લેખક છે.

ભૂમિપુત્રના વર્ષ ૭૧ અને ૭૨માં યાત્રીબહેનના ૧૭ જેટલા લેખો – 'કેડી કંડારનારા' આપણે પ્રકાશિત કર્યા હતા. યાત્રીબહેને પુસ્તકમાં નવા સ્વરૂપે લેખો લખીને છાપ્યા છે. ગુજરાતી ભાષામાં આવું એક જુદા પ્રકારના વિષયને લઈ પુસ્તક તૈયાર કરવાનું કપરું કામ યાત્રીબહેને આનંદપૂર્વક કર્યું છે. યુનિવર્સિટીના શિક્ષકો-વિદ્યાર્થીઓ, પર્યાવરણ – અધ્યાત્મ – વિકાસ અને તેના પ્રશ્નો જેવાં ક્ષેત્રે રસ ધરાવતા માટે આ એક ઉપયોગી પુસ્તક છે. પર્યાવરણ અંગેની ટીમને અભિનંદન.

■ **ગૂર્જર સાહિત્ય ભવન,** રતનપોળની સામે, ગાંધીરોડ, અમદાવાદ-૧. ફોન : ૯૨૨૭૦૫૫૭૭૭




○ વહાલો મારો દેશ, વહાલાં એનાં માનવી – ઇન્દુકુમાર જાની, સંપાદક – ડંકેશ ઓઝા, પૃષ્ઠ-૩૦૬, કિંમત રૂ. ૩૯૦.

ભૂમિપુત્રના વાચકો માટે ઇન્દુકુમાર જાની અજાણ્યું નામ નથી. તેઓ 'નયા માર્ગ'ના તંત્રી હતા. ડંકેશભાઈએ, નયામાર્ગને સમાનતા, ભૂમિપુત્રને બંધુતા અને નિરીક્ષકને સ્વતંત્રતાના વાહક સામયિકો ગણાવ્યાં હતાં. આ ત્રણે ભારતનાં મહત્ત્વનાં મૂલ્યો રહ્યાં છે. ઇન્દુભાઈએ વર્ષ ૧૯૯૨થી ૨૦૦૨નાં વર્ષો દરમિયાન રચના અને સંઘર્ષ સંદર્ભે વ્યક્તિઓ અને સંસ્થાઓ વિશે સુંદર લેખો લખ્યા છે. આ લેખોનો સમાવેશ આ પુસ્તક, 'વહાલો મારો દેશ વહાલાં એના માનવી'માં કરવામાં આવ્યો છે. કુલ ૫૬ જેટલી વ્યક્તિઓ વિષે લખ્યું છે. પણ ૫૭મો લેખ ઝીણાભાઈ દરજી વિષેનો લેખ પ્રથમ ક્રમમાં છે.

ઝીણાભાઈના તે માનસપુત્ર હતા. ઝીણાભાઈ થકી તેઓ સામાજિક કામમાં જોડાયા હતા. ઝીણાભાઈ રચના અને સંઘર્ષની દુનિયામાં ઇન્દુભાઈને લાવનારા પ્રેરકબળ હતા. જીવનચરિત્રોમાંની કેટલીક વ્યક્તિઓ રાષ્ટ્રીય સ્તરની, કેટલીક રાજ્ય-સ્તરની છે. સમાજસેવાના ક્ષેત્રે કામ કરનારા કર્મશીલો માટે જીવન-ઘડતર અર્થે પુસ્તક ખૂબ ઉપયોગી છે.

ઇન્દુભાઈના લેખોમાં માહિતીનું ઊંડાણ દેખાય છે. વિષય-વ્યક્તિને ન્યાય આપવા માટે પૂરા અભ્યાસ સાથે લેખો લખેલા છે. પોતે સામાજિક કામ સાથે સંકળાયેલા હોવાથી કઈ વિગતો પર ભાર આપવો તેની પાકી સમજ છે. ઇન્દુભાઈ સંબંધોના માણસ હોવાથી દરેક ક્ષેત્રની વ્યક્તિઓ સાથે તેમનો ઘરોબો રહ્યો હતો. વિવિધ વિચારસરણીવાળા મિત્રો સાથે સંબંધો જાળવતા હતા અને તેમનાં સારાં કામોની કદર કરતા અને બિરદાવતા પણ હતા.

દલિતોના પ્રશ્ને કામ કરનારને થતું ઇન્દુભાઈ આપણી વાત સમજશે – આપણા પડખે ઊભા રહેશે. સામ્યવાદી-સમાજવાદી સૌને પોતિકા લાગતા. ઇન્દુભાઈ નમ્ર હતા છતાં જ્યાં કડકાઈથી કહેવાનું હોય કે લખવાનું હોય તો લખતા પણ હતા. કોંગ્રેસના મિત્રો સાથે ઘરોબો ધરાવે પણ, જ્યાં કડવી વાત કહેવાની હોય ત્યાં કહેતા પણ ખરા. તેઓ રાષ્ટ્રીય પ્રવાહો – રાષ્ટ્રના ઇતિહાસના અભ્યાસી હતા. તેથી નયામાર્ગના લેખોમાં વ્યાપકતા દેખાતી હતી. જવાહરલાલ નહેરુ અંગેના લેખમાં તેમની કલમનો કસબ દેખાય છે. તેઓ મુક્ત ચિંતકો કર્મશીલોની પણ કદર કરતા હતા. ડૉ. અનિલ પટેલનાં કામો અને વિચારોની નોંધ લે છે. ઝીણાભાઈના સંપર્કના કારણે દક્ષિણ ગુજરાતના કાર્યકરો ભીખુભાઈ વ્યાસ, બાબુભાઈ શાહ, નારણભાઈ રાઠોડ, મીનુભાઈ કકલીઆ, જુગતરામભાઈ દવે અંગે લખ્યું છે. જળ, જંગલ, જમીન, પર્યાવરણ ક્ષેત્રે કામ કરનારા ડૉ. મણિભાઈ દેસાઈ, પ્રેમજીભાઈ પટેલ, વિઠ્ઠભાઈ, ડૉ. કુરિયન, અનિલ અગ્રવાલ વિષે લખ્યું છે. નયામાર્ગમાં ક્યારેક સર્વોદય દર્શન અંગે સુંદર લેખો આવતા. ઇન્દુભાઈ શિક્ષણ જગતના પ્રશ્નો પણ ઉજાગર કરતા હતા. વિનોબાજીના સમગ્ર જીવનને ૧૨-૧૩ પાનાંમાં સમાવ્યું છે. સાથેસાથે દાદા ધર્માધિકારી, ઠક્કરબાપા, મામાસાહેબ ફડકે, રવિશંકર મહારાજ, મોતીભાઈ ચૌધરી જેવા સર્વોદયની દિશામાં કામ કરનારાઓના જીવન અને કાર્ય અંગે લખ્યું છે. સમાજ સેવાના ક્ષેત્રે કામ કરનારી વિવિધ વ્યક્તિઓના જીવન અંગેના લેખોથી પુસ્તકને સજાવ્યું છે. આ માટે 'નયામાર્ગ'ના ટ્રસ્ટીઓનો અને સંપાદક ડંકેશભાઈનો આભાર માનીએ. ભવિષ્યમાં નયામાર્ગના વિશાળ ખજાનામાંથી અમૂલ્ય રત્નો પણ સમાજના ચરણે ધરશે તેવી આશા રાખીએ અને આતુરતાપૂર્વક રાહ જોઈએ.

■ **સંવેદના ટ્રસ્ટ,** ધોળી ભાંખરી, મુ.વિરમપુર, તા. અમીરગઢ, જિ. બનાસકાંઠા, ગુજરાત. સંપર્ક ૦૭૯-૨૭૬૪૧૮૯૧ (મણિલાલ એમ. પટેલ)




○ નિષ્કામ કર્મયોગી – શંકરભાઈ લ. પટેલ, લેખન સંપાદન : મણિલાલ એમ. પટેલ. પૃષ્ઠ ૧૧૨, કિંમત અમૂલ્ય.

એક વખતના 'ગ્રામ ગર્જના'ના તંત્રી-સંપાદક શ્રી મણિભાઈએ કાંઈ કમાણી કરવા આ પુસ્તક લખ્યું નથી, પરંતુ હસમુખભાઈ પટેલના આગ્રહને માન આપીને તૈયાર કર્યું છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

લેખકને શંકરભાઈની સાદગી, માનવસેવા, આત્મનિરીક્ષણ જેવા ગુણો માટે માન છે. ૮૭ વર્ષે સેવાયજ્ઞ કરી રહ્યા છે. કલોલ તાલુકાના પલિયડ ગામે ૧૬-૪-૧૯૩૯ના રોજ તેમનો જન્મ થયો. બી.ઈ. મિકેનિકલ એન્જિનિયર થયા પછી કાપડની મિલમાં કામ કર્યું. પોતાનું કારખાનું ચાલુ કર્યું. આર્થિક સ્થિતિ સુધરી. ૧૯૮૬માં અમેરિકા જઈ થોડી કમાણી કરી.

પાછા આવીને સદ્‌વિચાર પરિવારમાં કાર્યરત થયા. મોરબી રેલ રાહતનાં કામ કર્યાં. પોતાના ગામમાં હૉસ્પિટલ સ્થાપી. વર્ષ ૨૦૨૧માં જીવન સંગિની કસ્તુરબાના અવસાન પછી પોતાની હૉસ્પિટલમાં જ રહે છે. શંકરભાઈએ ઘણી બધી સંસ્થાઓમાં કામ કર્યું છે.

એક બાજુ વિશ્વ હિંદુ પરિષદ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, સેવાભારતીને આર્થિક સહયોગ આપે છે તો બીજી બાજુ ઘણી બધી હૉસ્પિટલોને પણ મદદ કરે છે. ડૉ. જીતુભાઈ પટેલના કરુણા ટ્રસ્ટને પણ તેમની સેવાનો લાભ મળ્યો છે. પોતાના વસિયતનામામાં દેહદાન કરવાની ઇચ્છાની જાણકારી આપી છે. પાછળ શોક પાળવાની જરૂર નથી તેમ નોંધ્યું છે. રવિશંકર દાદાના 'ઘસાઈને ઊજળા થઈએ' મંત્રને તેમણે અક્ષરશઃ જીવનમાં ઉતાર્યો છે.

- **Joy Enterprise -** G5 Shakti Square, Opp. Management Enclave, Nehrupark Road, Ahmedabad-15.




○ વિદ્યાર્થી, યુવાનો અને જિજ્ઞાસુઓ માટે ગીતાનાં શાશ્વત સૂત્રો - હરેશ ધોળકિયા. પૃષ્ઠ-૧૬૦, કિં.રૂ. ૨૫૦.

વિદ્યાર્થીઓ ભગવદ્‌ગીતાનો પરિચય મેળવે તે માટે સરકારે નવી શિક્ષણ-નીતિમાં વ્યવસ્થા કરી છે. આમ કરવું કે નહીં તે ચર્ચાનો વિષય છે. વિદ્યાર્થીઓ અન્ય ધર્મનાં પુસ્તકોનો પણ પરિચય મેળવે તે જરૂરી છે.

શ્રી હરેશભાઈએ ગીતામાંથી ૭૦ જેટલાં સૂત્રો પસંદ કરી તેને હળવી ભાષામાં સમજાવવા આ પુસ્તકમાં પ્રયત્ન કર્યો છે. લેખકે વિનોબાજીના 'ગીતા પ્રવચનો'નો અભ્યાસ કર્યો છે. લેખકનો સંપર્ક નં. ૯૮૨૫૩-૯૨૦૪૬ છે.

લેખક લખે છે : રામાયણ-મહાભારત ભારતીય સંસ્કૃતિનાં પાયાનાં મૂલ્યોને સમજાવે છે. તેમાં મહાભારતની ગીતાના સાતસો શ્લોકમાં ભારતીય તત્ત્વજ્ઞાનનો સાર છે. ગીતાને અઢાર અધ્યાયમાં વહેંચી છે. ગીતા અદ્‌ભુત ગ્રંથ છે.

પુસ્તક સરળ શૈલીમાં લખાયું છે. માત્ર વિદ્યાર્થી માટે જ નહીં, મોટી ઉંમરના અભ્યાસુઓ માટે પણ આ એક ઉપયોગી પુસ્તક છે. ૭૨ જેટલા શ્લોકોમાંના મહત્ત્વના શબ્દો શોધીને તેને ૨-૩ પાનાંમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

समत्वं योग उच्चयते

સમતા એ જ યોગ છે. સુખ કે દુઃખ, શુભ કે અશુભ, સારી કે ખરાબ સ્થિતિમાં મનને સ્વસ્થ રાખવું જોઈએ.

લેખકે જરૂરી નાનાં નાનાં ઉદાહરણો આપીને સૂત્રને સમજવાનું સરળ બનાવ્યું છે.

સારા ખોટા પ્રસંગે ગીતાનો ગૂટકો વહેંચવાના સ્થાને ભવિષ્યમાં આ પુસ્તક વહેંચવામાં આવશે અને વંચાશે તેવું પ્રથમ નજરે લાગે છે. વિદ્યાર્થીઓને રાહત દરે પુસ્તક ઉપલબ્ધ કરાવવું જોઈએ.

આભાર હરેશભાઈ...

---

## ઇન્દિરા-સુરેશનો.....

(પાન ૬નું ચાલુ)

પસંદ હતી. પરંતુ કોઈકે એમ વાત ફેલાવી કે રક્તપિત્ત ચેપી છે અને તેથી જમીન મેળવવાનું કાર્ય પૂર્ણ ન થયું.

આ સમય દરમ્યાન રાજેન્દ્રનગર પાસે આવેલ ૩૦ એકર જમીન શ્રી રામુભાઈ પટેલે દાનમાં આપતાં ત્યાં સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટની શરૂઆત થઈ. તા. ૧૪/૦૯/૧૯૮૮ના ગણેશચતુર્થીના પાવન પર્વે ૨૦ રક્તપિત્તગ્રસ્ત અને ૬ વિદ્યાર્થીઓથી કાર્યની શરૂઆત થઈ, જે આજે વટવૃક્ષમાં વિસ્તરી ગયું છે, જેમાં રક્તપિત્તગ્રસ્તો, તેમનાં કુટુંબીજનો અને બાળકો, મંદબુદ્ધિવાળા તથા અન્ય પ્રકારના માનસિક અને શારીરિક તકલીફવાળા છે. ત્યાં શાળા છે અને કુમાર-કન્યા છાત્રાલય પણ છે. અમારે ત્યાં ૧૦૦૦થી વધારે વસાહતીઓ રહે છે. તેમના રહેવાની તમામ જવાબદારી ટ્રસ્ટ નિભાવે છે. ત્યાં રહેતા લોકોને બે સમય જમવાનું અને નાસ્તો આપવામાં આવે છે. બાળકોને શિક્ષણ આપવાની કામગીરી પણ ટ્રસ્ટ કરે છે. આરોગ્ય-વિષયક સગવડો પણ પૂરી પાડવામાં આવે છે. આ વ્યવસ્થાતંત્રને નિભાવવાની કામગીરી અત્યંત કપરી છે. પરંતુ સૌ પ્રેમપૂર્વક નિઃસ્વાર્થ-ભાવે સેવા કરી સમાજમાં અલગ ચીલો ચાતરી રહ્યા છે. (સુરેશભાઈ સોનીનું ૨૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ અવસાન થયું છે.)

અત્યારે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીની જવાબદારી શ્રી દીપકભાઈ સોની તથા અન્ય ટ્રસ્ટીઓ શ્રીમતી ઇન્દિરાબહેન, શ્રી સુભાષભાઈ, શ્રી સંજયભાઈ, શ્રી રમેશભાઈ અને ડૉ. પારુલબહેન નિભાવી રહ્યાં છે. આ સેવાકીય કાર્યમાં સમાજ જેટલો ફાળો આપે તેટલો આવકારદાયક છે. સામાન્ય લોકો આર્થિક દાન, સમયદાન કે અન્ય રીતે સેવાકીય મદદ જરૂરથી કરી શકે છે. સહયોગ ટ્રસ્ટ, રાજેન્દ્રનગર ચોકડી, જિ. સાબરકાંઠા - ૩૮૩૨૭૬. સંપર્ક : મો./ફોન.: ૯૪૨૬૯૨૪૧૯૦૦ અથવા ૭૪૩૫૦૮૯૯૦૦ ઉપર કરી શકાય છે.

એમિટી સ્કૂલ, દહેજ બાય-પાસ, ભરૂચ, ભરૂચ. મો.: ૯૯૭૯૮૬૧૬૩૧.

સાભાર-નવચેતન **- રણછોડ શાહ**


**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બૅંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧**

**IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.




YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 16-07-2026 R.N.I. No. 1683/57

# સ્ટેપલર

**સાં**જના પાંચ વાગ્યા ને કમલાએ રસોડામાંથી ટહુકો કર્યો,

'ચા મૂકી છે હં! પાછા ક્યાંય આઘા-પાછા ન થઈ જતા!'

આ હતી બે દિવસ પહેલાંની વાત. પોતે કહ્યું હતું,

'હા ભઈ હા, ક્યાંય નથી જવાનો,' પણ હજી એમનું વાક્ય પૂરું થાય એ પહેલાં કમલાની ચીસ સંભળાઈ.

'જલદી આવો, મને કંઈ થાય છે.' એ દોડીને પહોંચ્યા ત્યારે તો કમલા નિર્જીવ થઈને ભોંય પર પડી હતી. એમણે ક્યારે ડોક્ટરને ફોન કર્યો, ક્યારે ડોક્ટરે બ્રેઈન હેમરેજથી કમલાનું મૃત્યુ થયાનું કહ્યું, ક્યારે લોકો ભેગા થતા ગયા. કોણે મોહિતને ફોન કરીને ખબર આપ્યા, ઘનશ્યામદાસને કંઈ ખબર નથી. એમના મનમાં તો એક જ રટણ ચાલતું હતું, 'મને આઘા-પાછા થવાની ના પાડીને એ કેમ ચાલી ગઈ?' ઘડી પહેલાં હસતું-બોલતું માણસ બીજી પળે 'ડેડ બોડી' થઈ જાય એવું તે કંઈ હોય?

બધું એટલું ઝડપથી બની ગયું કે ઘનશ્યામદાસનું મન સ્વીકારી જ નહોતું શકતું કે, પોતાની જીવાદોરી તૂટી ગઈ છે. માળાનો દોરો ખેંચીએ ને મોતી ચોમેર વિખરાઈ જાય એમ એ વેર-વિખેર થઈ ગયા હતા. મોહિતે જોયું કે, એમને મળવા આવેલી નજીકની વ્યક્તિને ઓળખવામાં પણ પપ્પાને મુશ્કેલી પડતી હતી. ગરમાગરમ ચા પીવાના શોખીન પપ્પાને બાજુમાં પડેલી ચા ઠરીને ઠીકરું થાય તોય પીવાનું યાદ નહોતું આવતું. આવી હાલતમાં એમને એકલા તો ન જ મૂકી દેવાય. એનાં બંને બાળકોની વાર્ષિક પરીક્ષા ચાલતી હોવાથી ઊર્જા નહોતી આવી શકી પણ એણે ફોન પર વારંવાર પપ્પાને સાથે લઈને આવવાની તાકીદ કરી હતી.

'પપ્પા, તમારે હવે અહીં નથી રહેવાનું. મારી સાથે જ આવવાનું છે.'

'બેટા, આ ઘરના ખૂણે ખૂણામાં તારી માની યાદ સચવાયેલી છે. એને છોડીને હું કેવી રીતે આવું? સાચું કહું તો એ દુનિયા આખી સાથે મને જોડીને રાખનાર સેતુ હતી.'

'મા રોજ મારા સપનામાં આવે છે ને કહે છે કે, તારા પપ્પાને નોકરોને ભરોસે મૂકીને ન જઈશ. એમને તારી સાથે લઈ જજે. હવે કહો, હું તમારું માનું કે મમ્મીનું?'

ઘનશ્યામદાસ વિચારમાં પડ્યા. કમલા હોત તો આ સાંભળીને એને તો હસવું આવત, તમે ને એકલા? મારી વગર એક દિવસ પણ આ ઘરમાં રહી ન શકો. તમને આદત જ નથી.

મોહિતે કહ્યું, 'હવે આ ખાલી ઘરમાં તમને મમ્મી નહીં મળે. પપ્પા, તમે જોજો, અમારા બધાંની વચ્ચે જ એ તમને મળશે. ત્યાં તમે એની હાજરી અનુભવી શકશો.'

દીકરાનું માનીને ઘનશ્યામદાસજી આવ્યા તો ખરા પણ એમને ગોઠતું નહોતું. અહીંની સાવ જુદી દિનચર્યા હતી, દરેકના પોતપોતાનાં કામ હતાં. એક પોતે જ સાવ નવરા હતા. આખો દિવસ શું કરવું ને કેમ કરવું, કંઈ સમજાતું નહોતું. ન તો તેઓ સબરસ બની શકતા હતા કે ન તો સાકર બનીને ભળી શકતા હતા. ઊર્જા નોકરી કરતી, બાળકોને સંભાળતી, ઘરનાં કામકાજ પતાવતી. એને પોતાના તરફથી કોઈ ખલેલ ન પડે એમ સમજીને એ એવા તો સંકોચાઈને રહેતા, જાણે અંગોપાંગ સંકોરીને બેઠેલો કાચબો જોઈ લો.

તાન્યા અને અંશુલ એટલાં વ્યસ્ત રહેતાં કે, બંને પાસે સમય જ નહોતો. ઊર્જા સવારે ઊઠે ત્યારથી ભાગતી જ હોય. મોહિતને ઑફિસના કામે બહારગામ જવાનું ઘણું રહેતું. કોઈ સાથે કંઈ વાત કરતા પહેલાં ઘનશ્યામદાસજી કેટલીય વાર વિચારતા. એવામાં એક દિવસ સવારે હજી તો સાત વાગ્યા હતા ત્યાં ઊર્જા ટ્રેમાં ચા લઈને આવી.

'પપ્પા, તમે આવ્યા ત્યારથી મારે ઑફિસમાં ખૂબ કામ રહેતું હતું એટલે તમને સમય ન આપી શકી સોરી, પણ હવે બે દિવસની રજા લીધી છે.'

'સારું કર્યું બેટા.'

'પપ્પા, ચા પીને તૈયાર થઈ જાવ. તમને નીચે ગાર્ડનમાં લઈ જાઉં.'

ચા પીવામાં ઊર્જાનો સાથ મળ્યો એ બહુ સારું લાગ્યું. કમલાના ગયા પછી પહેલી વાર આજે ચા-નાસ્તામાં કોઈનો સંગાથ મળ્યો. ટી શર્ટ, પેંટ અને શૂઝ પહેરીને તૈયાર થયા ત્યારે એમને જોઈને ઊર્જાએ કહ્યું,

'આ ઉંમરે પણ હીરો લાગો છો હં પપ્પા, ગાર્ડનમાં બધાં તમને જોતાં જ રહી જશે.' એ હસી પડ્યા. કમલાની બધી વાત માનવી ગમતી એમ આજે એમને ઊર્જાનું કહેલું કરવામાં આનંદ આવતો હતો.

ગાર્ડનમાં કેટલાય લોકો ઊર્જાને ઓળખતા હતા. લગભગ એમની વયના સ્ત્રી-પુરુષો ગપ્પાં મારી રહ્યાં હતાં ત્યાં એમને લઈ જઈ ઊર્જાએ કહ્યું,

'આજથી એક નવા દોસ્તને તમારી મંડળીમાં સામેલ કરવાના છે. આ અમારા પાપાજી છે અને હવે અહીં જ રહેવાના છે.'

સૌએ ઉત્સાહથી તાળીઓ પાડી એમનું સ્વાગત કર્યું. આજની સવાર ઘનશ્યામદાસજીને બહુ સુંદર લાગી. બીજે દિવસે તૈયાર થઈને ગાર્ડનમાં જવા નીકળ્યા ત્યારે બારણામાં મૂકેલી દૂધની થેલી લઈને એ રસોડાના પ્લેટફોર્મ પર મૂકી આવ્યા. બાળકોનો સ્કૂલેથી આવવાનો સમય થયો ત્યારે સોસાયટીના ગેટ પાસે જઈને બસની રાહ જોવા લાગ્યા. બસમાંથી ઊતરતાંની સાથે દાદાજીને જોઈ બેઉના ચહેરા પર રોનક આવી ગઈ. પછી તો રોજ દાદાજીને શાળામાં શું શું બન્યું એ કહેવાનો એમનો ક્રમ થઈ ગયો.

એક દિવસ કામવાળી વહેલી ચાલી ગઈ હતી. સાંજે ચા પીવાની તલપ લાગી ત્યારે થયું કે, કમલાએ કદી એમને રસોડામાં ઘૂસવા નથી દીધા. હવે ગેસ પેટાવતાં પણ આવડશે કે કેમ? પણ હિંમત કરીને એમણે ત્રણ કપ ચાનું પાણી મૂક્યું. લીલી ચા, ફૂદીનો ફ્રીજમાંથી તરત મળી ગયાં એટલે એ પણ ઠપકાર્યાં. ચા બનાવવાનો કાર્યક્રમ પત્યો ત્યાં ઊર્જા અને મોહિત પણ આવી ગયાં. ચાનો ઘૂંટડો ભરતાં મોહિતે કહ્યું, 'વાહ પપ્પા, અસ્સલ મમ્મી જેવી જ ચા બનાવી છે. મજા આવી ગઈ.'

'પપ્પાજી, આજથી સાંજની ચા બનાવવામાંથી હું સ્વૈચ્છિક નિવૃત્તિ લઉં છું. ઑફિસેથી આવું ત્યારે મને ધુમાડા નીકળતી ચા પીવડાવવાનું કામ હવેથી તમારું.'

ઊર્જા સામે ભીની આંખે જોઈ રહેલા ઘનશ્યામદાસજી વિચારી રહ્યા,

મારી પાસે આજે ભલે પૂલ જેવી કમલા નથી પણ સ્ટેપલર જેવી ઊર્જા તો છે. સ્વરૂપ ભલે અલગ હોય, પણ બેઉનું કામ તો જોડી રાખવાનું જ છે ને!

(સરિતા કુમારીની હિંદી વાર્તાને આધારે) **આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org